# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

01 FEBRUARY, 2026 SUNDAY




પેજ 2



બોડેલી શિવાજીનગર વિસ્તારમાં ગટર ઉભરાવથી સ્થાનિકો હેરાન, ભારે રોષ

પેજ 3




હાઈકોર્ટમાં સરકારી નોકરી અપાવવાના બહાને ઠગે 12 લાખ ખંખેર્યા

પેજ 7



કોંગ્રેસ-આપ રેલી અને સભાઓમાં વ્યસ્ત રહ્યા ત્યાં ભાજપે ખેલ પાડી દીધો

પેજ 5




ત્રણ શખ્સોએ લાકડાની ચોરી કરતા અટકાવવા ગયેલા પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 312 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### એપ્સટિન ફાઈલ્સમાં ભારતીય ફિલ્મ-ડિરેક્ટર મીરા નાયરનું નામ

# બિલ ગેટ્સને રશિયન છોકરીઓ દ્વારા જાતીય રોગ થયો હોવાનો દાવો

## જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અનુસાર, એપ્સ્ટિને 18 જુલાઈ 2013ના રોજ સવારે 11:49 વાગ્યે પોતાને એક લાંબો ઈમેલ લખ્યો હતો

• વોશિંગ્ટન ડીસી

યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે શુક્રવારે મોડીરાત્રે એપ્સટિન સેક્સ સ્કેન્ડલ સંબંધિત નવી ફાઈલો જાહેર કરી, જેમાં જેફરી એપ્સટિનના કેટલાક ઈમેલનો ખુલાસો થયો. અમેરિકન મીડિયા ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, જાણીતા ભારતીય ફિલ્મ-દિગ્દર્શક મીરા નાયરનું નામ પણ ફાઈલોમાં સામે આવ્યું છે.

મીરા નાયર સંબંધિત ઈમેલ 21 ઓક્ટોબર, 2009ના રોજ અમેરિકન ફિલ્મ પબ્લિસિસ્ટ પેગી સીગલે એપ્સટિનને મોકલ્યો હતો. એમાં પેગી સિગલે લખ્યું છે કે તે ગિસ્લિન મેક્સવેલ (એપ્સટિનની ગર્લફ્રેન્ડ અને દોષિત ગુનેગાર)ના મેનહટન ટાઉનહાઉસમાં પાર્ટી પછી હમણાં જ પાછી આવી હતી. મીરા નાયર ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીની માતા છે.

મેક્સવેલના ઘરે યોજાયેલી પાર્ટી મીરા નાયરની 2009ની ફિલ્મ 'અમેલિયા' સાથે જોડાયેલી હતી, જેમાં હિલેરી સ્વેન્કે એવિએટર એમેલિયા ઈયરહાર્ટ અને રિચાર્ડ ગેરે તેના પતિ જ્યોર્જ પુટનમ તરીકે અભિનય કર્યો હતો.

ઈમેલમાં, સીગલે કહ્યું કે પાર્ટીમાં ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ અને મીરા નાયર સહિત ઘણી અગ્રણી હસ્તીઓ હાજર હતી. આ ઈમેલ શુક્રવારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બહાર પાડવામાં આવેલી નવી ફાઈલોનો એક ભાગ છે.

આ ફાઈલો 2012 અને 2013 દરમિયાન ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને એપ્સટિન વચ્ચેના ઈમેલ એક્સચેન્જનો ખુલાસો કરે છે. એપ્સટિને મસ્કને ઘણી વખત તેમના પ્રાઈવેટ આઈલેન્ડ પર આમંત્રણ આપ્યું હતું.

આ ઈમેઈલ દર્શાવે છે કે એપ્સટિનને મસ્ક સાથે પ્રવાસની તારીખો, હેલિકોપ્ટરની વ્યવસ્થા અને ત્યાં યોજાનારી પાર્ટીઓ અંગે ચર્ચા કરી હતી. એપ્સટિને 2012માં ક્રિસમસ માટે મસ્કને ટાપુ પર આમંત્રણ આપ્યું હતું.



જોકે, મસ્કે ના પાડી દીધી.

થોડા અઠવાડિયા પછી, નવેમ્બર 2012માં, એપ્સટિને મસ્કને પૂછ્યું કે ટાપુ પર હેલિકોપ્ટર દ્વારા કેટલા લોકો આવશે. મસ્કે કહ્યું, 'કદાચ ફક્ત તલુલા (તેમની તત્કાલીન પત્ની તલુલા રીલે) અને હું.' પછી તેમણે પૂછ્યું, 'તમારા ટાપુ પર કયા દિવસે સૌથી જંગલી પાર્ટી હશે?' 2013માં એક ઈમેઈલ ચેઈનમાં, મસ્કે ટાપુ પર આવવાની વાત પણ કરી હતી. એપ્સટિને 1 થી 8 જાન્યુઆરી વચ્ચે કોઈપણ દિવસે આવવાનું કહ્યું હતું. વધુ ચર્ચા પછી, મસ્કે 25 ડિસેમ્બર, 2013ના રોજ કહ્યું કે તેઓ 3 જાન્યુઆરી સુધીમાં પાછા આવી શકે છે અને 2 જાન્યુઆરીએ ટાપુ જવા રવાના થઈ શકે છે.જોકે, આ દસ્તાવેજોમાં ક્યાંય પણ એવી કોઈ પુષ્ટિ નથી કે મસ્ક ક્યારેય ટાપુની મુલાકાતે આવ્યા હતા. મસ્કે અગાઉ આ વાતનો ઈનકાર કર્યો છે. ગયા વર્ષે, જ્યારે તેમનું નામ એપ્સટિન ફાઈલોમાં આવ્યું, તો તેમણે X પર લખ્યું કે 'એપ્સટિને મને તેના ટાપુ પર આમંત્રણ આપવાનો પ્રયાસ કર્યો પણ મેં ના પાડી હતી.'

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એપ્સ્ટિન સેક્સ સ્કેન્ડલ સંબંધિત 30 લાખ નવી ફાઈલો રિલીઝ કરી છે. આમાં જેફ્રી એપ્સ્ટિનના કેટલાક ઈમેઈલ સામે આવ્યા છે.

ડેઈલી મેલના રિપોર્ટ અનુસાર, આમાં એપ્સ્ટિને દાવો કર્યો છે કે માઈક્રોસોફ્ટના કો-ફાઉન્ડર બિલ ગેટ્સને રશિયન છોકરીઓ સાથેના સંબંધો પછી યૌન રોગ (સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ડિસીઝ, STD) થયો હતો. ઈમેઈલમાં એ પણ લખેલું છે કે ગેટ્સે એપ્સ્ટિન પાસેથી એન્ટિબાયોટિક દવાઓ માંગી હતી, જેથી તે આ દવાઓ ગુપચુપ રીતે પોતાની તત્કાલીન પત્ની મેલિન્ડા ગેટ્સને આપી શકે. જોકે આ આરોપોની પુષ્ટિ થઈ નથી.નવી ફાઈલોમાં 1 લાખ 80 હજાર તસવીરો અને 2 હજારથી વધુ વીડિયો પણ સામેલ છે.

શુક્રવારે જાહેર થયેલી ફાઈલોમાં એપ્સ્ટિન અને બિલ ગેટ્સની નવી તસવીર પણ સામે આવી છે. એપ્સ્ટિને પોતાને ઈમેલ મોકલ્યો હતો

જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અનુસાર, એપ્સ્ટિને 18 જુલાઈ 2013ના રોજ સવારે 11:49 વાગ્યે પોતાને એક લાંબો ઈમેલ લખ્યો હતો. તેમાં તેણે ગેટ્સ પર નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે ગેટ્સે છ વર્ષ જૂની મિત્રતાનો અંત લાવી દીધો.

### શહેરના પૂર્વ વિસ્તારમાં અસમાજીક તત્વો બેફામ બન્યા છતાં પ્રશાસન ઉંઘે છે

# ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશી-ઈંગ્લીશ દારૂના અડ્ડાવાળા સામે પગલાં લેવામાં PI લાચાર

### રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીનો પણ ડર ના હોય તેમ ખુલ્લેઆમ વેચાય છે

| | | | |
|---|---|---|---|
| ખોખરા પીઆઈ એટલા બેફામ બન્યા છે કે ગૃહમંત્રી પણ અમારું કાંઈ બગાડી નહી શકે તેવી શેખીમાં રાચે છે | પોલીસ સ્ટેશનના મેન વહીવટદાર અનિલભાઈ અને જયેશભાઈની બુટલેગરો સાથેની સાઠગાંઠમાં યુવાધન બરબાદીના રસ્તે | વહીવટદારોના મોબાઈલની કોલ હિસ્ટ્રી કાઢવામાં આવે તો લોકેશન ખોખરા જ નીકળશે તેવી ચર્ચા | ગાંધીનગરના અધિકારીઓ પણ ખોખરા પીઆઈ સામે પગલાં લેતા ગભરાય છે |

### ખોખરામાં અગાઉ પણ ગેરકાયદેસરના ધંધાને લીધે 2 વહીવટદારોને કરાયા હતા સસ્પેન્ડ

• અમદાવાદ

શહેરના પૂર્વ વિસ્તારમાં છેલ્લાં કેટલાક સમયથી દારૂના અડ્ડાવાળા બેફામ બન્યા છે અને તેમાં પણ ખાસ કરીને હાલના પીઆઈના રાજમાં તો બુટલેગરોને મનભાવતું મેદાન મળ્યું હોય તેમ દિવસ રાત ઈંગ્લિશ અને દેશી દારૂનું કટિંગ વહીવટદારો ઉભા રહીને કરાવી રહ્યા છે. આ અંગે અવારનવાર ખોખરા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં મોટા માથાઓની રહેમનજર હોય તેમ ખોખરા પીઆઈના પેટનું પાણી પણ હલતું નથી અને દારૂવાળાઓ સામે કોઈ પગલાં લેવામાં આવી રહ્યા નથી.

કહેવાય છે કે ખોખરા પીઆઈ સાવલીયા પોતાને ગાંધીનગરથી અને ખાસ કરીને ગૃહ વિભાગના મોટા માથાઓની રહેમનજર હોય તેમ પોતાના પોલીસ મથક હેઠળના વિસ્તારમાં બુટલેગરોને મનફાવે તેમ દેશી અને ઈંગ્લિશ દારૂના અડ્ડા ચલાવવા દઈ રહ્યા છે. તેમાં પણ જો કોઈ મીડિયાવાળા આવા બૂટલેગરો અંગેની રજૂઆત કરે તો તેમને યેનકેન પ્રકારે પોલીસ દ્વારા ધમકાવવામાં આવે છે અને ગાંધીનગરવાળા પણ અમારું કાંઈ બગાડી નહીં શકે અમે બધાને ખુશ રાખીએ છીએ તેવી શેખી મારવામાં આવે છે. હવે તો ગૃહમંત્રી હર્ષ સંઘવીની શાખનો સવાલ આવી ગયો છે કે શું તેમના વિભાગમાં એટલો ભ્રષ્ટાચાર ચાલે છે કે એક પીઆઈ અનેક પરિવારોને તથા યુવાધનને બરબાદ કરનારા બૂટલેગરો અને તેમને રક્ષણ આપનાર ખોખરાના પીઆઈ સાવલીયા સામે પણ પગલાં લેવામાં ગભરાય છે.

છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં દેશી દારૂ, ઈંગ્લીશ દારૂ અને જુગારના ધંધા ચાલતા હોવાનું સામે આવી રહ્યું છે . તેવામાં અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં પણ દારૂ અને જુગારના ધંધા ધમધમતા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેને લઈને પાક્કો ગુજરાત દ્વારા સ્ટીંગ ઓપરેશન હાથ ધરી અનેક દારૂ-જુગારના ધંધાઓએ અને મળતીયા પોલીસ વહીવટદારોનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો છે. વાત કરવાંમાં આવે તો ખોખરા પોલીસ સ્ટેશનમાં હાલ બી.પી.સાવલિયા PI તરીકે ફરજ બજાવે છે. જયારે PI બી.પી. સાવલિયાના હાથ નીચે તેમના મેન વહીવટદાર તરીકે અનિલભાઈ અને જયેશભાઈ નામના વ્યક્તિને રાખવામાં આવ્યો છે. આ બને વહીવટદાર ખાખરાના સમગ્ર વિસ્તારના દારૂ-જુગારના અડ્ડાઓ પરથી રોજના લાખો રૂપિયા ઉઘરાવી સમગ્ર વિસ્તારમાં ગેરકાયદેસરના ધંધા ચાલવતા બુટલેગરો સાથે સાઠ ગાંઠ રાખી ગેરકાયદેસર વેપલો ચલાવા દઈ પોતાના, PI સાહેબના અને ઉચ્ચ અધિકારીઓના ખિસ્સા ગરમ કરી રહ્યા છે. તો જો આ બને વહીવટદારોના મોબાઈલની કોલ હિસ્ટ્રી કાઢવામાં આવે તો ખોખરા બુટલેગરોના વિસ્તારમાં જ લોકેશન જોવા મળી આવશે.

ત્યારે ખોખરા વિસ્તારમાં ચાલતા દારૂ-જુગારના અડ્ડાની વાત કરવામાં આવે તો મણિનગર ક્રોસિંગ પાસે અમરુ નામના બુટલગરની પત્ની, વસુ , મુન્ની, વિમલ મદ્રાસી, ગૌરી અને કમલ જેવા લોકો દેશી દારૂના અડ્ડાઓ ચલાવી રહ્યા છે. આ ઉપરાંત વહીવટદાર અનિલ અને જયેશ બુટલેગરો સાથે મળી અન્ય 20 થી 25 દેશી દારૂની પરમિશન આપી ધંધો ચલાવડાવે છે. આના સિવાય પણ 4 થી 5 જણને ઈંગ્લીશ દારૂના વેચાણની અને મોટા પાયે કટિંગની પણ પરમિશન આપવામાં આવી છે અને આ ઈંગ્લિશ દારૂનું કટિંગ પણ આ બને વહીવટદાર સાથે રહીને કરાવે છે. આ બંને વહીવટદારો વિસ્તારમાં આવા અનેક ગેરકાયદેસર ધંધા ચલાવડાવી રોજના લાખો રૂપિયાના હપ્તા ઉઘરાવે છે અને ઉચ્ચ અધિકારીઓને પણ હપ્તા પહોંચાડી દરકેના ખિસ્સા ગરમ કરી રહ્યા છે.

તો વધુમાં વાત કરવામાં આવે તો ખોખરા વિસ્તારમાં અગાઉ પણ ચાલતા આ ગેરકાયદેસરના ધંધાના વહીવટદાર માટેની માથાકૂટને લઈ ખોખરા પોલીસ સ્ટેશનના અગાઉના જયદેસાઈ અને પિયુષ દેસાઈ નામના આ બંને વહીવટદારોને સંસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તો ખોખરા પોલીસ સ્ટેશનના અગાઉના PI પંચાલ સાહેબની ખોખરા વિસ્તારમાં ચાલી રહેલ દેશી-ઈંગ્લીશ દારૂના ધંધાની માથાકૂટને લઈ તેમની બદલી કંટ્રોલરૂમ માં કરી દેવામાં આવી હતી. ત્યારે ખોખરા પોલીસ સ્ટેશનમાં એટલું તો શું જોર છે કે ખોખરા વિસ્તારમાં જ 4-4 વહીવટદાર રાખવા પડી રહ્યા છે ના સવાલો ઉઠવા પામ્યા છે.ત્યારે ખોખરા વિસ્તારમાં ચાલતા ધંધાની માહિતી મેળવી પાક્કો ગુજરાત દ્વારા સ્ટિંગ ઓપરેશન કરી ખોખરા પો.સ્ટેશનના PI બી.પી. સાવલિયાને જાણ કરવામાં આવી હતી. પણ હજી સુધી PI દ્વારા ચાલી રહેલા આ ગેરકાયદેસરના ધંધા પર કોઈ પણ જાતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી . આ તમામ અડ્ડાઓની જાણ DCP સાહેબ, ક્રાઈમ બ્રાન્ચ શાખામાં રજુઆત કર્યા છતાં એક પણ અધિકારીઓ દ્વારા આ ગેરકાયદેસર ચલતા ધંધા બંધ કરાવવામાં આવ્યા નથી. ત્યારે હવે ખોખરા વિસ્તારના સ્થાનિકોની ઉચ્ચ અધિકારીઓ અને તંત્રને રજુઆત છે કે આ વિસ્તારમાં ચાલી રહેલા દેશી દારૂ, ઈંગ્લીશ દારૂ અને જુગારના ચાલતા ગેરકાદેસરના અડ્ડા બંધ કરાવવામાં આવે. ત્યારે આ ગેરકાયદેસર ચાલતા ધંધાનું સ્ટિંગ ઓપેરશન ચાલ્યા બાદ પણ જો લાગતા વળગતા અધિકારો દ્વારા આ ધંધા બંધ કરાવવામાં નહિ આવે તો કરાયેલા સ્ટીંગ ઓપરેશનના રફ ફુટેજ ગૃહમંત્રી, મુખ્યમંત્રીઓને મોકલવામાં આવશે. તેમજ આવા ભષ્ટાચારી અધિકારીઓ વિરુદ્ધ તાત્કાલિક પગલા ભરવા અપીલ કરવામાં આવશે. હાલ સામાન્ય જનતા પોલીસને પોતાના રક્ષક માને છે. ત્યારે રક્ષક જ દારૂ જુગારના ધંધા ચલાવીને ભક્ષક જેવા કામ કરી રહ્યા છે. જેને લઈને કાયદેસરની કાર્યવાહી કરી વહીવટદાર અનિલ અને જયેશ સહીત અન્ય અધિકારો સામે કડક પગલા લેવામાં આવે તેવી અપીલ કરવામાં આવી રહી છે..

### બજેટ પહેલાં રઘુરામ રાજનની 3 ચેતવણી

# દુનિયા અને ભારત બંને બહુ ખતરનાક દોરમાંથી પસાર થઈ રહ્યાં છે, ફરીવાર 1990 જેવા આર્થિક સુધારાની જરૂર

• નવી દિલ્હી, તા.31

તમને યાદ હશે. 15 ડિસેમ્બર 2022ના દિવસે રાહુલ ગાંધીએ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનનો ઈન્ટરવ્યુ લીધો હતો. ત્યારે રઘુરામ રાજને કહેલું કે, ભારતની નિકાસ ઓછી છે. વિકાસમાં અવરોધ છે. લોકશાહી આપણી તાકાત છે એટલે ભારતે આફત વચ્ચે અવસર શોધવો જોઈએ. આ વાતને ચાર વર્ષ વીતી ગયા. રઘુરામ રાજનનો એ ઈન્ટરવ્યુ જોઈએ તો થાય કે, રાજનની વાત તો સાચી હતી.

ભારતનું યુનિયન બજેટ 1 ફેબ્રુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ રજૂ કરવાના છે તે પહેલાં રઘુરામ રાજને PTI સાથેની વાતચીતમાં કેટલાક મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરી છે.

વાત એમ છે કે, દુનિયા એવા વળાંક પર ઊભી છે જ્યાં એક ખોટો નિર્ણય દુનિયાના કોઈપણ દેશને વર્ષો પાછળ ધકેલી શકે છે. યુદ્ધ, ટ્રેડવોર, ટેરિફ, ખર્ચનો જંગી પહાડ, આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સની તેજ રફતાર અને મહાસત્તા માટે ખેંચતાણ.

ભારતના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને બજેટ પહેલાં ચેતવણી આપી છે. જેને હળવાશથી લેવા જેવી નથી. રઘુરામ રાજને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે દુનિયા અને ભારત બંને બહુ ખતરનાક દોરમાંથી પસાર થઈ રહ્યા છે. આ સમય માત્ર આંકડાનો નથી, લોન્ગ ટર્મ વિઝનનો છે. એવું બજેટ આપવું પડશે જે આવનારા એક વર્ષ માટે નહિ પણ 10થી 15 વર્ષ માટે ભારતને મજબૂત રીતે તૈયાર કરે. 1 ફેબ્રુઆરી, રવિવારે નિર્મલા સીતારમણ બજેટ રજૂ કરશે. રઘુરામ રાજનને આશા છે કે આ બજેટ માત્ર રાહત કે જાહેરાતો પૂરતું સિમિત ન રહે પણ ત્રણ મોટા ટાર્ગેટ પૂરા કરે. આ બજેટ આવનારા દાયકાનો આર્થિક પાયો મજબૂત બનાવનારું હોવું જોઈએ. ભારતને વધારે આત્મનિર્ભર બનાવવારું હોવું જોઈએ. એવું બજેટ હોવું જોઈએ જે ભારતના ગ્રોથને નવી રફતાર આપે. ભારત આર્થિક રીતે પણ એવો દેશ બને કે દુનિયાના દેશો મિત્રતા કરવા ઈચ્છે. રઘુરામ રાજને કહ્યું છે કે ભારત આજે ત્રણ મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.રશિયા, યુક્રેન યુદ્ધ ત્રણ વર્ષથી ચાલે છે. મિડલ ઈસ્ટમાં તો ટેન્શન છે જ. હવે અમેરિકા-ઈરાન વચ્ચે પણ ટેન્શન વધતું જાય છે. ત્રીજું, અમેરિકા અને ચીન જેવા મહાશક્તિશાળી દેશોની દુશ્મની વધી રહી છે. ભારતનો ચીન સાથે સીમા તણાવ છે. ટેરિફના કારણે અમેરિકાથી અંતર થઈ ગયું છે. ભારત હજી પણ ગ્લોબલ સપ્લાય ચેનનો ભાગ નથી. કારણ કે ભારત કોઈ અમીર માર્કેટ પાસે નથી. બીજા દેશોની અનિશ્ચિતતાવાળી નીતિઓએ ભારત માટે તક ઊભી કરી છે. જો ભારત સાચી દિશામાં સુધારાના પગલાં ભરે છે તો મેન્યુફેક્ચરિંગ, સર્વિસ સેક્ટર અને ટેકનોલોજી આ બધા સેક્ટરમાં ભારત પોતાની ગ્લોબલ સપ્લાય ચેનમાં આગળ વધી શકે છે.

# ચાંદીમાં રૂ.1 લાખથી વધુનો કડાકો, રૂ. 2,93,801 પર પહોંચી

### સોનું પણ 20,000 રૂપિયા સસ્તું થયું, કારણ પ્રોફિટ બુકિંગ

• નવી દિલ્હી

ગોલ્ડ અને સિલ્વર માર્કેટમાં 30 જાન્યુઆરી (શુક્રવાર) ના રોજ ઘટાડો જોવા મળ્યો હતો. કારોબાર સમાપ્ત થવા સુધી પ્રોફિટ બુકિંગને કારણે MCX પર ચાંદી 1,06,092 રૂપિયા (26.53%) ઘટી ગઈ. 1 કિલો ચાંદીનો ભાવ 2,93,801 રૂપિયા પર આવી ગયો. ગયા કારોબારી સત્રમાં ચાંદીનો ભાવ 3,99,893 રૂપિયા પહોંચી ગયો હતો. જ્યારે MCX પર સોનામાં 20,323 રૂપિયા (12%)નો ઘટાડો રહ્યો હતો. 10 ગ્રામ સોનું 1,49,080 રૂપિયા પર આવી ગયું. ગત કારોબારી સેશનમાં સોનું 1,69,403 રૂપિયા પર હતું. આ ઉપરાંત સોના અને ચાંદીના ETFમાં શુક્રવારે 23% સુધીનો ઘટાડો નોંધાયો.\જ્યારે સર્રાફા બજારમાં શુક્રવારે ચાંદી 40,638 રૂપિયા અને સોનું 9,545 રૂપિયા સસ્તું થયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 3,39,350 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો હતો, જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1,65,795 રૂપિયા પર આવી ગયો છે.

MCX: આ સોના અને ચાંદીના વેપાર માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. શેરબજારની જેમ દર સેકન્ડે બોલી લગાવવામાં આવે છે, જેના કારણે કિંમતોમાં સતત વધઘટ થાય છે. બુલિયન માર્કેટ: આ એ જગ્યા છે, જ્યાં તમે ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદો છો. સોનાના પરિવહન, પરિવહન અને સંગ્રહનો ખર્ચ સામેલ છે. IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે. આ વર્ષે જાન્યુઆરીના 29 દિવસમાં જ સોનાની કિંમત 35,280 રૂપિયા વધી ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,68,475 રૂપિયા થઈ ગયું છે. રિસર્ચ હેડ ડો. રેનિશા ચૈનાની અનુસાર જો અમેરિકી ટેરિફ અને મધ્યપૂર્વમાં તણાવ વધુ વધે છે, તો સોનું 2026માં 1,90,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# બોડેલી શિવાજીનગર વિસ્તારમાં ગટર ઉભરાવથી સ્થાનિકો હેરાન, ભારે રોષ



• રિપોર્ટર તોસીફ ખત્રી

બોડેલી શહેરના શિવાજીનગર વિસ્તારમાં છેલ્લા બે થી ત્રણ મહિનાથી ગટર ઉભરાવની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ગટરનું પાણી રસ્તા પર ફરી વળતાં સ્થાનિક રહેવાસીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ગટર ઉભરાવના કારણે વિસ્તારમાં અતિશય દુર્ગંધ ફેલાઈ રહી છે અને રોગચાળો ફેલાવાની ભીતિ ઊભી થઈ છે.

સ્થાનિકોનું કહેવું છે કે આ મુદ્દે બોડેલી નગરપાલિકામાં અનેક વખત લેખિત અને મૌખિક રીતે રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ હજી સુધી કાયમી ઉકેલ આવ્યો નથી. ક્યારેક નગરપાલિકાની ટીમ રીપેર કે સફાઈ માટે આવે છે, પરંતુ સમસ્યાનું મૂળ સમાધાન થતું નથી. બે દિવસ પહેલા પણ સફાઈ માટે કર્મચારીઓ આવ્યા હતા, છતાં ગટર ઉભરાવની સ્થિતિ યથાવત છે.

ગટરનું દુષિત પાણી અને દુર્ગંધના કારણે આરોગ્ય પર ગંભીર અસર પડી રહી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. હાલ જ વિસ્તારમાં બે બાળકો બીમાર પડ્યા હોવાની ઘટના સામે આવી છે, જેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ સમગ્ર પરિસ્થિતિને લઈ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકો નગરપાલિકા સામે તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે, નહીં તો આ સમસ્યા વધુ વિકટ સ્વરૂપ ધારણ કરી શકે તેવી ચેતવણી પણ આપી રહ્યા છે.

# ઈન્ટરનેશનલ મેરેથોનને લઈને પોલીસ કમિશનરનું જાહેરનામુ; જાણો નો એન્ટ્રી અને વૈકલ્પિક રૂટ વિશે

• વડોદરા

વડોદરા શહેરના નવલખી ગ્રાઉન્ડથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. 1 ફેબ્રુઆરીને રવિવારના રોજ મેરેથોનમાં અલગ-અલગ દોડ જેવી 42 કિમી (ફુલ મેરેથોન), 21 કિમી (હાફ મેરથોન), 10 કિમી, 5 કિમી (ટાઈન રન) તથા 5 કિમી (ફનરન)માં ભાગ લેવા માટે દેશ વિદેશમાં દોડવીરો તેમજ વડોદરાના મોટી સખ્યામાં દોડવીરો ભાગ લેવાના છે, જેના અલગ-અલગ રૂટ આપવામાં આવ્યાં છે.આંતરાષ્ટ્રીય મેરેથોન દરમિયાન લોકોને મુશ્કેલી ન પડે તેના માટે પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા પ્રતિબંધિત રૂટ તથા વૈકલ્પિક વ્યવસ્થા સાથેનું જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતી મનોરંજન

ગુજરાતી ડ્રામાનો ડબલ ડોઝ: Colors ગુજરાતી પ્રસ્તુત કરે છે 2 નવી ધારાવાહિક 2 ફેબ્રુઆરીથી

# ગુજરાતની ભક્તિ અને ગૌરવની મહાગાથા, ગંગાસતી પાનબાઈ સાંજે ૭:૩૦ વાગ્યે અને રોમેન્ટિક ફેમિલી ડ્રામા, મનમેળો રાત્રે ૯:૩૦ વાગ્યે

## "કલર્સ ગુજરાતી માટે હંમેશા દર્શકોને અર્થસભર અને ઉચ્ચ ગુણવત્તાવાળું મનોરંજન આપવું પ્રાથમિકતા રહ્યું છે

• અમદાવાદ, 27મી







વીજળીને ચમકારે વધુ બે મોતીડાં પરોવવા જઈ રહી છે, ગુજરાતી મનોરંજનની એક માત્ર ચેનલ કલર્સ ગુજરાતી. ગુજરાતનાં સંસ્કાર, ભક્તિ, સાહિત્ય, લાગણીઓ અને ઈતિહાસ પર દૃષ્ટિ કરવી હોય તો ગુજરાતનાં હૃદય સમી સંસ્કૃતિને સમજો. જેના માટે, કલર્સ ગુજરાતી -' અસ્સલ ગુજરાતીનું અસલ મનોરંજન' નવા કાર્યક્રમો રજૂ કરવા જઈ રહ્યું છે જે તમારા ટેલિવિઝનના અનુભવની સાથે સાથે તમારી દિશા અને દૃષ્ટિ બન્ને બદલી શકે છે.

મનોરંજનના નવા અધ્યાયની શરૂઆત કરતાં ચેનલ રજૂ કરે છે ગંગાસતી - પાનબાઈ - શ્યામ ધૂનનો નવો અધ્યાય. આ શો ગુજરાતનાં જાણીતા ઐતિહાસિક ભક્તિ કવિયિત્રી એવા ગંગાસતી અને પાનબાઈના ભજનોને આધુનિક ઢાળમાં ઢાળી નવી પેઢીને ભક્તિ અને સદભાવનાનું દર્શન કરાવશે. જેના દરેક એપિસોડમાં તમને જોવા મળશે એક અનોખી ભક્તિ અને ભજનોનો સમન્વય. તો બીજી બાજુ 'મનમેળો' સાથે દર્શકોને જોવા મળશે એક મિડલ ક્લાસ અને એક ગર્ભશ્રીમંત એવા બે પરિવારો વચ્ચેનો ફેમિલી ડ્રામા. જેમાં મિડલ ક્લાસની ત્રણ બહેનોના જીવનમાં અચાનક મોટો વળાંક આવે છે અને તેમના દિલના તાર જોડાય છે ગર્ભશ્રીમંત પરિવારના ત્રણ ભાઈઓ સાથે. તેઓની દુનિયા જ્યારે એક થાય છે ત્યારે સર્જાય છે પ્રેમ, મહત્વાકાંક્ષા, સામાજિક અસમાનતાનો ટકરાવ અને દરેક કપલ તેમના નવા દામ્પત્યજીવનમાં અવનવા પડકારોનો સામનો કરે છે.

"કલર્સ ગુજરાતી માટે હંમેશા દર્શકોને અર્થસભર અને ઉચ્ચ ગુણવત્તાવાળું મનોરંજન આપવું પ્રાથમિકતા રહ્યું છે, જેમાં ગુજરાતી સંસ્કૃતિની મૂળ ભાવનાને સાચવી રાખવામાં આવે છે. 'ગંગાસતી-પાનબાઈ' અને 'મનમેળો'ના પ્રીમિયર સાથે, ટેલિવિઝન પર ફરી એકવાર બે અલગ છતાં એટલી જ અસરકારક કહાણીઓ રજૂ કરતા અમને ખૂબ આનંદ થાય છે. 'ગંગાસતી-પાનબાઈ' માત્ર ભક્તિ સુધી સીમિત નથી, પરંતુ માનવીય મૂલ્યો, સદભાવના અને એકતાનું દર્શન કરાવે છે, જ્યારે 'મનમેળો' આજની યુવા જનરેશન પ્રેમ અને જવાબદારી વચ્ચે લેતી ભાવનાત્મક ચોઈસીસનું પ્રતિબિંબ છે. આ બંને શો સાથે અમે પરિવારકેન્દ્રિત અને અસરકારક સ્ટોરીટેલિંગ દ્વારા સાંસ્કૃતિક મૂલ્યોને જીવંત રાખવાની અમારી કમિટમેન્ટને ફરી એકવાર મજબૂત કરીએ છીએ," તેમ કલર્સ ગુજરાતીના પ્રવક્તાએ જણાવ્યું.


બે નવા શોના પ્રીમિયર સાથે, કલર્સ ગુજરાતી અસ્સલ ગુજરાતી મનોરંજન પ્રત્યેની પોતાની કમિટમેન્ટને વધુ મજબૂત બનાવે છે અને મજબૂત ઘટનાઓ તથા સંસ્કૃતિના સ્પંદનથી ભરપૂર નવી કહાણીઓ દર્શકો સુધી પહોંચાડવાનું કાર્ય સતત આગળ વધારતું રહેશે.

મેટીસ હોસ્પિટલના કર્મચારી દ્વારા મહિલા દર્દીની છેડતી કરાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો હતો

# હોસ્પિટલના ICUમાં મહિલા દર્દીની છેડતી : મેલ નર્સ વારંવાર યુવતીના બોડીના સેન્સિટિવ પાર્ટને ટચ કરતો, પોલીસે આરોપીની ધરપકડ કરી

**શું છે સમગ્ર મામલો?** સાબરમતી વિસ્તારમાં રહેતી યુવતીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

• અમદાવાદ



27 જાન્યુઆરીના રોજ અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં આવેલી મેટીસ હોસ્પિટલના કર્મચારી દ્વારા મહિલા દર્દીની છેડતી કરાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. વહેલી પરોઢે જ્યારે યુવતી હોસ્પિટલમાં અર્ધબેભાન હાલતમાં હતી ત્યારે કર્મચારી તેની પાસે ગયો હતો અને અડપલા કર્યા હતા. આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. સાબરમતી પોલીસે CCTVના આધારે તપાસ કરી આરોપીની ધરપકડ કરી છે.સાબરમતી વિસ્તારમાં રહેતી યુવતીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તે છેલ્લા ઘણા સમયથી માતા-પિતા સાથે પિયરમાં રહે છે અને તેના લગ્ન અનિલ (નામ બદલાવ્યું છે) નામના યુવક સાથે થયા હતા. અનિલ સાથે મનમેળ નહી આવતા તે પોતાના માતા-પિતા પાસે રહે છે. છેલ્લા ઘણા સમયથી અનિલ સાથેની બબાલને લઈને યુવતીને લાગી આવ્યુ હતું અને તેણે ઉંઘની દવા લઈને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો.યુવતીની તબીયત ખરાબ થતા તેને સાબરમતી મેટીસ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. યુવતીની હાલત વધુ ખરાબ હોવાથી તેને આઈસીયુ વોર્ડમાં દાખલ કરાઈ હતી. યુવતી આઈસીયુમાં અર્ધબેભાન હાલતમાં હતી. સૂઈ રહી હતી ત્યારે કોઈ વ્યકિતએ તેના શરીર પર હાથ ફેરવીને છેડતી કરી હતી. યુવતીએ જોરથી બુમ પાડતા છેડતી કરનાર શખસ ત્યાંથી નાસી ગયો હતો.પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી ત્યારે છેડતી કરનાર શખસનું નામ ઈન્દ્રજીત રાઠોડ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આરોપી મૂળ અસારવા ખાતે આવેલા ચમનપુરામાં રહે છે. આરોપી વિરૂદ્ધ અન્ય કોઈ ગુનો છે કે કેમ તેની અત્યારે તપાસ કરવામાં આવી રહી છે.

આ સમગ્ર મામલે પીઆઈ વાય. આર. વાઘેલાએ જણાવ્યું હતું કે, સાબરમતી મેટીસ હોસ્પિટલના કર્મચારી ઈન્દ્રજીત રાઠડ સામે એક મહિલા દર્દી દ્વારા છેડતીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદી યુવતીના જણાવ્યા અનુસાર હોસ્પિટલના મેલ નર્સે તેની સાથે શારીરિક અડપલા કર્યા હતા. આ યુવતીને મેટીસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ દરમિયાન યુવતી અર્ધબેભાન અવસ્થામાં હતી. તે વખતે આરોપી વારંવાર તેની પાસે જઈને તેની બોડીના સેન્સિટિવ પાર્ટને ટચ કરી રહ્યો હતો.

# નિવૃત્ત વૃદ્ધને 45 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કર્યા : RBIનો બનાવટી લેટર મોકલીને ડરાવ્યા

## 66 કરોડના ફ્રોડમાં તમારું નામ આવ્યું છે કહીને ઠગે 49 લાખ પડાવ્યા

• ગાંધીનગર



નિવૃત્ત વૃદ્ધને 45 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કર્યા : RBIનો બનાવટી લેટર મોકલીને ડરાવ્યા, 66 કરોડના ફ્રોડમાં તમારું નામ આવ્યું છે કહીને ઠગે 49 લાખ પડાવ્યા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામે રહેતા એક નિવૃત્ત વૃદ્ધ ડિજિટલ અરેસ્ટના શિકાર બન્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાયબર ઠગોએ દિલ્હી પોલીસના નામે ખોટી ઓળખ આપી વૃદ્ધને દોઢ મહિના સુધી માનસિક ભયમાં રાખ્યા હતા અને તપાસના બહાને કુલ 49 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાઈ છે.

કલોલનામાં રહેતા અને પુસ્તકાલય ચલાવી નિવૃત્ત જીવન જીવતા નિવૃત્ત વૃદ્ધને ગત 10 ઓક્ટોબર 2025ના રોજ બપોરના સમયે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ટેલિકોમ વિભાગમાંથી બોલતા હોવાનું કહી અભિમન્યુ નામના શખ્સે જણાવ્યું હતું કે, તમારા પર કેસ થયેલ છે અને થોડીવારમાં દિલ્હી પોલીસના અધિકારી નિરજ ઠાકુરનો ફોન આવશે. ત્યારબાદ નિરજ ઠાકુર નામના શખ્સે વીડિયો કોલ મારફતે વૃદ્ધનો સંપર્ક કરી ભય બતાવ્યો હતો કે તમારા આધાર કાર્ડનો દુરુપયોગ થયો છે અને ICICI બેંકમાં 66 કરોડના ફ્રોડમાં તમારું નામ આવ્યું છે.ઠગોએ વૃદ્ધને માનસિક રીતે તોડી નાખવા માટે 'ડિજિટલ અરેસ્ટ'ની પદ્ધતિ અપનાવી હતી. તેમને સતત કેમેરા સામે રહેવા અને દર કલાકે 'I am Safe' તેવો મેસેજ વોટ્સએપ પર મોકલવા મજબૂર કર્યા હતા. 10 ઓક્ટોબરથી 24 નવેમ્બર 2025 સુધીના લાંબા સમયગાળા દરમિયાન આ ઠગોએ વૃદ્ધના શેર બજાર અને SIPના રોકાણો વિડ્રો કરાવી લીધા હતા. તપાસના બહાને આ રકમ RBIમાં જમા કરાવવી પડશે અને નિર્દોષ જાહેર થશો તો વ્યાજ સાથે પરત મળશે તેવી લાલચ આપી ઠગોએ અલગ-અલગ બેંક ખાતામાં કુલ 49 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ સમગ્ર ખેલમાં ઠગોએ વૃદ્ધનો વિશ્વાસ જીતવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ખોટા લેટરપેડ પર પેમેન્ટ મળ્યાની બનાવટી રિસિપ્ટો પણ મોકલી આપી હતી. 24 નવેમ્બરના રોજ કેસ બંધ થઈ ગયો હોવાનું કહી ઠગોએ સંપર્ક કાપી નાખ્યો હતો.સાત દિવસ બાદ પણ નાણાં પરત ન આવતા વૃદ્ધને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. અંતે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કળીયુગી દીકરાએ માતાને દંડાના ઘા ઝીંકી કરી હત્યા, મિલકતનો હતો વિવાદ

• અમદાવાદ




અમદાવાદમાં ગુનાખોરીનો ગ્રાફ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. મકરબા વિસ્તારમાં પુત્રએ મિલકત વિવાદમાં માતાની હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. આરોપી પુત્ર સામે ગુનો નોધી ધરપકડ કરી છે. નોંધનીય છે કે, શુક્રવારે (30મી જાન્યુઆરી) સરખેજમાં પ્રેમ પ્રકરણ અને અદાવતમાં એક યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરાઈ હતી.

મળતી માહિતી અનુસાર શહેરના મકરબા વિસ્તારમાં આવેલા ઔડાના મકાનોમાં રહેતા કપિલાબેન દેવીપૂજક અને તેમના પુત્ર અજય વચ્ચે ઘરની માલિકીને લઈને લાંબા સમયથી વિખવાદ ચાલતો હતો. ત્યારે 30મી જાન્યુઆરીની મોડી રાત્રે અજયે તેની માતા પાસે ઘરના બદલામાં પૈસાની માંગણી કરી હતી. કપિલાબેને પૈસા આપવાની સ્પષ્ટ ના પાડતા અજય ઉશ્કેરાયો હતો અને આવેશમાં આવી લાકડાના દંડા વડે માતાના માથામાં અનેક ફટકા માર્યા હતા.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત કપિલાબેનનું મોત નીપજ્યું હતું. આનંદનગર પોલીસે કાર્યવાહી કરી આરોપી પુત્ર અજયની ધરપકડ કરી છે અને તેની સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગરમાંથી SMC એ ૧.૬૮ કરોડનો હરિયાણા માર્કનો દારૂ ઝડપી પાડ્યો, પ્લેયબોર્ડની આડમાં ચાલતું 'મેગા સ્મગલિંગ' પકડાયું



• પાટડી / સુરેન્દ્રનગર,

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) એ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના માલવણ ગામે 'આલીશાન હોટલ'ના પાર્કિંગમાં સર્જીકલ સ્ટ્રાઈક કરી રાજ્યના સૌથી મોટા દારૂના જથ્થાઓ પૈકીનો એક જથ્થો ઝડપી પાડ્યો છે. હરિયાણાથી સ્પેશિયલ પ્લેયબોર્ડની આડમાં છુપાવીને લાવવામાં આવેલી દા રૂની ૩૩,૮૧૬ બોટલો મળી કુલ ૧.૬૮ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરોમાં ફફડાટ ફેલાવી દીધો છે. ચોક્કસ બાતમીના આધારે પીએસઆઈ આર.જી. વસાવા અને તેમની ટીમે દરોડો પાડતા હોટલના પાર્કિંગમાં ઉભેલા ટ્રકમાંથી હરિયાણાની નામાંકિત ડિસ્ટિલરીમાં બનેલો અને માત્ર વેચાણ માટે પ્રતિબંધિત એવો ૧.૫૦ કરોડની કિંમતનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ટ્રકના ડ્રાઈવર સતેન્દ્રપાલ બલવીરસિંહ (રહે. ઉત્તર પ્રદેશ)ની ધરપકડ કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આ જથ્થો રાજસ્થાનના પ્રીતમસિંગ નામના સપ્લાયરે મોકલ્યો હતો.

ગાંધીના નિર્વાણ દિવસ નિમિત્તે વિવિધ રચનાત્મક અને સેવાભાવી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું

# સાદરામાં વિદ્યાપીઠમાં ગાંધી નિર્વાણ દિવસે કાર્યક્રમ 300 વિદ્યાર્થીઓએ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપી

• ગાંધીનગર :




ગુજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે 30 જાન્યુઆરી, 2026 મહાત્મા ગાંધીના નિર્વાણ દિવસ નિમિત્તે વિવિધ રચનાત્મક અને સેવાભાવી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. શારીરિક શિક્ષણ વિદ્યાશાખા અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS) એકમ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 300 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, શિસ્ત અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવાનો હતો.આ કાર્યક્રમ અંતર્ગત પ્રભાત ફેરી, સમૂહ સફાઈ, છાત્રાલય સફાઈ, સમૂહમાં મૌન, સમૂહ કાંતણ અને છાત્રાલય સુશોભન જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ભાગ લેનાર 300 વિદ્યાર્થીઓને જુદી જુદી ટુકડીઓમાં વિભાજિત કરવામાં આવ્યા હતા, જેમાં દરેક ટુકડીમાં એક લીડર નિયુક્ત કરાયો હતો. આ ટુકડીઓએ સંકલિત રીતે સમગ્ર પરિસરની સ્વચ્છતા કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી.પ્રભાત ફેરીનું આયોજન NSS પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. નીરજ સિલાવટ દ્વારા કરાયું હતું. સમૂહ સફાઈ અભિયાન ડૉ. જગદીશ સાવલિયા, ડૉ. દળસંગ ચૌધરી અને ડૉ. ગીતા પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયું. સમૂહમાં મૌન અને કાંતણ પ્રવૃત્તિઓનું આયોજન ડૉ. અરવિંદ રામી, ડૉ. નિમેશ ચૌધરી અને ડૉ. વિજય મકવાણાએ કર્યું હતું.છાત્રાલય સુશોભન પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કંકાભાઈ ડામોર, ડૉ. મોહમ્મદ બાદી, રાહુલ પટેલ, નિખિલ પોકાર અને સૂર્યાબેન ભગોરાએ કર્યું. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સંબંધિત દેખરેખની જવાબદારી મેડિકલ ઓફિસર ડૉ. ધર્મેશ પટેલે નિભાવી હતી.સમગ્ર કાર્યક્રમમાં ડીન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાની મુખ્ય ભૂમિકા રહી હતી. તેમ જ NSS પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. નીરજ સિલાવટના માર્ગદર્શન હેઠળ આયોજન અને સંચાલન સફળતાપૂર્વક પૂર્ણ થયું. આયોજકોએ જણાવ્યું કે, આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સેવાભાવ, શિસ્ત, સહકાર અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે.

# હાઈકોર્ટમાં સરકારી નોકરી અપાવવાના બહાને ઠગે 12 લાખ ખંખેર્યા, છૂમંતર

## ગાંધીનગરના યુવાનને પડોશમા જ રહેતાં સુરેન્દ્રનગરના શખ્સે છેતર્યો, આરોપી રાતોરાત સહપરિવાર છૂમંતર થયો

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-3માં રહેતા ટેક્ષી ડ્રાઈવરને હાઈકોર્ટમાં ડ્રાઈવરની સરકારી નોકરી અપાવવાના બહાને પડોશમાં ભાડે રહેતા સુરેન્દ્રનગરનો શખ્સ 12 લાખ ખંખેરી લઈ રાતોરાત સહપરિવાર છૂમંતર થઈ જતા સેકટર 7 પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સરકારી નોકરીની લાલચ આપી ભોળવાતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો ગાંધીનગરમા પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગર સેકટર 3/બી પ્લોટ નંબર 357/2માં રહેતો કમલેશ અમરતભાઈ પરમાર ટેક્ષી ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવે છે. ગત 9 એપ્રિલ 2025ના રોજ બ્રોકર મારફતે પાર્થિવ આર. કપુર (રહે-બ્લોક નં.-133/સી સરકારી વસાહત કલેક્ટર રેસીડેન્સી નજીક સુરેન્દ્રનગર) પરીવાર સાથે કમલેશના મકાનના ઉપરના માળે ભાડાથી રહેવા આવ્યો હતો.આથી બંને વચ્ચે મિત્રતા થતાં પારીવારીક સંબંધો બંધાયા હતા. દરમ્યાન 2025 ગુજરાત હાઈકોર્ટમાં ડ્રાઈવરની જાહેરાત આવતા કમલેશે ડ્રાઈવરની ભરતી માટેનું ફોર્મ ભર્યું હતું. જે વાત તેણે પાર્થિવને કરતા તેણે કહેલ કે હું રાજકીય વગ ધરાવતો હોવાથી હાઈકોર્ટમાં મારે સારી ઓળખાણ છે. હું તને ડ્રાઈવરની ભરતીમાં પાસ




કરાવી દઈ નોકરી અપાવી દઈશ.પરંતુ તેના માટે 12 લાખ આપવા પડશે.જેથી સરકારી નોકરી મેળવવા માટે કમલેશ તેની વાતોમાં આવી ગયો હતો. અને પાર્થિવના કહેવા પ્રમાણે ગુગલ પે થકી ત્રીજી ઓગસ્ટના રોજ 50 હજાર એડવાસ પાર્થિવને ટ્રાન્સફર કરી દીધા હતા. જેના થોડાક દીવસ પછી પાર્થિવે જણાવેલ કે હું હાઈકોર્ટમાં સાહેબને મળી આવ્યો છું તેમણે બીજા બાકીના પૈસા મંગાવેલ છે. જે તાત્કાલિક આપી દેવા પડશે.જેના પગલે કમલેશે સરકારી નોકરીની લાલચમાં આવીને 7 ઓગસ્ટના રોજ બીજા 8.65 લાખ ચૂકવી દીધા હતા. એ વખતે પાર્થિવે આ વાત કોઈને નહિ કરવાનું કહ્યું હતું. જોકે સમયસર નોકરીનો મેળ નહીં પડતા પાર્થિવે કહેલું કે, હજી દસ લાખ જ આપ્યા છે. નોકરી માટે 12 લાખની વાત નક્કી થઈ હતી. બીજા બે લાખ હાઈકોર્ટના સાહેબને આપી દઈએ પછી જોબ લેટર આપશે.આમ કમલેશે બીજા બે લાખ પણ પાર્થિવને આપી દીધા હતા. કમલેશને છતાં નોકરી મળી નહીં. ત્યારબાદ પાર્થિવ ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. બાદમાં પાર્થિવ પ્રથમ તેના પરીવારને ઘરેથી ક્યાંક મુકી આવી થોડા દિવસો પછી મકાન ખાલી કરીને છૂમંતર થઈ ગયો હતો. અને કમલેશ સાથે સંપર્કો તોડી નાખ્યા હતા. આ અંગે સેકટર 7 પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

**બુલડોઝર** જંબુસર પ્રાંત અધિકારી સુપ્રિયા ગાંગુલીએ ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરી છે

# આમોદમાં બુલડોઝર ગર્જશે, પ્રાંત અધિકારી સુપ્રિયા ગાંગુલીની લાલ આંખ, દબાણખોરોને ૩ ફેબ્રુઆરીનું અલ્ટીમેટમ

## ગાંગુલીની હાજરીમાં ભરૂચ માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો, વહીવટી અધિકારીઓ અને પાલિકાના કર્મચારીઓનો મોટો કાફલો મેદાનમાં ઉતર્યો હતો

• જંબુસર

જંબુસર પ્રાંત અધિકારી સુપ્રિયા ગાંગુલીએ ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરી છે, જેના પરિણામે જંબુસર બાદ હવે આમોદ શહેરમાં મેગા ડિમોલેશનની તૈયારીઓ પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. જંબુસરમાં સતત ચાર દિવસ ચાલેલી સઘન ઝુંબેશ બાદ હવે આમોદ શહેરના મુખ્ય માર્ગોને ખુલ્લા કરવા માટે તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી પંકજ નાયકે આ મામલે કડક વલણ અપનાવતા તમામ દબાણખોરો અને લારી-ગલ્લા ધારકોને તારીખ ૦૩/૦૨/૨૦૨૬ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે નિર્ધારિત સમય મર્યાદામાં જો દબાણો સ્વેચ્છાએ હટાવવામાં નહીં આવે, તો કોઈપણ પ્રકારની બાંધછોડ વગર સીધી કાર્યવાહી કરી બુલડોઝર ફેરવી દેવામાં આવશે.

આ કાર્યવાહીના ભાગરૂપે આમોદના મુખ્ય ચાર રસ્તાથી લઈને નગરના પ્રવેશદ્વાર ગણાતા તિલક મેદાન સુધીના વિસ્તારમાં દબાણોની સઘન માપણી હાથ ધરવામાં આવી




છે. નેશનલ હાઈવે-૬૪ પર સ્થિત દુકાનદારો દ્વારા કરવામાં આવેલું ૧૩.૭૧ મીટરનું દબાણ અને નગરપાલિકાની અંદાજે ૪ મીટર જગ્યા મળીને કુલ ૧૮ મીટર સુધીના વિસ્તારમાં ડિમોલેશનના સ્પષ્ટ સંકેતો આપતી રેખાઓ દોરી દેવામાં આવી છે.વર્ષોથી રાજકીય આશ્રય હેઠળ ફૂલેલા-ફાલેલા દબાણો, નગરપાલિકાના શોપિંગ સેન્ટરની આસપાસના ગેરકાયદેસર કબજાઓ અને માર્ગની બંને તરફ પથરાયેલા લારી-ગલ્લાઓને હવે જડમૂળથી હટાવવા માટે પ્રાંત કલેક્ટરે મક્કમ નિર્ધાર કર્યો છે. આ કડક સંદેશાને કારણે વર્ષોથી દબાણ કરી બેઠેલા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

માપણીની આ પ્રક્રિયા દરમિયાન ખુદ પ્રાંત કલેક્ટર સુપ્રિયા ગાંગુલીની હાજરીમાં ભરૂચ માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો, વહીવટી અધિકારીઓ અને પાલિકાના કર્મચારીઓનો મોટો કાફલો મેદાનમાં ઉતર્યો હતો. કોઈ પણ અનિચ્છનીય બનાવ કે ઘર્ષણ ટાળવા માટે આમોદ પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. કરમટીયાના નેતૃત્વમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આટલી વ્યાપક તૈયારીઓ જોતા સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે આ વખતે કાર્યવાહી માત્ર માપણી પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ખરેખર આમોદ શહેરને દબાણમુક્ત કરવામાં આવશે. આગામી દિવસોમાં આમોદના માર્ગો પર બુલડોઝરની ગર્જના ગૂંજશે તે લગભગ નિશ્ચિત જણાઈ રહ્યું છે.

આમોદમાં વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ વિરોધી ઝુંબેશને નગરજનોએ આવકારી છે, પરંતુ તેની સાથે જ લોકોમાં એક સુર એવો પણ ઉઠ્યો છે કે માત્ર રસ્તા ખુલ્લા કરવા પૂરતું નથી. સ્થાનિકોની માંગ છે કે તંત્ર દબાણ હટાવવાની સાથે નગરની પ્રાથમિક માળખાકીય સુવિધાઓ જેવી કે વ્યવસ્થિત ડ્રેનેજ સિસ્ટમ, પીવાના પાણીની લાઈનો અને બિસ્માર રસ્તાઓના નવીનીકરણ પર પણ સમાન રીતે ધ્યાન કેન્દ્રિત કરે. નગરજનોનું કહેવું છે કે જો દબાણ મુક્ત થયેલા માર્ગો પર યોગ્ય સ્ટ્રીટ લાઈટ અને ફૂટપાથ જેવી સુવિધાઓ વિકસાવવામાં નહીં આવે, તો આ કામગીરીનો લાંબાગાળાનો લાભ મળશે નહીં. આથી, શહેરના સર્વાંગી વિકાસ માટે ડિમોલેશનની સાથે આધુનિક માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવે તે અત્યંત અનિવાર્ય છે.

સૈફ અલી ભટ્ટી વાગરા

GPS લોકેશન દેહગામ પાસે બંધ

# શહેરમાં થાર ગાડી ભાડે આપનાર સાથે 15 લાખની ઠગાઈ : 12 કલાક માટે કાર ભાડે લઈ ફોન બંધ કરી સાહિલ મિયાત્રા ફરાર

**છેતરપિંડી** અમદાવાદ શહેરમાં ગાડી ભાડે આપનાર સામે વધુ એક વખત છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે

• અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગાડી ભાડે આપનાર સામે વધુ એક વખત છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં સેલ્ફ ડ્રાઈવ કાર ભાડે આપનાર સામે ઠગાઈ આચરવામાં આવી છે. સાહિલ મિયાત્રા 12 કલાક માટે મહિન્દ્રા થાર ગાડી ભાડે લઈ ગયો હતો. 12 કલાક બાદ ગાડી પરત ન આપી સાહિલે સામે 15 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ગાડીના GPSનું લોકેશન ચેક કરતા દેહગામ પાસે બંધ ગયું હોવાથી ફરિયાદીએ સાહિલને ફોન કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. ફોન બંધ આવતા સાહિલ ગાડી લઈને ફરાર થઈ છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

મેમનગર વિસ્તારમાં રહેતા 27 વર્ષીય સંકેત નકુમ અને દિવ્યરાજસિંહ ડોડીયાની વસ્ત્રાપુરમાં એસ.એસ.સેલ્ફ ડ્રાઈવ નામની ઓફિસ આવેલી છે. છેલ્લા અઢી વર્ષથી ગાડી ભાડે આપવાનો ધંધો કરે છે. જેમાં GJ 33 F 6596 નંબરની મહિન્દ્રા થાર પણ ભાડે મૂકેલી હતી. ભરતભાઈ રાઠોડ નામના કાર માલિકે ગાડી ભાડે આપવા માટે મૂકી હતી. ગત 29 જાન્યુઆરીએ બપોરના સમયે સાહિલ મિયાત્રા નામનો વ્યક્તિ સંકેત નકુમની વસ્ત્રાપુરમાં આવેલી ઓફિસમાં આવ્યો હતો.




નિકોલમાં રહેતા સાહિલ મિયાત્રાએ બે દિવસ માટે ગાડી ભાડે લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બાદમાં ચર્ચા બાદ તેણે 12 કલાક માટે મહિન્દ્રા થાર ગાડી ભાડે લેવાની ડીલ ફાઈનલ કરી હતી. આ માટે તેણે એડવાન્સ તરીકે 7000 રૂપિયા ચુકવ્યા હતા અને ઓળખ તરીકે આધાર કાર્ડની નકલ પણ જમા કરાવી હતી. તમામ કાગળપત્રની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાહિલ થાર ગાડી લઈને ઓફિસમાંથી નીકળી ગયો હતો. 30 જાન્યુઆરીએ સમય પૂરો થતો હોવા છતાં ગાડી પરત આપવા ન આવતા સંકેતે સાહિલને ફોન કર્યો હતો. પરંતુ સાહિલે આપેલા જે નંબર હતો તે બંધ થઈ ગયો હતો.

નક્કી કરેલો સમય પૂરો થવા છતાં ગાડી પરત ન આવતા સંકેત નકુમે સાહિલને ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સાહિલે આપેલો મોબાઈલ નંબર બંધ આવતો હતો. જેના કારણે શંકા જતા ફરિયાદીએ ગાડીમાં લગાવેલા GPS સિસ્ટમનું લોકેશન ચેક કર્યું હતું. તપાસમાં સામે આવ્યું હતું કે થાર ગાડીનું છેલ્લું લોકેશન દેહગામ નજીક દર્શાવીને GPS બંધ થઈ ગયું હતું. જેથી ફરિયાદીએ અનેક સાહિલને ફોન કરીને સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ફોર્મ બંધ જ આવતા ઠગાઈ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. 15 લાખની કિંમતની થાર ગાડી ભાડે લઈ જઈ પરત ન આપતા ફરિયાદીએ સાહિલ મિયાત્રા સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# ઓલપાડનાં સિવાણ-ભાંરૂડી રોડની એક રેસીડેન્સી માંથી રૂ.૯.૧૨ લાખની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપાયો

## -સુરત જિલ્લા એસ.ઓ.જી.પોલીસે મુદ્દામાલ કબજે લઈ ઘરમાં રહેતા ઓરીસ્સા રાજ્યનાં આરોપીને વોન્ટેડ જાહેર કર્યો

• ઓલપાડ,તા.૩૧

સુરત જિલ્લા એસ.ઓ.જી.પોલીસે ઓલપાડ તાલુકાનાં સિવાણ-ભાંરૂડી રોડની એક રેસીડેન્સી નાં ઘરમાંથી રૂ.૯.૧૨ લાખની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપી ઘરમાં રહેતા ઓરીસ્સા રાજ્યનાં આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે.

ગત શનિવાર, તા.૩૦ મી જાન્યુઆરીના રોજ સુરત જિલ્લા એસ.ઓ.જી.શાખાની પોલીસ ટીમ સાયણ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી,તે સમયે શાખા નાં એ.એસ.આઈ જગદીશ કામરાજ તથા અ.હે.કો.પ્રકાશ વાલજીને બાતમી મળી હતી કે,સિવાણ

ગામની સીમમાં ભાંરૂડી ગામ તરફ જવાના રસ્તા ઉપર આવેલ સિધ્ધી રેસીડેન્સીનાં ઘર નં.૨૧ માં રહેતા એક ઈસમે ગેરકાયદેસર રીતે પાસ-પરમીટ વિનાનો માદક પદાર્થ ગાંજાના જથ્થો સંતાડી વેપલો કરી રહ્યો છે.જે બાતમી નાં પગલે પોલીસ ટીમે બાતમીવાળા ઘરે રેઈડ કરી હતી.આ રેઈડ દરમ્યાન




ઘરમાં સંતાડેલ ગાંજાનો કુલ ૧૮.૨૪૧ કિલોગ્રામ જથ્થો,જેની કુલ કિંમત રૂ.૯,૧૨,૦૫૦ મળી આવતા પોલીસે કબજે લીધો હતો. પરંતુ પોલીસની રેઈડ સમયે ગાંજાનો વેપલો કરતો આરોપી ભગબાન સિમાચલ પ્રધાન(હાલ રહે:સિવાણ ગામ,સિધ્ધી રેસીડેન્સી ઘર નં.૨૧) ઘરે હાજર ન મળતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

આ બાબતે ઓલપાડ પોલીસે એન.ડી.પી.એસ.ની વિવિધ કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી આરોપીને ઝડપવાનાં ચક્રો ગતિમાન કર્યા છે.

# કોચલા પ્રાથમિક શાળામાં સદારામ યુવા સંગઠન કોચલા દ્વારા પ્રીતિ ભોજન આપવામાં આવ્યું

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

સદારામ યુવા સંગઠન કોચલા દ્વારા હર મહિને પ્રીતિ ભોજન આપવામાં આવે છે કોચલા પ્રાથમિક શાળામાં,કોચલા આંગણવાડી કેન્દ્ર 1 અને 2 અને સીધોતર મસાજી ગોળિયા શાળામાં પ્રીતિ ભોજન આપવામાં આવ્યું



થરાદ તાલુકાની કોચલા પ્રાથમિક શાળામાં સદારામ યુવા સંગઠન દ્વારા પ્રીતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું. બાળક ભગવાનનું સ્વરૂપ છે અને તેની ખુશીમાં ભગવાન ખુશ થાય છે અને સાથે જ શીરો અને મગનું પ્રીતિ ભોજન આપવામાં આવ્યું. આ નિમિત્તે ગામના યુવા મિત્રો અને CRC ભેમજી ભાઈ ઉપસ્થિત રહી બાળકોને હેત ભર્યું ભોજન પીરસવામાં આવ્યું. તેમજ લોકો અવાર નવાર કોઈ ને કોઈ રિતે દાન કરતા હોય છે જયારે બાળક એક ભગવાન નુ સ્વરૂપ હોય છે અને લોકો ની પુણ્ય કરવા ની પહેલી પસંદ બાળકો ને ભોજન આપવુ એવી હોય છે CRC ભેમજી ભાઈ નું સદારામ યુવા સંગઠન કોચલા દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું CRC ભેમજી ભાઈ એ સદારામ યુવા સંગઠન નો આભાર માન્યો અને પ્રીતિ ભોજન આપવા બદલ શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે શાળા પરિવાર વતી સદારામ યુવા સંગઠનનો આભાર વ્યક્ત કર્યો.

# સયાજીગંજ પોલીસે રાત્રે રેડ પાડી થેલો ભરીને બોટલો લઈ ગઈ, શિક્ષણધામમાં દારૂની મહેફિલની શંકા

• વડોદરા

વડોદરામાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના બોય્ઝ હોસ્ટેલમાંથી દારૂની જથ્થાબંધ ખાલી બોટલો મળી આવતા કેમ્પસમાં ખળભળાટ મચી ગયો છે. સયાજીગંજ પોલીસે મોડી રાત્રે કરેલી રેડ દરમિયાન એમ.એમ. હોલના એક રૂમમાંથી 25થી 30 ખાલી દારૂની બોટલો તથા એક બોટલમાં દારૂ ભરેલો હોવાનું જાણવા મળ્યું છે.પોલીસ તપાસ દરમિયાન રૂમમાંથી 25થી 30 ખાલી દારૂની બોટલ અને સિગારેટોના બોક્સ મળ્યા પણ મળી આવ્યા હતા. આ તમામ મુદ્દામાલને પોલીસે એક થેલો ભરીને કબજે કરી લીધો છે અને વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. આ મામલે યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા સયાજીગંજ પોલીસ મથકમાં આ મામલે અરજી આપવામાં આવી છે સાથે યુનિવર્સિટી તંત્ર દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી છે.આ ઘટનાની જાણ થતાં જ યુનિવર્સિટી પ્રશાસનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પ્રશાસને આંતરિક તપાસ શરૂ કરી દીધી છે. પોલીસને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર, એ મ.એમ. હોલમાં લાંબા સમયથી દારૂની પાર્ટીઓ યોજાતી હોવાની શંકા વ્યક્ત થઈ રહી છે. આટલી મોટી માત્રામાં નશીલા પદાર્થો હોસ્ટેલમાં કેવી રીતે પહોંચ્યા તે અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. આ ઘટનાએ યુનિવર્સિટી તંત્રમાં ખળભળાટ મચાવી દીધો છે.

ડભોઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)માં ખેડૂત હિતરક્ષક સમિતિના ચાર ચૂંટાયેલા ડિરેક્ટરો દ્વારા

# ડભોઈ તાલુકામાં પ્રથમવાર ખેડૂત મતદારો માટે ઋણ સ્વીકાર્ય કાર્યક્રમ યોજી ખેડૂતહિતમાં એક ઐતિહાસિક પહેલ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)માં ખેડૂત હિતરક્ષક સમિતિના ચાર ચૂંટાયેલા ડિરેકટરો દ્વારા ડભોઈ તાલુકામાં પ્રથમવાર ખેડૂત મતદારો માટે ઋણ સ્વીકાર્ય કાર્યક્રમ યોજી ખેડૂતહિતમાં એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. ડભોઈ તાલુકાના સત્તર ગામ સમાજ પટેલ વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ-બહેનો તથા તાલુકાના અગ્રણીઓ ઉમટી પડ્યા હતા, જે ખેડૂતોના વિશ્વાસનું સ્પષ્ટ પ્રતિબિંબ બન્યું હતું.દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી.કાર્યક્રમમાં ડભોઈના માજી ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ (ઢોલારવાળા), જયેશભાઈ પટેલ (માવલી), ડભોઈ તાલુકા પંચાયતના વિપક્ષ નેતા પ્રહલાદભાઈ પટેલ, ખેડૂત હિતરક્ષક સમિતિના ચૂંટાયેલા ડિરેકટરો પટેલ ધવલભાઈ, પટેલ દીક્ષિતભાઈ,



પટેલ ગૌરવભાઈ, પટેલ વિષ્ણુભાઈ તથા તેમની મજબૂત ટીમ ઉપસ્થિત રહી હતી. આ ઉપરાંત ડભોઈ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુધીરભાઈ બારોટ પણ ખાસ હાજર રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ચાર ચૂંટાયેલા ડિરેકટરો દ્વારા સ્પષ્ટ શબ્દોમાં સમગ્ર ખેડૂત મતદારો પ્રત્યે ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો અને ખેડૂતોનું પુષ્પો દ્વારા સન્માન કરી વિશ્વાસની પરંપરાને મજબૂત બનાવવામાં આવી હતી. ખેડૂત સમાજ તરફથી પણ ડિરેકટરોનું ભાવભર્યું અને ગૌરવપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું.ડિરેકટરોની ચૂંટણી બાદ ડભોઈ APMCમાં કાર્યક્ષમતા અને પરિણામલક્ષી કામગીરીના સ્પષ્ટ પરિણામો સામે આવ્યા છે. તારીખ 2-12-2025 થી 29-1-2026 દરમિયાન ડભોઈ સેન્ટર ખાતે સી.સી.આઈ.માં કપાસ વેચાણ માટે કુલ 6617 ખેડૂતોએ નોંધણી કરાવી હતી. વડોદરા, આનંદ, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર અને પંચમહાલ એમ કુલ છ જિલ્લાઓમાંથી ખેડૂતો જોડાયા હતા. ફૂલ કપાસના કુલ 69078 ક્વિન્ટલ વેચાણ સાથે માર્કેટ શેસફી તરીકે રૂ. 55,35,000ની આવક નોંધાઈ હતી, જ્યારે ગત વર્ષ 2024-25માં આ આવક માત્ર રૂ. 36,74,000 હતી.

આ આંકડાઓ સાબિત કરે છે કે નવા ડિરેકટરોના નેતૃત્વમાં ડભોઈ APMC ખેડૂતલક્ષી અને પારદર્શક દિશામાં આગળ વધી રહી છે. આવનારા દિવસોમાં ખેડૂતોની સુવિધા માટે આધુનિક ખેડૂતલક્ષી ડભોઈ APMC યાર્ડ તેમજ શાકભાજી વિતરણ માટે અલગ યાર્ડ નિર્માણ કરવાની દ્રઢ પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી હતી. સાથે સાથે APMC સંસ્થાપક સ્વર્ગીય ભાઈલાલભાઈ નરોતમભાઈ નું જે સપનું હતું કે તાલુકાના ખેડૂતોને માર્કેટ યાર્ડ જેવી સુવિધાઓનો લાભ મળે એ સપનું પૂરું કરવા માટે અમે ખેડૂત રક્ષક સમિતિ તત્પર રહીશું નું જણાવ્યું હતું

# PSI ભરતીમાં 8679 ઉમેદવાર ક્વોલિફાઈડ:1023 ઉમેદવારને 5 ફેબ્રુઆરીથી ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવાશે

### 2 તારીખથી કોલલેટર ડાઉનલોડ થશે

• ગાંધીનગર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) ભરતી 2024-25 અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. બંને પરીક્ષા પૂર્ણ થયા બાદ ક્વોલિફાઇડ થયેલા 8679 ઉમેદવારનું લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, જે પૈકીના 1023 ઉમેદવારને 5 ફેબ્રુઆરીથી ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બોલાવાશે, જેના કોલલેટર 2 ફેબ્રુઆરીથી ડાઉનલોડ કરી શકાશે.




ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર(PSI)ભરતી2024-25 અંગે મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. ભરતી જાહેરનામા ક્રમાંક GPRB/202324/1 અંતર્ગત હાથ ધરાયેલી આ ભરતીપ્રક્રિયામાં શારીરિક કસોટીમાં ક્વોલિફાઈડ થયેલા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. આ ભરતીપ્રક્રિયામાં કુલ 1,02,935 ઉમેદવારોએ લેખિત પરીક્ષા(પેપર-1અને પેપર-2)આપી હતી. પરીક્ષા નિયમો મુજબ પેપર-1ના Part-A અને Part-Bમાં અલગ-અલગ 40 ટકા ગુણ મેળવેલા ઉમેદવારોમાંથી કુલ 49,591 ઉમેદવારોનાં પેપર-2 (વર્ણનાત્મક)ની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી પેપર-2માં 40 કે તેથી વધુ ગુણ મેળવેલા કુલ 8679 ઉમેદવારોને ક્વોલિફાઈડ જાહેર કરવામાં આવ્યા છે. ભરતી નિયમો અનુસાર, ઉપલબ્ધ ખાલી જગ્યાના આધારે મેરિટ યાદી તૈયાર કરવામાં આવી છે. આ મેરિટ મુજબ ટોચના 1,023 ઉમેદવારને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે. ક્વોલિફાઈડ ઉમેદવારોની યાદી તા. 29 જાન્યુઆરી 2026ના રોજ ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા તા. 5 ફેબ્રુઆરી 2026થી તા. 10 ફેબ્રુઆરી 2026 દરમિયાન ગાંધીનગર સ્થિત ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે યોજાશે. ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટેના કોલલેટર OJAS વેબસાઈટ પરથી તા. 2 ફેબ્રુઆરી 2026ના રોજ બપોરે 2 વાગ્યા બાદ ડાઉનલોડ કરી શકાશે. અનામત જાતિના ઉમેદવારોને પણ ભરતી બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવેલી સૂચનાઓ મુજબ ફરજિયાત દસ્તાવેજ સાથે હાજર રહેવાનું રહેશે. ભરતીપ્રક્રિયાના આગામી તબક્કા અંગે ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**રેલ પ્રબંધક** અમદાવાદ મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણ-અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું

# ભારતની પ્રથમ ગેસ આધારિત ટ્રેન શરૂ કરાઈ, LNG સાથે ડીઝલનો પણ વિકલ્પ

### પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ(LNG)-ડીઝલ આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMU ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું

• અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્થિત ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો(ICD), સાબરમતી ખાતે ભારતીય રેલવેની પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ(LNG)-ડીઝલ આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMU ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું.

અમદાવાદ મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણ-અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં, ભારતીય રેલવેમાં પ્રથમ વખત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ડીઝલ ઈલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ (DEMU)ની ડ્રાઈવિંગ પાવર કાર(DPC)માં LNG આધારિત ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી સફળતાપૂર્વક અપનાવવામાં આવી છે.

આ યોજનાના અંતર્ગત 1400 એચપીની બે DEMU DPCને ડીઝલ+એલએનજી ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવામાં આવી છે, જેમાં લગભગ 40 ટકા સુધી ડીઝલના સ્થાને એલએનજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ બંને પરિવર્તિત DPC પર 2000 કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે અને હાલમાં કોઈપણ સમસ્યા વિના નિયમિત યાત્રી સેવામાં સંચાલિત થઈ રહી છે.

LNG (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીના મુખ્ય લાભો

1.પર્યાવરણીય લાભ

એન્જિનમાંથી નીકળતા પ્રદૂષકોમાં નોંધપાત્ર ઘટાડો, ખાસ



કરીને કાર્બન ડાયોક્સાઈડ(CO), નાઈટ્રોજન ઑક્સાઈડ (NOx) તથા પાર્ટિક્યુલેટ મેટર (PM)માં ઘટાડો.

રેલવે માર્ગોની આસપાસ હવાની ગુણવત્તામાં સુધારો તેમજ રાષ્ટ્રીય પર્યાવરણીય લક્ષ્યોની પૂર્તિમાં સહાયતા.

ઈંધણ ખર્ચમાં ઘટાડો

એલએનજી, ડીઝલની તુલનામાં સસ્તું છે. ડીઝલના સ્થાને આંશિક રીતે એલએનજીના ઉપયોગથી પરિચલાન ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે. પરીક્ષણ આંકડાઓના આધારે એક DPCમાંથી લગભગ 11.9 લાખ પ્રતિ વર્ષ બચત તથા અને એક 8-કોચ DEMU રેક (2 DPC)માંથી લગભગ 23.9 લાખ પ્રતિ વર્ષ બચત શક્ય છે.

2.પરિચલાનમાં ફ્લેક્સિબીલિટી

ડ્યુઅલ ફ્યુઅલ એન્જિન ઈંધણની ઉપલબ્ધતા મુજબ ડીઝલ અને એલએનજી વચ્ચે સરળતાથી સ્વિચ કરી શકે છે, જેના કારણે સેવામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ થતો નથી.

3.કાર્યક્ષમતામાં કોઈ ઘટાડો નથી

ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી આ રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે એન્જિનની શક્તિ અને વિશ્વસનીયતા પરંપરાગત ડીઝલ એન્જિનના સમાન રહે, જેના કારણે ઉત્તમ કાર્યક્ષમતાની સાથે ઈંધણ બચત અને પ્રદૂષણમાં ઘટાડો સુનિશ્ચિત થાય છે.

સ્વીકૃત ડિઝાઈન અનુસાર DPCમાં અંદાજે 2200 લીટર ક્ષમતા (લગભગ 950-1000 કિલોગ્રામ ઉપયોગી એલએનજી) ધરાવતી એલએનજી ટેંક સ્થાપિત કરવામાં આવી છે. એક વખત સંપૂર્ણ ભરાવાથી 222 કિલોમીટરના દૈનિક સંચાલન માટે પર્યાપ્ત એલએનજી ઉપલબ્ધ થાય છે, જેના કારણે વારંવાર ઈંધણ ભરવાની જરૂરિયાત ઓછી રહે છે.

આરડીએસઓ દ્વારા ઉત્સર્જન પરીક્ષણો અને અંતિમ સ્વીકૃતિઓ પછી આ ટેક્નોલોજીને વધુ વિસ્તાર આપવામાં આવશે. આગામી તબક્કામાં વધુ 8 DEMU DPCને ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવાની યોજના છે, જેના કારણે ભારતીય રેલવેની સ્વચ્છ ઊર્જા, ઓછા કાર્બન ઉત્સર્જન અને કિફાયતી સંચાલન પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે.

### અકસ્માતમાં કિશનની પત્ની કોમલબેનને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી

# રાણીપમાં કારચાલકે એક્ટિવા પર જતા દંપતીને ટક્કર મારતા બ્રિજ પરથી પટકાતા મોત

**કરુણ ઘટના** બલોલનગર બ્રિજ પરથી એક્ટિવા પર સવાર થઇ દંપતી જઈ રહ્યું હતું

• અમદાવાદ :

અમદાવાદમાં એક કરુણ ઘટના સામે આવી છે. અહીં રાણીપ વિસ્તારમાં આવેલા બલોલ નગર ખાતે બ્રિજ પરથી એક્ટિવા પર પસાર થતા દંપતીને એક કારચાલકે ટક્કર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. દંપતી બ્રિજ પરથી નીચે પટકાતા કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અમદાવાદના રાણીપ વિસ્તારમાં શુક્રવારની રાત્રે બનેલી હૃદયદ્રાવક અકસ્માતની ઘટનાએ શહેરના બ્રિજોની સુરક્ષા વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા કર્યા છે. હિટ એન્ડ રનની આ ઘટનામાં એક્ટિવા પર જઈ રહેલા દંપતીને કારે ટક્કર મારતા યુવક બ્રિજ પરથી નીચે પટકાયો હતો અને તેનું કરુણ મોત નીપજ્યું છે.

માહિતી અનુસાર આ ઘટના મોડી રાતે બની હતી. જ્યારે બલોલનગર બ્રિજ પરથી એક્ટિવા પર સવાર થઈ દંપતી જઈ રહ્યું હતું તે સમયે જ એક પૂરપાટ ઝડપે દોડતી કારે પાછળથી તેમને ટક્કર મારી હતી જેના પગલે બ્રિજ પરથી દંપતી નીચે પટકાયું હતું. જેમાં ઘટનાસ્થળે જ યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પત્નીને હોસ્પિટલ પહોંચાડાઈ હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું પણ કરુણ મોત નીપજ્યું. આ મામલે રાણીપ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શુક્રવારે રાત્રે આશરે 11:30 વાગ્યે 28 વર્ષીય કિશન સુનીલભાઈ વાછેટા તેની પત્ની કોમલબેન સાથે



એક્ટિવા પર બલોલનગર બ્રિજ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવતી એક અજાણી કારે તેમના સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે કિશન બ્રિજ પરથી સીધો નીચે જમીન પર પટકાયો હતો અને મૃત્યુ પામી ગયો હતો.

મૃતકના મિત્ર અપૂર્વ પરમારે તંત્ર સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, 'જો બ્રિજ પર પ્રોપર સાઈડ રેલિંગ કે સેફ્ટી બેરિયર હોત તો કિશન નીચે ન પટકાયો હોત'. તેમણે SG હાઈવેના બ્રિજોનું ઉદાહરણ આપતા કહ્યું કે ત્યાં સુરક્ષા માટે રેલિંગ છે, તો રાણીપ બ્રિજ પર કેમ નહીં?. વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે બ્રિજ પર લાગેલા CCTV કેમેરા બંધ હાલતમાં છે, જેના કારણે આરોપીને પકડવામાં મુશ્કેલી પડી રહી છે.

ટ્રાફિક પોલીસની 'L' ડિવિઝન ટીમે આ મામલે સઘન તપાસ શરૂ કરી છે. શનિવારે એક્સિડન્ટ રિસર્ચ ટીમે ઘટનાસ્થળની મુલાકાત લઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી પુરાવા એકત્ર કર્યા હતા. પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ રેશ ડ્રાઈવિંગ અને બેદરકારીથી મોત નિપજાવવાનો ગુનો નોંધી ફરાર કારચાલકની શોધખોળ તેજ કરી છે.

અકસ્માતમાં કિશનની પત્ની કોમલબેનને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ મૃત્યુ પામ્યા. એક પરિવારની ખુશીઓને પૂરપાટ ઝડપે આવતી કારે પળભરમાં વિખેરી નાખી છે, ત્યારે સ્થાનિકો હવે બ્રિજ પર વહેલી તકે સેફ્ટી રેલિંગ લગાવવાની માંગ કરી રહ્યા છે.

# રાજ્યભરના તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સ્તરની વહીવટી વ્યવસ્થા ખોરવાવાની ભીતિ

### આ નિર્ણયથી ડભોઇ તાલુકા પંચાયતના કુલ ૬ અનુભવી કર્મચારીઓ પણ અસરગ્રસ્ત બન્યા છે,

• ફકીરા ખત્રી ડભોઈ

ગુજરાત સરકાર દ્વારા લેવાયેલા એક અચાનક અને અણધાર્યા નિર્ણયથી રાજ્યભરના તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સ્તરની વહીવટી વ્યવસ્થા ખોરવાવાની ભીતિ ઉભી થઈ છે. રાજ્યભરમાં તાલુકા પંચાયતોની વિવિધ શાખાઓમાં વર્ષોથી કામગીરી કરતા આર્મી ઈન્ફોટેક લીમીટેડનો કોન્ટ્રાક્ટ ૨૦૨૭ સુધી માન્ય હોવા છતાં સરકાર દ્વારા તેને ૧ ફેબ્રુઆરી ૨૦૨૬થી બંધ કરવાનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેના પરિણામે ૧૫૦૦થી વધુ કર્મચારીઓ સીધા બેરોજગાર થવાના કગાર પર આવી ગયા છે. આ નિર્ણયથી ડભોઈ તાલુકા પંચાયતના કુલ ૬ અનુભવી કર્મચારીઓ પણ અસરગ્રસ્ત બન્યા છે, જે છેલ્લા ૨૦ વર્ષથી વધુ સમયથી તાલુકા અને ગ્રામ પંચાયતના વહીવટમાં ટેકનિકલ આધારસ્તંભ તરીકે કાર્યરત હતા. ડભોઈ તાલુકાની ૮૩ ગ્રામ પંચાયતમાં સરકારની વિવિધ યોજનાઓના અમલ માટે આ કર્મચારીઓ મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરતા હતા.



આ કર્મચારીઓમાં

૧ એમઆઈએસ ઓપરેટર

૩ ટેકનિકલ સપોર્ટ સ્ટાફ

૨ પંદરમા નાણાં પંચ સાથે સંકળાયેલા કર્મચારીઓ

શામેલ છે. ટેકનિકલ સપોર્ટ સ્ટાફ દ્વારા ગ્રામ પંચાયતોમાં રેશનકાર્ડ, વિધવા સહાય, આવક દાખલા, આયુષ્માન કાર્ડ સહિત સરકારની અનેક યોજનાઓ અંગે વી.સી.ઓને માર્ગદર્શન આપવામાં આવતું હતું. હવે તાલુકા સ્તરે એક પણ ટેકનિકલ કર્મચારી ન રહેતાં ગ્રામ પંચાયતની કામગીરી ગંભીર રીતે ખોરવાશે તે નક્કી છે.

આર્મી ઈન્ફોટેક લીમીટેડ સાથે સંકળાયેલા કર્મચારીઓએ પોતાની વ્યથા વ્યક્ત કરતા તાલુકા વિકાસ અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ રજૂઆત કરી છે. સાથે જ સ્થાનિક ધારાસભ્યોને પણ મળીને પોતાની રોજગાર સુરક્ષા અને ગ્રામ પંચાયતોના હિત માટે અવાજ ઉઠાવ્યો છે. કર્મચારીઓની માંગ છે કે ૧-૨-૨૦૨૬ પહેલાં જાહેર કરાયેલ પરિપત્ર રદ કરવામાં આવે અથવા આવા અનુભવી કર્મચારીઓને સરકાર અન્ય વિભાગોમાં સામેલ કરે ની માંગ ઉઠવા પામી છે

# ઘરે આવતા જતા વ્યક્તિએ દુષ્કર્મ આચર્યું, બાદમાં ફરી અડપલા કર્યા; સામે માર મારવાની ક્રોસ ફરિયાદ

• અમદાવાદ

વર્ષ 2021માં ખોખરા પોલીસ મથક ખાતે 43 વર્ષે આરોપી જગદીશ ઠાકોર સામે IPC અને પોક્સો એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા સરકારી વકીલ દિલીપસિંહ.એમ.ઠાકોરની દલીલો, 11 સાહેદ અને 24 પુરાવા ધ્યાને રાખીને જજ એ.બી. ભટ્ટે આરોપીને 10 વર્ષની સખત કેદ અને કુલ 42 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જ્યારે સગીરાને 4 લાખ રૂપિયા વળતર ચૂકવવા માટે હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવામાં આવ્યું હતું. તેમજ મેડિકલ અને FSL પુરાવા રેકર્ડ પર લેવામાં આવ્યા હતા. વર્ષ 2019 માં આરોપી સગીરાના ઘરે આવતો જતો હતો. ત્યારે તેને ઘરમાં એકલી જોઈને દરવાજો બંધ કરીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને બદનામાં કરી દેવાની ધમકી આપી હતી. કેસમાં જણાવ્યા મુજબ તે અવારનવાર આવી રીતે સગીરાનુ શારીરિક શોષણ કરતો હતો. પરંતુ વર્ષ 2021 માં સગીરા સાથે શારીરિક અડપલા કરતા સગીરાના પિતા અને ભાઈ જોઈ ગયા હતા. આથી સગીરાએ સઘળી હકીકત પોતાના પરિજનોને જણાવી હતી.

જ્યારે આરોપી તરફથી બચાવ કરવામાં આવ્યો હતો કે એક નાના ઝઘડાને લઈને તેની ઉપર આવા પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા છે. ખરેખરમાં સગીરા તેને પ્રેમ કરતી હતી. પરંતુ ભોગ બનનારની ઉંમર 17 વર્ષની છે. જ્યારે આરોપી પરિણીત અને બે સંતાનોનો પિતા છે. જો ભોગ બનનાર જો આરોપીને પ્રેમ કરતી હોય તો પણ કાયદા અનુસાર તે ગુનો છે. વળી આરોપીને માર મારવાની ક્રોસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી હતી.

## દેશની પહેલી ગેસ પર ચાલતી ટ્રેન અમદાવાદમાં:ફુલ ટાંકીમાં 2200 કિલોમીટર સુધી દોડી શકે

ભારતની રેલવે સુવિધાઓમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે, જેમાં દેશની સૌપ્રથમ લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) પર ચાલતી ટ્રેન અમદાવાદમાં આવી છે. આ અત્યાધુનિક ટ્રેનની વિશેષતા એ છે કે ટ્રેન ફુલ ટાંકીમાં 2200 કિલોમીટર સુધીનું લાંબું અંતર કાપી શકવાની ક્ષમતા ધરાવે છે.

રેલવેના DRM વેદ પ્રકાશે જણાવ્યા મુજબ ડીઝલ એન્જિનની તુલનામાં આ LNG ફ્યૂઅલ સિસ્ટમ ત્રણ ગણો વધુ ફાયદો આપે છે, જે માત્ર આર્થિક રીતે સસ્તું જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ અત્યંત અનુકૂળ સાબિત થશે.

ભારતીય રેલવે દ્વારા દેશમાં પહેલીવાર LNG એટલે કે લિક્વિફાઇડ નેચરલ ગેસ પર ચાલતી ટ્રેનનું સફળ સંચાલન કરવામાં આવ્યું છે. આ પહેલથી રેલવેને ખર્ચમાં બચત થશે અને પર્યાવરણને પણ મોટો ફાયદો મળશે. હાલ સુધી ટ્રેનોમાં ડીઝલનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે ભારતીય રેલવે DEMU(ડીઝલ મલ્ટીપલ યુનિટ) અને DPC(ડિસ્ટ્રિબ્યુટેડ પાવર કન્ટ્રોલ સિસ્ટમ) ટ્રેનોમાં ડીઝલના બદલે LNG ઈંધણનો ઉપયોગ શરૂ કરી રહી છે. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ 1400 હોર્સપાવર ક્ષમતા ધરાવતી ટ્રેનોને LNG ફ્યૂઅલ સિસ્ટમમાં ફેરવવામાં આવી છે. આ ટ્રેનો અત્યારસુધીમાં 2000 કિલોમીટરથી વધુ અંતર કવર કરી ચૂકી છે અને નિયમિત મુસાફરી સેવાઓમાં પણ ચાલી રહી છે.

### ભવ્ય શોભાયાત્રા અને હવનમાં ઉમટ્યું શ્રદ્ધાળુઓનું મહેરામણ

# ભરૂચમાં શ્રી મોઢેશ્વરી માતાજીનો ૨૬મો પાટોત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન

• ભરૂચ,

શહેરના લિંક રોડ સ્થિત શ્રી ભૃગુપુર મોઢ મોદી સમાજના કુળદેવી શ્રી મોઢેશ્વરી માતાજીના ૨૬મા પાટોત્સવની અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસભર્યા માહોલમાં ઉજવણી કરવામાં આ વી હતી. માતાજીના પ્રાગટ્ય અને પાટોત્સવના આ મંગલ અવસરે વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં મોદી સમાજના અગ્રણીઓ અને ભાવિક ભક્તોએ હાજર રહી આશીર્વાદ મેળવ્યા હતા.

ઉજવણીનો પ્રારંભ ૩૦મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ 'આનંદ ના ગરબા'ના મનોરથ સાથે થયો હતો. પાટોત્સવના



મુખ્ય દિવસે સવારે માતાજીની વિશે ષ આરતી અને કેક કાપી મહોત્સવને ખુલ્લો મુકાયો હતો. બપોરે હિતેશનગર મંદિરથી નીકળેલી ભવ્ય શોભાયાત્રામાં શિનોરની બેન્ડ પાર્ટીના સૂર અને ભક્તો ના જયઘોષથી સમગ્ર મા ર્ગ ગુંજી ઉઠ્યો હતો. આ શોભાયાત્રા સિવિલ રોડ અને શ ક્તિનાથ થઈ લિંક રોડ સ્થિત શ્રી નારાયણ બાપુના આશ્રમે પહોંચી હતી, જ્યાં શ્રદ્ધાળુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સાંજે શાસ્ત્રોક્ત વિધિ મુજબ માતાજીનો હવન યોજાયો હતો, જેમાં સાંજે ૬:૩૦ કલાકે શ્રીફળ હો મવાની વિધિ સાથે પૂ ર્ણા હુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ રાત્રે ભવ્ય મહાઆરતી અને મહાપ્રસાદીનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં જી લ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લિંક રોડ વિસ્તાર માતાજીની ભ ક્તિ ના રંગે રંગાયો હતો. ભૃગુપુર મોઢ મોદી સમાજ દ્વારા આયો જિત આ મહોત્સવમાં ભ ક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષ સ્થાને બર્ડ કન્ઝર્વેશન સોસાયટી દ્વારા વસ્તી ગણતરી-૨૦૨૬ યોજાઈ

### પોરબંદરની ધરતી પર પર્યાવરણ રક્ષણનો સંદેશ : જળચર પક્ષીઓની ગણતરી સાથે વેટલેન્ડ સંરક્ષણનો સંકલ્પ

• ગોસા (ઘેડ),

પોરબંદર જિલ્લામાં પર્યાવરણ સંરક્ષણ અને જળચર પક્ષીઓના સંવર્ધન પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશ્ય સાથે બર્ડ કન્ઝર્વેશન સોસાયટી, ગુજરાત દ્વારા જળચર પક્ષીઓની વસ્તી ગણતરી-૨૦૨૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, 'વિશ્વ વેટલેન્ડ ડે'ના અવસરે કચ્છ જિલ્લાના 'છારી-ઢંઢ' વેટલેન્ડને રામસર સાઈટનો દરજ્જો મળ્યો છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે અને રાજ્યનું પાંચમું રામસર વેટલેન્ડ બન્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, પોરબંદરનું મોકરસાગર વેટલેન્ડ રામસર સાઈટ તરીકે જાહેર કરવા માટેની કામગીરી શરૂ થઈ ગઈ છે તેમજ અન્ય એક વેટલેન્ડ માટે પણ પ્રક્રિયા ચાલી રહી છે.

પર્યાવરણના જતન માટે વેટલેન્ડની અનિવાર્યતા પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું કે, વેટલેન્ડ માત્ર પક્ષીઓ માટે જ નહીં પરંતુ માનવ જીવન અને પર્યાવરણીય સંતુલન માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. નવી પેઢી અને નાગરિકોમાં વેટલેન્ડ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાની અપીલ તેમણે કરી હતી.



વન વિભાગ તથા બર્ડ કન્ઝર્વેશન સોસાયટી જેવા સંગઠનોના નિઃસ્વાર્થ પ્રયાસોને બિરદાવતા મંત્રીએ જણાવ્યું કે, લોકોની જનભાગીદારીના કારણે જ રાજ્યમાં ગ્રીન કવર અને વન્યજીવનનું સંરક્ષણ શક્ય બન્યું છે. વન્યજીવોની સમૃદ્ધિ અંગે ગૌરવ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, બરડા ડુંગરમાં સિંહોનું સફળ પુનઃસ્થાપન થયું છે અને ત્યાં હવે સિંહોનો પરિવાર વસે છે. આ સાથે ગુજરાત એશિયાનું એવું રાજ્ય બનવા જઈ રહ્યું છે જ્યાં સિંહ, દીપડો, વાઘ અને ચિત્તા એમ ચારેય 'બિગ કેટ' જોવા મળશે.

કાર્યક્રમ દરમિયાન જૂનાગઢ વાઈલ્ડલાઈફ સર્કલના વન સંરક્ષક ડૉ. રામરતન નાલા (IFS), પોરબંદર વન વિભાગના નાયબ વન સંરક્ષક ચિરાગ એમ. ચાંદગઢે (IFS), રેન્જ ફોરેસ્ટ ઓફિસર સામતભાઈ ભમ્મર, એસીએફ રાજલબેન પાઠક સહિત વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ ઉપરાંત બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ઓફ ગુજરાતના પ્રમુખ ડૉ. બકુલ ત્રિવેદી, પોરબંદર બર્ડ કાઉન્ટના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર ઉદય વોરા, સામતભાઈ ઓડેદરા, ભીમભાઈ ઓડેદરા, હાથિયાભાઈ ખૂંટી તેમજ ઉદ્યોગ જગતમાંથી નિર્મા લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ આશિષ જોશી અને સૌરાષ્ટ્ર કેમિકલ્સના જનરલ મેનેજર વી.જી. પટોળીયા સહિત પક્ષી ગણતરીમાં ભાગ લેનાર ઉત્સાહી સ્વયંસેવકો અને મોટી સંખ્યામાં પક્ષીપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રિપોર્ટર : વિરમભાઈ કે. આગઠx

**પોલીસ કાર્યવાહી અને તપાસ**

### ડાંગ જિલ્લાના દક્ષિણ માં લાકડા ચોરોનો આતંક, વન કર્મચારી યુવાનની કરપીણ હત્યા

# અજાણ્યા ત્રણ શખ્સોએ લાકડાની ચોરી કરતા અટકાવવા ગયેલા સનતભાઈ બીરારી પર જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા

### ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન હેઠળના બોરીગાવઠા ગામની સીમમાં ગત રાત્રિએ માનવતાને શર્મશાર કરતી અને કાયદો-વ્યવસ્થા સામે સવાલ

• આહવા / ડાંગ

ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન હેઠળના બોરીગાવઠા ગામની સીમમાં ગત રાત્રિએ માનવતાને શર્મશાર કરતી અને કાયદો-વ્યવસ્થા સામે સવાલ ઉઠાવતી એક ઘટના સામે આવી છે. વઘઈ રેન્જમાં લાકડા ચોરી કરતા અટકાવવા ગયેલા એક જાગૃત નાગરિક અને વન પ્રેમી યુવાન સનતભાઈ ગનસુભાઈ બીરારીની ત્રણ અજાણ્યા લાકડા ચોરોએ ઘાતકી હત્યા કરી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગ ના ચીચીનાગાવઠા રેન્જ ફોરેસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા હરેશકુમાર રણછોડભાઈ ચૌધરીએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઘટના તા. ૩૧-૧-૨૦૨૬ના રોજ વહેલી સવારે ૧:૨૧ થી ૨:૦૦ વાગ્યાના અરસામાં બની હતી. મોજે બોરીગાવઠા ગામે આંબાવાડી ફળીયામાં મોતીરામભાઈ ભીકલભાઈ ચૌધરીના ખેતર પાસે આવેલા જાહેર રોડ પર, જે બીટ નં. ૦૨ની હદમાં આવે છે, ત્યાં આ લોહીયાળ ખેલ ખેલાયો હતો. મરણ જનાર સનતભાઈ ગનસુભાઈ




બીરારી (રહે. વાંઝટઆંબા, તા. વઘઈ) ને બાતમી મળી હતી અથવા તેમણે જોયું હતું કે અજાણ્યા ત્રણ ઈસમો વન સંપદાની ચોરી કરી રહ્યા છે. એક જવાબદાર નાગરિક તરીકે સનતભાઈએ આ ચોરોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

જ્યારે સનતભાઈએ આ ત્રણેય અજાણ્યા લાકડા ચોરોને પડકાર્યા, ત્યારે ચોરોએ ભાગવાને બદલે સનતભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. ઉશ્કેરાયેલા ત્રણેય શખ્સોએ પોતાની પાસે રહેલા લાકડાના ફટકા તેમજ અન્ય કોઈ ધારદાર હથિયારો વડે સનતભાઈ પર તૂટી પડ્યા હતા. હુમલાખોરોએ સનતભાઈના માથાના ભાગે અને કપાળ પર ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલો એટલો ભયાનક હતો કે સનતભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ ત્રણેય આરોપીઓ અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ વઘઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. હરેશકુમાર ચૌધરીની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૧૦૩(૧) (હત્યા) અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સરકારી મિલકત અને જંગલોના રક્ષણ માટે પોતાનો જીવ જોખમમાં મૂકનાર સનતભાઈની હત્યાને પગલે સ્થાનિક આદિવાસી સમાજ અને વન વિભાગના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વઘઈ પોલીસ દ્વારા આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરવામાં આવી છે.

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ડાંગના જંગલોમાં લાકડા ચોરો કેટલા બેફામ બન્યા છે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ ક્યારે આ ખૂનીઓને જેલના સળિયા પાછળ ધકેલે છે.

### દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી

# થરાદના સણાવિયા ખાતે સહયોગ વિધાલયમાં વિધાર્થી માર્ગદર્શન સેમિનારમાં યોજાયો

**સેમિનાર** સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે વાવ થરાદ જિલ્લા પોલીસ વડા ચિંતન તૈરૈયા સાહેબ હાજર રહ્યા હતા

• અહેવાલ... ત્રિકમ ઠાકોર વાવ થરાદ

પોલીસ કોન્સ્ટેબલ અને પી.એસ.આઈ ની તૈયારી કરતા વિધાર્થીઓના માર્ગદર્શન પુરુ પાડવા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. હાઈસ્કૂલની વિધાર્થીનીઓએ સ્વાગત ગીત પર મહેમાનોનું સ્વાગત કર્યુ હતું.

આ કાર્યક્રમ ઉપસ્થિત SP ચિંતન તેરૈયા સાહેબે શિક્ષણ લક્ષી ઉદબોધન કર્યું હતું. પોલીસ કોન્સ્ટેબલ અનેPSIની તૈયારી કરતા વિધાર્થીઓને પોતાનો એક ગોલ હોવો જરુરી છે એના અનુસંધાને મહેનત કરવા અપીલ કરી હતી.કોઈ પણ સમયે દરેકનું ઉચું સ્ટેટસ હોવુ જરૂર છે. કાપરા કોલેજથી ઉપસ્થિત રહેલ ડૉ.હેમુભા સોઢાને પણ ખુબ શિક્ષણ લક્ષી વિચારો બાળકો આગળ રજુ કર્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજક યુવા અગ્રણી જગતાજી ઠાકોરે કર્યું હતું. શિક્ષણ માટે દરેક યુવાન મિત્રોએ યથાગ પ્રયત્ન




કરવા જગતાજી ઠાકોરે અપિલ કરી હતી. રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં વાવ થરાદ જિલ્લામાં ખુબ કુશળ નેતૃત્વ કરી કાર્યક્રમની શોભા વધારવામાં જિલ્લા પોલીસ વડા ચિંતન તેરૈયાની સણાવિયા ગામના યુવા અગ્રણી જગતાજી ઠાકોરે પરસંસા કરી હતી.

સહયોગ વિધાલયના આચાર્ય સુરેશભાઈ ચાવડાએ કાર્યક્રમને અનુકુળ ઉદબોધન કર્યું હતું. તથા શિક્ષક કિર્તીભાઈ ઠાકોર પણ પ્રસંગને આધીન ઉદબોધન કર્યુ હતું. હાઈસ્કૂલના સ્ટાફ નયનાબેને પણ વિધાર્થીનીઓને પ્રસંગ અનુકુળ સ્વાગત ગીતની રુપરેખા આપી તૈયાર કર્યા હતા. વિધાર્થી માર્ગદર્શન સેમિનાર ઉપસ્થિત પોલીસ વડા ચિંતન તેરૈયા સાહેબનું સાફો પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોનું સાલ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું.

પોલીસ કોન્સ્ટેબલમાં સિલેક્ટ થયેલ ગામના યુવાનોનું સાલ વડે સન્માનીત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં અંતે SP ચિંતન તેરૈયાએ સણાવિયા શિવ મંદિરના દર્શન કરી લાઈબ્રેરીની મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમમાં psi ધોકડીયા સાહેબ ,હાઈસ્કૂલના ટ્રસ્ટી હસુભાઈ પટેલ, સરપંચ, ઉપપ્રમુખ સરપંચ, ડે સરપંચ, ગામમાંથી વડીલો યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઢીમા ખાતે ગજ્જર સુથાર સમાજ ત્રણ પરગણ દ્વારા વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી

### ઢીમા ગામે ત્રિદિવસીય કથા, યજ્ઞ સાથે ધર્મશાળા અને લાયબ્રેરીનું ઉદ્ઘાટન વિશ્વકર્મા જયંતી ની ઉજવણી કરાઈ

• વાવ થરાદ

વાવ થરાદ જિલ્લાના ધરણીધર તાલુકાના ઢીમા ગામે સુથાર સમાજના ઈષ્ટદેવ ભગવાન વિશ્વકર્માની જયંતી મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે વિશ્વકર્મા મંદિર ખાતે ત્રિદિવસીય કથા, પંચકુંડી યજ્ઞ તેમજ ધર્મશાળા, વાસ્તુ અને લાયબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ઢીમા ગામે સુથાર સમાજના ઈષ્ટદેવ વિશ્વકર્મા ભગવાનની જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ વિશ્વકર્મા મંદિર ખાતે ત્રિદિવસીય કથા, પંચકુંડી યજ્ઞ તેમજ ધર્મશાળા, વાસ્તુ અને લાયબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા જયંતીના દિવસે મહાપૂજા અને મહાઆરતી સાથે મહોત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવી. ઢીમા ગામે ગજ્જર સુથાર સમાજ ત્રણ પરગણ દ્વારા સમાજના ઈષ્ટદેવ ભગવાન વિશ્વકર્માની જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. ઢીમા સ્થિત વિશ્વકર્મા મંદિર ખાતે આ પ્રસંગે ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં




આવ્યું હતું. આ દરમિયાન સુથાર સમાજના ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ લીધા હતા. આ સમગ્ર કાર્યક્રમ ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો અને સમાજમાં એકતા, સંસ્કાર અને ધાર્મિક ભાવનાને વધુ મજબૂત બનાવનાર રહ્યો હતો.

# ગાંધીનગરમાં આંગણવાડી બહેનોની વધુ એક વખત પોકાર :મોબાઈલ નથી તો ઓનલાઈન કામ પણ નહીં, જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવ્યું

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરી આજે આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના ઉગ્ર સૂત્રોચ્ચારથી ગુંજી ઉઠી હતી. અખિલ ગુજરાત આંગણવાડી કર્મચારી સંઘના નેજા હેઠળ મોટી સંખ્યામાં એકત્ર થયેલી મહિલાઓએ સરકારની નીતિઓ સામે વિરોધ પ્રદર્શન કરી વધુ એક વખત આવેદનપત્ર પાઠવ્યું હતું.આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર સરકાર દ્વારા વર્ષ 2022માં કરાર કરવામાં આવ્યો હોવા છતાં છેલ્લા ત્રણ વર્ષથી આંગણવાડી બહેનોને મોબાઈલ ફોન આપવામાં આવ્યા નથી. બીજી તરફ તમામ કામગીરી ફરજિયાત ઓનલાઈન કરી દેવામાં આવી હોવાથી ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓને પોતાના ખર્ચે ફોન ખરીદવાની ફરજ પાડવામાં આવે છે.કર્મચારી સંઘે ગંભીર આક્ષેપ કર્યો છે કે, હાલમાં લોન્ચ થયેલી AVT એપ્લિકેશન અત્યંત ખામીયુક્ત છે અને નેટવર્કના અભાવે ડાઉનલોડ પણ થતી નથી. પૂરતી તાલીમ કે માર્ગદર્શન વગર આ એપમાં કામ સોંપવામાં આવે છે અને જો કામમાં સહેજ પણ ભૂલ થાય તો સીધી જ નોટિસ આપી પગાર કાપવાની જોહુકમીભરી કાર્યવાહી કરવામાં આવે છે.વધુમાં એપ્લિકેશનમાં ફોટો પાડી અપલોડ ન કરાય તો ઓછું રાશન આપવાની અતાર્કિક વાતો કરી મહિલા કર્મચારીઓને માનસિક રીતે હતાશ કરવામાં આવી રહી છે. મહિલાઓએ રોષ ઠાલવતા જણાવ્યું હતું કે માત્ર રૂ. 10,000 અને રૂ. 5500 જેવા નજીવા વેતનમાં કામ કરતી મહિલાઓ પર સતત કામનું ભારણ વધારાઈ રહ્યું છે.હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરી વેતન વધારવાને બદલે સરકાર માત્ર ઓનલાઈન કામગીરીમાં વધારો કરી રહી છે જે ખૂબ જ દુ:ખદ બાબત છે.

# ગઢવાડા-દાંતારી રબારી સમાજનો ક્રાંતિકારી નિર્ણય:લગ્ન પ્રસંગે ડીજે-વરઘોડો, ફટાકડા તો મરણ પ્રસંગે વ્યસનો પર પ્રતિબંધ

• મહેસાણા

સામાજિક કુરિવાજોને દૂર કરવા અને મધ્યમવર્ગીય પરિવારોને આર્થિક બોજમાંથી ઉગારવા માટે ગઢવાડા-દાંતારી રબારી સમાજ દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. સતલાસણા અને દાતા તાલુકાના વિવિધ ગામોના સમાજના અગ્રણીઓની હાજરીમાં મળેલી બેઠકમાં સમાજનું નવું બંધારણ સર્વાનુમતે અમલી બનાવવામાં આવ્યું છે. આ બંધારણ મુજબ હવે લગ્ન પ્રસંગોમાં ડી.જે., વરઘોડો અને ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. લગ્નમાં સાદી ચોરી અને સાદો જમણવાર રાખવાની સાથે વીડિયોગ્રાફી પણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. સામાજિક મોભા પાછળ થતા અંધાધૂંધ ખર્ચને રોકવા મામેરાની રકમ મર્યાદિત કરી દેવામાં આવી છે અને પત્રિકાઓ છપાવવાને બદલે વોટ્સએપ આમંત્રણને માન્યતા આપવામાં આવી છે. મરણ પ્રસંગે પણ સમાજે અત્યંત ગંભીરતા દાખવીને અફીણ-ડોડા જેવા નશા મુક્ત રહેવા અને સાદગીપૂર્ણ લોકાચાર પાળવા પર ભાર મૂક્યો છે. છૂટાછેડાના કિસ્સામાં સમાજની શિસ્ત જળવાઈ રહે તે માટે કડક આર્થિક દંડની જોગવાઈ કરવામાં આવી છે, જેમાં કુવારું સગપણ તૂટે તો 5 લાખ અને સંતાનો સાથે છૂટાછેડાના કિસ્સામાં 21 લાખ રૂપિયા સુધીના વળતરનો નિયમ બનાવ્યો છે.ઈશ્વરભાઈ હડોલ, લીલાભાઈ હડોલ અને તેજાભાઈ ભચડિયા સહિતના અગ્રણીઓએ ભેગા મળીને સતલાસણા, ટીંબા, હડોલ, સુદાસણા સહિતના પરગણાના ગામો માટે આ નિયમો લાગુ કર્યા છે.

### અંબાજી ગબ્બર પરિક્રમાઃ હિંમતનગરથી 916 ભક્તો રવાના

# 19 ગામોના શ્રદ્ધાળુઓ એસટી બસમાં બેસી અંબાજી પહોંચ્યા

• સાબરકાંઠા (હિંમતનગર)

અંબાજી ખાતે ત્રિદિવસીય 51 શક્તિપીઠ ગબ્બર પરિક્રમા મહોત્સવનો પ્રારંભ થયો છે. આજે મહોત્સવનો બીજો દિવસ છે. હિંમતનગર તાલુકાના 19 ગામોમાંથી 916 ભક્તો એસટી બસોમાં નિઃશુલ્ક અંબાજી જવા રવાના થયા હતા.

આ ભક્તો શનિવારે સવારે તેમના ગામોમાં મુકવામાં આવેલી એસટી બસોમાં બેસીને અંબાજી જવા રવાના થયા હતા. જિલ્લામાં પરિક્રમા માટે કુલ 65 બસો ફાળવવામાં આવી છે.

હિંમતનગર તાલુકાના હડિયોલ, લિખિ, વિરાવાડા, પ્રેમપુર, બેરણા, ખેડાવાડા, બાવસર, કનાઈ, કાનડા, ઘોરવાડા, કાણીયોલ, સાયબાપુર, વક્તાપુર, જામળા, હાંસલપુર, મહાદેવપુરા સહિત 19 ગામોના શ્રદ્ધાળુઓએ આ સેવાનો લાભ લીધો હતો.

જિલ્લામાં વડાલી તાલુકામાં 8, ઈડરમાં 14, હિંમતનગરમાં 19 અને પ્રાંતિજમાં 4 સહિત અન્ય તાલુકાઓમાં મળીને કુલ 65 એસટી બસો ફાળવવામાં આવી છે. આ ત્રિદિવસીય પરિક્રમા મહોત્સવનો આવતીકાલે અંતિમ દિવસ છે.




## બદલાતા વૈશ્વિક સમીકરણો વચ્ચે ભારત-જર્મનીની વધતી નજદીકી બન્ને દેશ માટે ફાયદારૂપ

આ મહિનાની શરૂઆતમાં, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝની ભારત મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં શાંત પરંતુ નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. આ મુલાકાતની સૌથી મોટી સિદ્ધિ સંરક્ષણ ઔદ્યોગિક સહકાર રોડમેપ પર સંયુક્ત ઉદ્દેશ્ય ઘોષણા હતી. આ ભારત અને યુરોપ વચ્ચેના સંરક્ષણ સંબંધોમાં લાંબા સમયથી ચાલતા ખરીદનાર-વેચનાર મોડેલથી સ્પષ્ટ પરિવર્તન દર્શાવે છે.

ફ્રેડરિક મેર્ઝના પ્રતિનિધિમંડળમાં જર્મનીના સબમરીન ઉદ્યોગના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ સામેલ હતા, જેના કારણે છ અદ્યતન પરંપરાગત સબમરીન મેળવવાના ભારતના લાંબા સમયથી પડતર પ્રોજેક્ટમાં પણ નોંધપાત્ર પ્રગતિ જોવા મળી. આ વિકસતી ભાગીદારીના બીજા મહત્વપૂર્ણ સ્તંભ તરીકે ટકાઉ વિકાસ ઉભરી આવ્યો છે. ગ્રીન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પાર્ટનરશિપ હેઠળ જર્મનીની વધારાની ૧.૨૪ બિલિયન યુરો સહાય પ્રતિબદ્ધતા ભારતના ઉર્જા સંક્રમણ માટેના મુખ્ય ક્ષેત્રોને લક્ષ્ય બનાવે છે, જેમાં ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક ગતિશીલતા અને આબોહવા-સ્થિતિસ્થાપક શહેરી માળખાના નિર્માણનો સમાવેશ થાય છે. ભારતના એએમ ગ્રીન અને જર્મનીના યુનિપર વચ્ચેનો ગ્રીન એમોનિયા સંપાદન કરાર દર્શાવે છે કે કેવી રીતે આબોહવા સહયોગને ઔદ્યોગિક વ્યૂહરચના અને લાંબા ગાળાની ઉર્જા સુરક્ષા સાથે સંકલિત કરવામાં આવી રહ્યો છે.આ મુલાકાતમાં કેટલીક નાની લાગતી પણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ પહેલોની પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા-મુક્ત એરપોર્ટ ટ્રાન્ઝિટ રજૂ કરવામાં આવી હતી. ઉચ્ચ શિક્ષણ માટે એક નવો રોડમેપ વિકસાવવામાં આવ્યો હતો, જેમાં જર્મન યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને ભારતીય વ્યાવસાયિકોની નૈતિક ભરતીને સરળ બનાવવામાં આવી હતી. એકંદરે, આ પહેલો ભારતની 'વિકસિત ભારત' મહત્વાકાંક્ષાઓને જર્મનીના વ્યૂહાત્મક સુગમતાના વ્યાપક પ્રયાસ સાથે સંરેખિત કરે છે. મહાન શક્તિ સ્પર્ધા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની પરિસ્થિતિને વધુને વધુ પ્રભાવિત કરી રહી હોવાથી, જર્મની ભારતને સંતુલિત પ્રાદેશિક વ્યવસ્થા જાળવવામાં એક મુખ્ય ભાગીદાર તરીકે જુએ છે. ભારતીય પાસપોર્ટ ધારકો માટે વિઝા-મુક્ત એરપોર્ટ ટ્રાન્ઝિટ રજૂ કરવામાં આવ્યું. ઉચ્ચ શિક્ષણ માટે એક નવો રોડમેપ વિકસાવવામાં આવ્યો, જેમાં જર્મન યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને ભારતીય વ્યાવસાયિકોની નૈતિક ભરતીને સરળ બનાવવામાં આવી.

# વિકાસના વર્ચ્યુઅલ વાયદાઓ અને બેરોજગારીની વરવી વાસ્તવિકતા

EDITORIAL



**શહેરી બેરોજગારીનો દર અંદાજે સાત ટકા પહોંચી ગયો હતો. બીજી તરફ અઢાર વર્ષથી ત્રીસ વર્ષની ઉંમરના વયજુથના યુવાનોમાં બેરોજગારીનો દર ૧૨ ટકા જેટલો હતો. સંશોધકોએ નોંધ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ મેળવેલા યુવાનોમાં બેજરોજગારીનો દર તો તેના કરતા પણ વધારે હતો : ખરેખર વિકાસ થઈ રહ્યો છે તો ભારત કઈ દિશામાં આગળ વધી રહ્યો છે**

ભારતના વિકાસની, તેની આર્થિક ગતિની કે પછી વૈશ્વિક ધોરણે સૌથી મજબૂત ઈકોનોમી બનવા તરફની જે આગેકૂચની વાતો અને વાયદા થઈ રહ્યા છે તેની સામે તાજેતરમાં કેટલીક વાસ્તવિકતા આવી છે જે આશ્ચર્યજનક અને આંચકાજનક છે. મોટા મોટા રોકાણો, વિકાસદર અને મોટા આયોજનોના આવરણો ચડાવીને વધતી જતી રોજગારીને વર્ચ્યુઅલ વિકાસના વાયદા તરીકે રજૂ કરવામાં આવી છે. એક તરફ ભારતને સૌથી ઝડપથી વધી રહેલી ઈકોનોમી તરીકે રજૂ કરવાના કાગળ ઉપરના અને પોસ્ટરો પરના ભરચક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યાં બીજી તરફ જમીની વાસ્તવિકતા એવી છે કે, શિક્ષિત યુવાનોમાં રોજગારીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. આ ઉપરાંત અસ્થિર રોજગાર અને ઘટતી આવક પણ યુવાનોના ભાવી અંગે મોટો સવાલ ઊભો કરી રહી છે.

શ્રમ મંત્રાલય અને નેશનલ સ્ટેસ્ટિકલ ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા જણાવે છે કે, દેશના શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર સતત વધી રહ્યો છે. તેના કારણે યુવાનો અને ખાસ કરીને શિક્ષિત યુવાનો માટે નવા જ પડકારો સર્જાઈ રહ્યા છે. આ આંકડાનો વિરોધાભાસ એવી વાસ્તવિકતા છે જે છેલ્લાં ઘણા સમયથી વિકાસના આવરણ હેઠળ રજૂ કરવામાં આવી રહી છે. જાણકારોના મતે હાલમાં દેશની ૬૫ ટકાથી વધારે વસતી ૪૫ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરની છે. બીજી તરફ દર વર્ષે એક કરોડ કરતા વધારે યુવાનો રોજગારીની શોધમાં માર્કેટમાં ફરતા હોય છે. દર વર્ષે એક કરોડ લોકોને રોજગાર આપવો ત્યારે જ શક્ય બને જ્યારે અર્થતંત્ર યોગ્ય અને ગુણવત્તાસભર રીતે આગળ વધતું હોય અને રોજગારના અવસરોનું સર્જન કરી શકતું હોય. તેની સામે વાસ્તવિકતા એવી છે કે, સંગઠિત ક્ષેત્રમાં નવી નોકરીઓની સંખ્યા અત્યંત સિમિત છે અને તેના કારણે લાખો યુવાનોને રોજગારી મળતી નથી.

બે વર્ષ પહેલાની જ વાત કરીએ તો ૨૦૨૪માં આવેલા પિરિયોડિક લેબર સર્વેના તારણોમાં સ્પષ્ટ થતું હતું કે, તે સમયે પણ શહેરી બેરોજગારીનો દર અંદાજે સાત ટકા પહોંચી ગયો હતો. બીજી તરફ અઢાર વર્ષથી ત્રીસ વર્ષની ઉંમરના વયજુથના યુવાનોમાં બેરોજગારીનો દર ૧૨ ટકા જેટલો હતો. સંશોધકોએ નોંધ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ મેળવેલા યુવાનોમાં બેજરોજગારીનો દર તો તેના કરતા પણ વધારે હતો. એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને ગ્રેજ્યુએશન જેવી ડિગ્રી લેનારા લાખો લોકો કામની શોધમાં ભટકતા હતા અને હાલમાં પણ ભટકે છે. આ ઉપરાંત તેમણે પોતાની યોગ્યતા કરતા ઓછા પગારમાં અને અસ્થાયી અને આકરી શરતોએ નોકરી કરવા મજબૂર થવું પડે છે. તેના કારણે આર્થિક અસુરક્ષા ઊભી થઈ રહી છે અને તેને પગલે સામાજિક અસંતોષ અને માનસિક દબાણ પણ વધી




રહ્યા છે. શહરોમાં જ રોજગારીની સમસ્યા છે તેવું નથી. ગ્રામીણ ભારતમાં પણ રોજગારીની વરવી સમસ્યાઓ જ છે. ખેતી ઉપર આધારિત વસ્તીની સરેરાશ આજે પણ અંદાજે ૪૫ ટકા છે જ્યારે ખેતીનું જીડીપીમાં યોગદાન ૧૫ ટકાથી પણ ઓછું થઈ ગયું છે. ખેતી દ્વારા આવક વધારવાની સરકારની તમામ જાહેરાતો અને વાયદા પોકળ જ સાબિત થયા છે. ખેડૂતોની આવકમાં વધારો થયો જ નથી અને મોટાભાગના લોકો ગ્રામ્ય વિસ્તારમાંથી પણ ઓછી ઉત્પાદકતા ધરાવતા અન્ય વ્યવસાયો તરફ ફંટાવા લાગ્યા છે. જાણકારો માને છે કે, દેશના મોટાભાગના ખેડૂતો અને તેમના પરિવારની માસિક આવક આજે પણ એટલી નથી હોતી કે તેઓ સન્માનજનક રીતે અથવા તો સુવિધાસભર જીવન જીવી શકે. તેના પરિણામે યુવાનો દ્વારા ગામડા છોડીને શહેરો તરફ પલાયન કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા છેલ્લાં એક દાયકામાં રોજગારી વધારવા અને બેરોજગારી ઘટાડવા માટે અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. કૌશલ વિકાસ મિશન, આત્મનિર્ભર ભારત જેવી યોજનાઓ અને કાર્યક્રમો દેશભરમાં કરવામાં આવ્યા. તેના દ્વારા નવી નોકરીઓ, રોજગારોનું સર્જન થયું અને એન્ટરપ્રિન્યોરશિપમાં વધારો થયો હોવાના આંકડા ફરતા કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા હેઠળ બે લાખથી વધારે નવા ઉદ્યોગો અને બિઝનેસનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને તેના દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાખો રોજગારોનું સર્જન થયાના દાવા કરવામાં આવ્યા હતા. વાસ્તવિકતા એવી છે કે, આ રોજગારીનો મોટો ભાગ અસ્થાયી, માત્ર યોજના આધારિત અને ડિજિટલ માધ્યમો સાથે જોડાયેલો છે. બીજી તરફ તેમાં સામાજિક સુરક્ષા, લાંબાગાળાની સ્થિરતા અને નક્કરતાનો પણ અભાવ છે. તે ઉપરાંત ઘણા સ્ટાર્ટઅપનું બાળમરણ થઈ ગયું છે જેના વિશે ચર્ચા જ થતી નથી કે તેની કોઈ માહિતી અપાતી જ નથી.

આ ઉપરાંત આંચકાજનક બાબત એવી છે કે, ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં પણ ધારીએ તેવો અને આંકડાઓમાં બતાવાયેલો વિકાસ થયો નથી. મેન્યુફેક્ચરિંગ સેક્ટરને ઈકોનોમી અને રોજગાર સર્જનનું એન્જિન માનવામાં આવે છે પણ ભારતમાં આ સેક્ટરનું જીડીપીમાં કુલ યોગદાન ૧૬ ટકાની આસપાસ છે. ચીન, વિયેતનામ અને બાંગ્લાદેશ જેવા દેશોની સરખામણીએ ભારતમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર ખૂબ જ પાછળ અને પછાત હોવાનું દેખાઈ રહ્યું છે. ઉદ્યોગો સાથે સંકળાયેલા લોકો માને છે કે, ભારતમાં શ્રમ કાયદાની જટિલતા, ભૂમિ અધિગ્રહણની મુશ્કેલીઓ, માળખાગત સંશાધનોનો અભાવ, ભ્રષ્ટાચાર, વૈશ્વિક સ્પર્ધા વચ્ચે સરકારની મદદ અને સાથનો અભાવ આ સેક્ટરમાં દબાણ ઊભું કરી રહ્યો છે. તેની સીધી અસર રોજગાર સર્જન ઉપર જોવા મળી રહી છે. તેના પગલે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં રોજગારી ઘટી રહી છે. બીજી ચિંતાજનક બાબત એવી છે કે, મહિલાઓની પણ બેરોજગારીની સમસ્યા તરફ કોઈનું ધ્યાન નથી. શિક્ષિત હોવા છતાં, યોગ્યતા હોવા છતાં મહિલાઓને આર્થિક, પારિવારિક અને સામાજિક કારણોને લીધે યોગ્ય કામગીરીથી દૂર રખાય છે અથવા તો તેમને રોજગારી જ આપવામાં આવતી નથી.

# ગાંધીજીનો બુક રિવ્યુ અને મુંજના શબનો રોટલો

'પુસ્તકો વાંચવાનો કે ફિલ્મો-નાટકો જોવાનો મારી પાસે સમય જ નથી. કામમાંથી ફૂરસદ મળે તોને?' આવું બોલતા પહેલાં કે ઈવન વિચારતા પહેલાં અટકી જજો. દેશને આઝાદી અપાવવા જેવું વિરાટ કામ કરવાનું હોવા છતાં ગાંધીજી જો વચ્ચે વચ્ચે નવલકથાઓ વાંચવાનો, એટલું જ નહીં, એનો રિવ્યુ કરવાનો સમય કાઢી લેતા હોય તો આપણે કઈ વાડીના મૂળા? ૧૯૩૫માં બ્રિટનની પાર્લામેન્ટમાં ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ પાસ થયો ને તે ભારતમાં લાગુ પણ પડયો. ભારતને આઝાદી તરફ દોરી જતું અંગ્રેજોનું આ પહેલું કાયદેસરનું પગલું. આ અરસામાં ગાંધીજીએ કનૈયાલાલ માણેકલાલ મુનશીની વિખ્યાત 'પૃથિવીવલ્લભ'નવલકથા વાંચી. એને નવલકથાને બદલે ખરેખર તો લઘુનવલ કહેવી જોઈએ. માંડ ૧૭૦ પાનાંની, એક જ બેઠકમાં વાંચી શકાય એવી રસાળ અને ઘટનાપ્રચુર એવી આ ઐતિહાસિક કથા છે. માલવપતિ મુંજ તેના નાયક છે. 'પૃથિવીવલ્લભ' પરથી હિન્દી અને ગુજરાતી એમ બન્ને ભાષામાં ફિલ્મો પણ બની છે.

'પૃથિવીવલ્લભ' વાંચ્યા પછી ગાંધીજીએ મુનશીને એક પત્ર લખ્યો. તેમાં નવલકથાની વિગતવાર સમીક્ષા કરી. પોતાને શા માટે આ નવલકથા ખાસ ન ગમી તેનાં કારણો પણ લખ્યાં. મુનશીએ સામો પત્ર લખીને ખુલાસા કર્યા. વાંચીને મજા પડી જાય એવો આ પત્રવ્યવહાર છે. ગાંધીજી 'પૃથિવીવલ્લભ'નું શોર્ટ ફોર્મ 'પ્ર. વ.' એ રીતે કરે છે. સેગાંવ, વર્ધા (મહારાષ્ટ્ર)થી ૨૬ સપ્ટેમ્બર ૧૯૩૬ના રોજ ગાંધીજી લખે છેઃ

કાકાસાહેબ તમારા પરિચયમાં ખૂબ આવી રહ્યા છે, તેથી તમારાં લખાણો વાંચવાની તક મેળવી લે છે. તેમણે 'પૃથિવીવલ્લભ'વાંચ્યું ને મને વાંચી જઈ તેની ઉપર અભિપ્રાય આપવાનો આગ્રહ કર્યો. ચાર દિવસ પહેલાં વાંચી નાખ્યું ને હવે મારો અભિપ્રાય તમને જ મોકલું છું. કાકાસાહેબ આ વાંચશે, તમે તો મને તમારાં કેટલાંક પુસ્તક જેલમાં જ મોકલ્યાં હતાં ત્યાં તો તેમાંનું કંઈ વાંચવા ન પામ્યો. તમે તે વખતે જ મારો અભિપ્રાય માગ્યો હતો. 'પ્ર. વ.' બહુ રસપૂર્વક વાંચી ગયો. તેમાંનું એક્કેય પાત્ર મને ગમ્યું નહીં. મુંજ જેવા થવાની ઈચ્છા પણ ન થઈ. એમ કેમ? પાત્રોને હોય તેવાં તમે ચીતર્યાં છે એમ કહું તો એ બરોબર બંધ નહીં બેસે. આ પંચરંગી દુનિયામાં કોઈક તો સારા હશે, દંભ વિનાના હશે, કોઈક તો વફાદાર હશે. મૃણાલના તમે ચૂરા કર્યા, વિલાસ બિચારી રસનિધિ આગળ મીણ થઈ ગઈ. પુરુષો એવા ધૂર્ત ને ચાલીસ વર્ષની કદરૂપી પણ પુરુષની મોહક વાતમાં ને તેના ચાળામાં પોતાના હાથ હેઠે નાખી દે? માણસ વાંચે શાને સારું? કેવળ મોજ માણવા ને તે પણ કેવી? કાલિદાસે એવું ન લખ્યું, શેક્સપિયરની છાપ મારી ઉપર એવી ન પડી. તેઓની પાસેથી કંઈક શીખ્યો. તમારી પાસેથી કેમ નહીં? તમે પોતે તો મને રૂપાળા લાગો છો. તમારી તરફ હું આકર્ષાયો છું. તમ બંનેની પાસેથી ઘણું મેળવવાની આશાઓ બાંધી રહ્યો છું. તમારી જે સારામાં સારી કૃતિ ગણાય છે (પ્ર. વ. ગણાય છે ના?) તેમાં હું કેમ તમારું દર્શન ન કરી શક્યો? આ મારી ગૂંચ કાકા થોડી જ ઉકેલી શકે? એ તો તમે જ ઉકેલી શકો. આનો જવાબ તુરંત આપવાપણું હોય જ નહીં.

હવે થોડો વિનોદ કરી લઉં. તમારું છેલ્લું વાક્ય કંઈક આમ છેઃ 'મુંજનું શબ હાથીના પગ તળે છૂંદાઈ રોટલો બની પડયું.' રોટલો શબ્દ તો સારો લાગ્યો પણ શરીરનો રોટલો બની જ ન શકે એ વિચાર્યું છે? 'છૂંદો થઈ રહ્યું' ચાલે. શરીરનો મુરબ્બો થાય, ચૂર્ણ થાય, રોટલો બનવો અશક્ય છે.

કનૈયાલાલ મુનશીએ નવ દિવસ પછી એટલે કે ૫ આક્ટોબર, ૧૯૩૬ના રોજ ગાંધીજીને જવાબ લખ્યો, મુંબઈથી. મુનશીએ ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી તેનાં બે વર્ષ પહેલાંની આ વાત. એમણે શું લખ્યું કાગળમાં? વાંચોઃ

પૂજ્ય બાપુજીની સેવામાં,

'પૃથિવીવલ્લભ' સંબંધી આપનો પત્ર વાંચી મને અજાયબી નથી થઈ. આ બાબતમાં આપનું દષ્ટિબિંદુ હું જાણું છું. અને 'Gujarat and Its Literature'માં તે લખ્યું પણ છે. પણ મારા સ્વભાવે સાહિત્યસર્જનનો જુદો માર્ગ બતાવ્યો છે. હું સાહિત્ય માટે ઉપયોગિતાનું ધોરણ સ્વીકારી શક્યો નથી.

આપે 'Art for Art's Sake'નો નમૂનો કાકાસાહેબ પાસે માંગ્યો હતો અને તેમણે 'પૃ. વ.' સૂચવ્યું હતું એમ કહેતા હતા.

આ વાર્તાનું વસ્તુ ગુજરાતમાં ૯મી કે ૧૦મી સદીમાં અપભ્રંશમાં લખાયેલા કાવ્યના અવશેષો અને ૧૫મી સદીમાં એક જૈન સાધુએ લખેલા પ્રબંધમાંથી લીધું છે. ૧૯૧૪-૧૫માં યોગસૂત્રે કલ્પેલા વૈરાગ્યપ્રધાન Superman અને જર્મન તત્ત્વજ્ઞાની નિત્શેએ કલ્પેલા વૃત્તિવિલાસમાં અપૂર્વ એવો Blonde Beast ની ભાવનાઓ વચ્ચે હું ઝૂલતો હતો, આમ ઝૂલતાં મુંજ અને મૃણાલનાં વ્યક્તિત્ત્વો જન્મ્યાં. આ ભેદ 'માનવતાના આર્ષદર્શનો'નામના આદિવચનમાં દર્શાવ્યો છે. (આ સાથે મોકલાવેલ 'ગુજરાત, એક સાંસ્કૃતિક વ્યક્તિ'માં આવે છે.) કાલિદાસ અને શેક્સપિયર જેવું હું લખી શકું તો હું ગાંગો તેલી શા માટે રહું? રાજા ભોજ ન બનું?

બીજું, 'પૃથિવીવલ્લભ' 'Literature of Inspiration'નો નમૂનો નથી, 'Literature of Escape'નો છે, શીખવવાનો કે પ્રેરવાનો હેતુ એમાં નથી, કલ્પનાવિલાસી લેખકના મનમાં ઉદ્ભવતાં ચિત્રોને શબ્દદેહ આપવાનો છે. એ ચિત્રો ચિત્રકારની કલ્પનામાં પ્રચંડ સચોટતાથી તરી આવે છે એ જ એમનો જન્મી પડવાનો હક અને માતાની માફક ધારેલા એ બાળકને - પછી જેવું હોય તેવું - જન્મ દેવામાં જ લેખકનું સાફલ્ય. જો એ રસદાયી નીવડે તો પછી શા સારુ એને બીજાં ધોરણો વડે ડામવું? રસદાયિત્વ એ ધોરણ શા માટે નહીં? સેફોનાં ઉમગીત, જયદેવનું ગીતગોવિંદ, નરસિંહની રામસહપદી, શેલીનું Epipsychidion, આનાતોલ ફ્રાન્સનું Thais - આ બધાં આવા કોઈ જ નિયમને વશ થઈ, સર્જકની કલ્પનામાંથી બહાર પડયાં. એમાંથી શીખવાનું ન જડે, પણ યુગે યુગે માનવહૃદય એ વાંચવા ઝંખે છે.

આવા જ કુલનું એક નજીવું પુસ્તક 'પૃ. વ.' છે. સાહિત્યપ્રવૃત્તિમાં હું કલ્પનાવિલાસી છું - આચારે કૈંક સીધો છું. તો પણ મને ધૂન થાય, વિચાર આવે કે આદર્શ આકર્ષે તે વસ્તુ ને પાત્રો બની બહાર પડે છે, અને પછી તેમને લખી નાખું છું - કે લખી નાખવાં પડે છે. એટલે મેં સારાંનરસાં માણસો ને પ્રસંગો આલેખ્યાં છે - શીખવવાના કે પ્રેરવાના હેતુઓ નહીં - પણ સર્જકતાની ધૂનમાં અને આત્મકથનની અણદબાતી વૃત્તિથી.

આ સર્જકતાને મેં સ્વધર્મ માન્યો છે. સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્રોતિ કિલ્વિષમ્ - એ ન્યાયે એ સ્વધર્મ પર સાહિત્ય સિદ્ધાંત રચ્યો છેઃ કલ્પના જે સરસ વસ્તુ સર્જે તેને સાહિત્યમાં સ્થાન પામવાનો સંપૂર્ણ અધિકાર છે. મુંજ કંઈક અંશે અવાસ્તવિક છે, તો તે જ પ્રમાણે કૈવલ્યપ'પામેલો યોગી પણ અવાસ્તવિક લાગી જાય છે. જો બંને રીતે દુખનો AB - - પરમ આનંદ - મળી શકે તો એ બે પ્રયોગ સરખા થઈ રહે - આ એક દષ્ટિબિંદુ!-

પછી આ જ પત્રમાં બીજી થોડી વાતો લખીને મુનશી અંતે ઉમેરે છેઃ 'પૃથિવીવલ્લભ'મારી સારામાં સારી કૃતિ કેટલાક ગણે છે. ઘણા 'વેરની વસૂલાત' ગણે છે. એમાં 'કર્મયોગ'ની ભાવના પર કેટલાંકીપુરુષો ચીતર્યાં છે. આપ હિંદુસ્થાન આવ્યા તે પહેલાં લખી હતી - એટલે કેટલાક રંગ પૂરવા રહી ગયા છે. આ બધાં પુસ્તકો વાંચવા માટે નથી મોકલાવતો. કોઈક વાર વખત ને રુચિ હોય તો ડોકિયું કરજો. એમ તો નહીં જ લાગે કે હું 'પૃ. વ.'ને 'બ્રહ્મચયાર્શ્રમ'જ લખ્યા કરું છું.

# આજનું રાશીફળ

**મેષ** – આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

**વૃષભ** – આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

**મિથુન** – આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

**કર્ક** – આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો.

**સિંહ** – આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે

**કન્યા** – આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

**તુલા** – આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

**વૃશ્ચિક** – આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

**ધન** – આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

**મકર** – આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

**કુંભ** – આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

**મીન** – આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

# મહારાષ્ટ્રના રાજકારણમાં પરિવર્તનના સંકેતો

અજિત પવારના અવસાનથી ફરી એકવાર જીવનનું સત્ય સ્પષ્ટ થયું છેઃ માણસ નિયતિ સામે લાચાર છે. મહારાષ્ટ્રના રાજકારણમાં પોતાના નામ અને કાર્ય દ્વારા ''દાદા'' નું બિરુદ મેળવનાર આ વ્યક્તિ, વિમાન દુર્ઘટનામાં તેમના મૃત્યુ પછી તેમની ''ઘડિયાળ'' દ્વારા ઓળખાવા પડ્યા. યોગાનુયોગ, 'ઘડિયાળ' અજિતની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) નું ચૂંટણી પ્રતીક છે. અજિત દેશમાં સૌથી વધુ છ વખત નાયબ મુખ્યમંત્રી તરીકે સેવા આપવાનો રેકોર્ડ ધરાવે છે. સત્તા પ્રત્યેના તેમના પ્રેમને કારણે તેમના કાકા શરદ પવાર સાથે પણ ભાગલા પડ્યા, જેમનો ટેકો તેમણે રાજકારણમાં સ્વીકાર્યો હતો.

લોકસભા ચૂંટણીમાં નિરાશાજનક પ્રદર્શન પછી, અજિતની એનસીપીએ વિધાનસભા ચૂંટણીમાં તેના પ્રભાવશાળી પ્રદર્શનથી બધાને આશ્ચર્યચકિત કર્યા. તેઓએ તેમના કાકા શરદ પવારની પાર્ટી કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું, પરંતુ રાજકારણ અનંત શક્યતાઓનો ખેલ છે. દરમિયાન, બંને જૂથો નજીક આવવા લાગ્યા હતા. તાજેતરની નાગરિક ચૂંટણીઓમાં, બંનેએ કેટલીક જગ્યાએ જોડાણમાં ચૂંટણી લડી હતી, અને આગામી જિલ્લા પંચાયતની ચૂંટણીઓ સાથે લડવાની યોજના હતી. તેથી, રાજકીય વર્તુળોમાં મુખ્ય પ્રશ્ન એ છે કે શું અજિતના મૃત્યુ પછી પવાર પરિવાર અને એનસીપી એક થશે?

રાષ્ટ્રીય રાજકારણમાં સક્રિય શરદ પવારે મહારાષ્ટ્રનું રાજકારણ અજિતને સોંપ્યા પછી, તેમને રાજકીય ઉત્તરાધિકારી માનવામાં આવ્યા. જોકે, તેમની પુત્રી સુપ્રિયા સુલેની વધતી જતી રાજકીય સક્રિયતા તેમના ભત્રીજાની મહત્વાકાંક્ષાઓ સાથે ટકરાઈ રહી છે. આ સંઘર્ષ સૌપ્રથમ ત્યારે સામે આવ્યો જ્યારે ૨૦૧૯ માં રાજભવનમાં દેવેન્દ્ર ફડણવીસને અચાનક મુખ્યમંત્રી અને અજિત પવારને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરાવ્યા. તે સરકાર ફક્ત ૮૨ કલાક જ ચાલી, પરંતુ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં રચાયેલી વૈકલ્પિક સરકારમાં એનસીપી ક્વોટામાંથી અજિતની નાયબ મુખ્યમંત્રી તરીકે નિમણૂકથી સંદેશ ગયો કે પવાર પરિવારમાં રહેલી તિરાડો દૂર થઈ ગઈ છે.

આ ઉલ્લાસ ફક્ત ત્યાં સુધી ટકી રહ્યો જ્યાં સુધી શિવસેનામાં વિભાજનને કારણે ભાજપ એકનાથ શિંદેના નેતૃત્વમાં નવી સરકાર બનાવી શક્યો નહીં. સરકાર પાસે વિધાનસભામાં બહુમતી હતી, છતાં અજિત પવાર એનસીપીથી અલગ થઈ ગયા અને નાયબ મુખ્યમંત્રી બન્યા. અજિતનો સત્તા પ્રત્યેનો પ્રેમ, ભાજપનો શિંદે પ્રત્યેનો અવિશ્વાસ, આના મૂળમાં મહત્વપૂર્ણ પરિબળો હતા. ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૮૮ સભ્યોની વિધાનસભામાં ૧૩૨ બેઠકો જીતવા છતાં, ભાજપે ગઠબંધન સરકાર બનાવી, શિંદે અને અજિતને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા. હકીકતમાં, ભાજપે અતિશય મહત્વાકાંક્ષી શિંદેને નિયંત્રિત કરવા માટે પ્રમાણમાં વિશ્વસનીય અજિતનો પણ ઉપયોગ કર્યો.

હવે અજિત પવાર ગયા પછી, પ્રશ્ન એ છે કે શું ફડણવીસ સરકારના સમીકરણો બદલાશે ? સ્વાભાવિક રીતે, આ બંને પ્રશ્નોના સાચા જવાબ પવાર પરિવારના રાજકારણ પર નિર્ભર રહેશે. પવાર પરિવાર અને તેના રાજકારણથી પરિચિત લોકો માને છે કે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં મરાઠા રાજકારણના હાંસિયામાં ધકેલાઈ જવાને કારણે, એનસીપીના બંને જૂથો પાસે તેમની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માટે એકતા સિવાય કોઈ વિકલ્પ નથી. વધુ સારી કૌટુંબિક સમજણ નિઃશંકપણે મદદરૂપ થશે, પરંતુ રાજકીય સત્તાનું વિભાજન અનિવાર્ય છે. છેવટે, વિધાનસભા ચૂંટણીમાં કાકાને હરાવનાર ભત્રીજાનો પરિવાર રાજકીય સત્તાનો હિસ્સો કેમ નહીં ઈચ્છે? ભાજપને સ્વાભાવિક રીતે અજિતની પત્ની સુનેત્રા અથવા તેમના બે પુત્રો, પાર્થ અને જયમાંથી એકને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં કોઈ વ્યૂહાત્મક સમસ્યા નહીં હોય. પરંતુ પ્રભાવશાળી નેતૃત્વ વિના તે વ્યવસ્થા કેટલો સમય ચાલશે? અલબત્ત, પ્રફુલ્લ પટેલ અને સુનીલ તટકરે જેવા નેતાઓ છે, પરંતુ જ્યારે ૨૦૨૯ માં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે, ત્યારે એનસીપીના અજિત જૂથને ચૂંટણી જીતનાર ચહેરાની જરૂર પડશે. આવી સ્થિતિમાં, શરદ પવારે, તેમના જીવનના સંધ્યાકાળમાં, તેમના પરિવારની સત્તા મહત્વાકાંક્ષાઓ વચ્ચે તાર્કિક સંતુલન બનાવવું પડશે.

# વિદેશ જવાની ઘેલછામાં બોગસ ડિગ્રી અને માર્કશીટ રજૂ કરી

## હૈદરાબાદ સ્થિત કોન્સ્યુલેટ જનરલને શંકા જતાં યુવકની પુછપરછમાં ખુલાસો

અમદાવાદ : વિદેશ જવાની ઘેલછામાં બોગસ ડિગ્રી અને માર્કશીટ રજૂ કરી:હૈદરાબાદ સ્થિત કોન્સ્યુલેટ જનરલને શંકા જતાં યુવકની પુછપરછમાં ખુલાસો, એજન્ટ સહિત બે સામે ફરિયાદ દિન પ્રતિદિન વિદેશ જવાની ઘેલછામાં લોકો હવે ખોટી ડિગ્રીઓ બનાવીને વિદેશ જવાના સપના જોવે છે. ત્યારે અમદાવાદના એક યુવકે અમેરિકાના વિઝા મેળવવા માટે રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટના બે ડિગ્રી સર્ટિફિકેટ અને 8 બોગસ માર્કશીટ બનાવી રજૂ કરી હતી. કોન્સ્યુલેટ ઓફિસમાં અધિકારીને શંકા જતાં તેની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી. પોલીસ તપાસમાં માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ બોગસ હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા માર્કશીટ મેળવનાર જય પટેલ અને માર્કશીટ અપાવનાર એજન્ટ ધ્રુતી વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ છે તે મુજબ ઘાટલોડિયા વિસ્તારમાં કલાસાગર મોલ સામેની એમ્કો સોસાયટીમાં રહેતા જય રાજેશકુમાર પટેલે અમેરિકાના વિઝા મેળવવા માટે કોન્સ્યુલેટમાં ઓનલાઈન અરજી કરી હતી. જેમાં રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યુટની ડિગ્રીઓ અને અલગ અલગ માર્કશીટ રજૂ કરી હતી. હૈદરાબાદ સ્થિત કોન્સ્યુલેટ જનરલને આ ડોક્યુમેન્ટ પર શંકા ગઈ હતી. અરજી કરનાર જયને નિવેદન માટે બોલાવી તેની પૂછપરછ કરી હતી. જેમાં તેણે વિઝા માટે આ ડોક્યુમેન્ટ્સ ધ્રુતી નામની યુવતીએ અપાવ્યા હોવાનું નિવેદનમાં જણાવ્યું હતું.આ પ્રકરણની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી હતી. જેમની તપાસમાં ડોક્યુમેન્ટ્સ બનાવટી હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે જય પટેલ તથા ધ્રુતી નામની મહિલા વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ આદરી છે. આ માર્કશીટ કેવી રીતે ક્યાં બનાવવામાં આવી હતી અને અન્ય કોઈ વ્યક્તિને આપવામાં આવી છે કે કેમ તે વગેરે અંગે પણ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આગામી દિવસોમાં તપાસ કરવામાં આવશે.

# વાલિયામાં ઈક્કો કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો:ચોરખાનામાંથી 1124 બોટલ મળી

ભરૂચ : વાલિયાના ડહેલી ગામ નજીકથી એક ઈક્કો કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે. પોલીસે કારમાં બનાવેલા ચોરખાનામાંથી 1124 નંગ દારૂની બોટલ જપ્ત કરી કુલ 4.52 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ મામલે એક ઈસમની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને મળેલી બાતમીના આધારે, સફેદ કલરની ઈક્કો કાર (નંબર GJ-22-H-2613) વાડી ગામથી વાલિયા તરફ જઈ રહી હતી. ડહેલી ગામના બ્રિજ પાસે વોચ ગોઠવીને કારને રોકવામાં આવી હતી. આ કેસમાં સાગબારાના નેવડી આંબા ગામના પીપલ ફળિયામાં રહેતા જાવલા શંકરભાઈ વસાવા નામના ઈસમની ધરપકડ કરવામાં આવી છે.

**મતચોરીનો મુદ્દો અને વિપક્ષી આક્ષેપ** | ગુજરાતમાં 9.58 લાખ મતદારોના નામ રદ કરવા અરજી

# કોંગ્રેસ-આપ રેલી અને સભાઓમાં વ્યસ્ત રહ્યા ત્યાં ભાજપે ખેલ પાડી દીધો, વિપક્ષનો એકડો ભૂંસાઈ જશે!

### જો વિપક્ષના સમર્થક મતદારોના નામ ફાઈનલ મતદાર યાદીમાંથી બાકાત થઈ જાય તો ભાજપને સીધો લાભ મળી શકે તેમ છે

• અમદાવાદ

રાજ્ય ચૂંટણી પંચ ફાઈનલ મતદાર યાદી જાહેર કરશે ત્યાર બાદ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનું એલાન થઈ શકે છે. હાલમાં મતદારોના નામ ઉમેરવા અને રદ કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે તેમ છતાંય કોંગ્રેસ અને આપ રેલી-સભામાં વ્યસ્ત રહ્યાં હતાં જેનો રાજકીય લાભ લઈને ભાજપે બરોબરનો ખેલ પાડી દીધો છે. એક બાજુ, બારોબાર ફોર્મ- 7 ભરાવીને 9.50 લાખથી વધુ મતદારોના નામ કમી કરવા ગોઠવણ પાડી છે તો બીજી બાજુ, ભાજપે 2.70 લાખ સમર્થક-નવા મતદારો ઉમેરવા અરજી કરી છે જેના પગલે વિપક્ષો દોડતાં થયાં છે. વોટચોરી થઈ રહી છે તે મુદ્દો ચગાવ્યા બાદ ગુજરાતમાં પણ 70 લાખથી વધુ મતદારો શંકાના ઘેરામાં છે તેવો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. આમ છતાંય સરની કામગીરીને લઈને કોંગ્રેસ કે આપ જરાયે ગંભીર રહ્યા નહી. આક્રોશ રેલી યોજી પ્રદેશ કોંગ્રેસના નેતાઓ જનસંપર્ક કરવામાં વ્યસ્ત રહ્યા હતાં. આમ આદમી પાર્ટીના નેતાઓ પણ સરકારની ટીકા ટિપ્પણીમાં જ રચ્યાપચ્યાં રહ્યા હતાં.



વિપક્ષોની જકીય કાર્યક્રમમાં વ્યસ્તતા જોઈને ભાજપે સુવ્યવસ્થિત રીતે ગોઠવણ પાડી હતી.

ખુદ વિપક્ષના નેતાઓ જ કહી રહ્યાં છે કે, બીએલઓ પર રાજકીય દબાણ ઉભુ કરીને દરેક વિધાનસભા બેઠક પર 10-15 હજાર મતદારોના નામ રદ કરવાના ઈરાદે ફોર્મ ભરાવી દેવાયાં છે. આખાય ગુજરાતમાં કુલ મળીને 9.58 લાખ મતદારોના નામ રદ કરવા અરજીઓ થઈ છે. એટલુ જ નહીં, જ્યાં ઓછી સરસાઈથી જીત હાંસલ થઈ છે તે બેઠક પર ભાજપે નવા મતદારોના ફોર્મ ભરાવી દીધાં છે. ભાજપે કુલ મળીને 2.78 લાખ ફોર્મ ભર્યાં છે. જ્યારે કોંગ્રેસ અને આપે નવા મતદારોના માટે ફોર્મ જ ભર્યાં નથી જે રાજકીય પક્ષોની નિષ્ક્રિયતા છે.

જો વિપક્ષના સમર્થક મતદારોના નામ ફાઈનલ મતદાર યાદીમાંથી બાકાત થઈ જાય તો ભાજપને સીધો લાભ મળી શકે તેમ છે. એટલુ જ નહીં, સ્થાનિક સ્વરાજય કે વિધાનસભા-લોકસભાની ચૂંટણી યોજાય તો વિપક્ષનો એકડો નીકળી જશે તે નક્કી છે. જબ ચિડીયા ચૂગ ગઈ ખેત જેવો ઘાટ સર્જાયો છે ત્યારે કોંગ્રેસ-આપે સુપ્રિમના દ્વાર ખખડાવવા તૈયારી કરી છે.

વર્ષ 2001ની સાત મહિના સુધી સરની કામગીરી હાથ ધરાઈ હતી ત્યારે ગુજરાતમાં 1,19,366 મતદારો ઉમેરાયાં હતા. તે વખતે અમદાવાદમાં સૌથી વધુ 31,540, સુરતમાં 10,447 અને ભરુચમાં 6848 ફોર્મ ભરાયા હતાં. મતદારો ઉમેરાયા તેની ટકાવારી માત્ર 0.19 ટકા રહી હતી. જ્યારે આ વખતે કુલ મળીને 2.75 લાખથી વધુ નવા મતદારો ઉમેરવા માટે ફોર્મ ભરાયાં છે. ગત વખતની સરખામણીમાં આ વખતે મતદારો ઉમેરવા માટે બમણાં ફોર્મ ભરાયાં છે. ગત વખતે ચૂંટણી કાર્ડ હોય પણ મતદારયાદીમાં નામ ન હોય તો કુટુંબના વડાને મળી ચર્ચા કરી નામ ઉમેરવામાં આવ્યા હતાં. પણ આ વખતે સરની કામગીરી આ બાબતે કોઈ જોગવાઈ કરાઈ નથી. આ વખતે તો મતદારોને નોટિસ આપીને પુરાવા માંગવામાં આવ્યા છે. માહિતી અધિકાર હેઠળ ખુદ સરકારે આ વાત સ્વીકારી છે.


### એઆઈ આધારિત ટેસ્ટ ટ્રેક તૈયાર

# વસ્ત્રાલ-સુભાષબ્રિજ RTOમાં AI આધારિત ટેસ્ટ લેવાશે, પહેલાં 8 કેમેરાથી એનાલિસિસ થતું હવે 45 કેમેરાથી થશે

**વાહન દ્વારા ટ્રેસ** કરાયેલ પાથ માટે અલ્ગોરિધમ વિકસાવાયા છે અને સિસ્ટમમાં આંકડાકીય મોડ્યૂલ હશે જેનાથી પાથને ઓળખવામાં આવશે

• અમદાવાદ, તા.23

અમદાવાદ અને વસ્ત્રાલ આરટીઓ કચેરીમાં એઆઈ આધારિત ટેસ્ટ ટ્રેક તૈયાર થઈ ગયો છે. આવનારા 10થી 15 દિવસમાં એઆઈ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક શરૂ કરી દેવાશે. સૌપ્રથમ વસ્ત્રાલ આરટીઓમાં અને ત્યારબાદ સુભાષબ્રિજ આરટીઓમા શરૂ કરાશે. જૂના ટેસ્ટ ટ્રેકમાં ગ્રાઉન્ડ સેન્સર બેઝ્ડ 8 કેમેરા વડે વાહનચાલકનું એલાલિસિસ કરાતું હતું.



જ્યારે નવા સિસ્ટમમાં વીડિયો એનાલિટિકલ ટેક્નોલોજીથી 45થી વધુ કેમેરા વડે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા વાહનચાલકનોડ્રાઈવિંગ ટેસ્ટ લેવાશે. નવી સિસ્ટમમાં વીડિયો એનાલિટિકલ ટેક્નોલોજી દ્વારા વાહન ચાલકનું એનાલિસિસ કરી વાહનની દરેક મૂવમેન્ટ ટ્રેક કરાશે. વાહન વ્યવહાર વિભાગ નવી એજન્સીને કામ સોંપશે અને મૂલ્યાંકન સહિતની કામગીરી એજન્સી કરશે. નવી ટેક્નોલોજીમાં ઓછા માનવ હસ્તક્ષેપને કારણે આરટીઓના એજન્ટોની ભલામણ સહિતની કામગીરી પણ બ્રેક લાગશે.

કેમેરા દ્વારા રિયલ ટાઈમ પાથની માહિતી એકત્રિત કરવામા આવશે અને તેના આધારે વાહન ચાલક ડ્રાઈવિંગ ટેસ્ટમાં પાસ છે કે નાપાસ તે નક્કી કરવામાં આવશે.

નક્કી કરાયેલ પાથ પર જેમ-જેમ વાહન આગળ વધશે તેના આધારે વાહનની મૂવમેન્ટ પ્લોટ અને ટ્રેસ કરવામા આવશે.

ટ્રેસ કરેલા પાથના કોઓર્ડિનેટ્સને રેકોર્ડ કરી તેનું એનાલિસિસ કરાશે.

વાહન દ્વારા ટ્રેસ કરાયેલ પાથ માટે અલ્ગોરિધમ વિકસાવાયા છે અને સિસ્ટમમાં આંકડાકીય મોડ્યૂલ હશે જેનાથી પાથને ઓળખવામાં આવશે.

સ્ટાન્ડર્ડ ડાયરેક્શન ફોલો થાય છે કે નહીં તેનું ધ્યાન રખાશે

નવી ટેક્નોલોજીમાં સ્ટાન્ડર્ડ ડાયરેક્શન ફોલો થાય છે કે નહી તેનું ધ્યાન રખાશે.

ફોરવર્ડ-રિવર્સ મુવમેન્ટ પર વાહન સરખું જાય છે કે નહીં તેનું મોનિટરિંગ.

નક્કી કરેલ સ્ટોપેજથી વધારે જગ્યાએ વાહન સ્ટોપ થાય છે કે નહીં. ટેસ્ટ નિયત સમયમર્યાદામાં પૂર્ણ થાય છે કે નહીં તે અંગે તપાસ કરાશે. ટેસ્ટ ટ્રેક પાસે લગાવેલા કર્બને વાહન કેટલી વખત હિટ કરે છે તે અંગે વાહનચાલકને ડ્રાઈવિંગ ટેસ્ટમાં પાસ કે નાપાસ કરવો તે નક્કી થશે. ફોર-વ્હીલર લાઈસન્સ ટેસ્ટમાં 57% નાપાસ થાય છે રાજ્યમાં 2024-25 દરમિયાન અંદાજે 7.58 લાખ લોકોએ ડ્રાઈવિંગ ટેસ્ટ આપ્યા, જેમાંથી 6 લાખને લાઈસન્સ મળ્યા. તાજેતરના અહેવાલો મુજબ, રાજ્યમાં ફોર-વ્હીલર (LMV) ટેસ્ટમાં નાપાસ થનારા લોકોનું પ્રમાણ ઘણું ઊંચું છે. 57% લોકો કારના ટેસ્ટમાં નાપાસ થાય છે, જ્યારે ટુ-વ્હીલરમાં નાપાસ થનારનું પ્રમાણ આશરે 15% છે.

# સરકારી જમીન પર 30 કેબિન અને 9 દુકાન બનાવી, કબ્રસ્તાનમાંથી વીજળીની ચોરી

### સુરતમાં વલી સૈયદે કરેલું દબાણ તંત્રને 15 વર્ષે દેખાયું!

• સુરત

સુરતના નાનપુરા વિસ્તારમાં માથાભારે શખસની છાપ ધરાવતા અને કુખ્યાત સજ્જુ કોઠારી ગેંગ સાથે સંકળાયેલા વલી સૈયદ સામે તંત્રએ લાલ આંખ કરી છે. શહેરની ધોતીવાલા બેકરી પાસે આવેલી સરકારી જમીન પર ગેરકાયદે ખડકી દેવાયેલી 30 કેબિન અને 9 દુકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું છે. નજીકના કબ્રસ્તાનમાંથી વીજળીની ચોરી કરી આ દુકાનો અને કેબિનમાં પૂરી પડાતી હોવાનું સામે આવ્યું છે. વલી સૈયદ આ કેબિન અને દુકાનો ભાડે આપીને દર મહિને સાડા ત્રણ લાખના ભાડાની બેઠી આવક મેળવતો. સરકારી જમીન પર 15 વર્ષથી વલી સૈયદે દબાણ કર્યું હોવા અત્યાર સુધી કેમ કાર્યવાહી નહોતી થઈ તેને લઈ પણ સવાલો ઉઠ્યા છે. વલી સૈયદ આ સરકારી જમીનનો ઉપયોગ પોતાના અંગત આર્થિક સ્વાર્થ માટે કરતો હતો. તેને આ જગ્યા પર અંદાજે 30 જેટલી નાની કેબિન અને 9 જેટલી મોટી પાકી દુકાનો બનાવી દીધી હતી. આ દુકાનો અને કેબિનો નાના વેપારીઓને ભાડે આપીને તે દર મહિને લાખો રૂપિયાની



કમાણી કરતો હતો. આર્થિક લાભ મેળવવા માટે તેને સરકારી મિલકત પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ગરીબ અને મધ્યમ વર્ગના વેપારીઓ પાસેથી તે વર્ષોથી ગેરકાયદેસર રીતે નાણાંની વસૂલાત કરી રહ્યો હતો.આ માથાભારે શખ્સ દ્વારા ભાડા વસૂલવાની પદ્ધતિ પણ અત્યંત ચોંકાવનારી હતી. દરેક નાની કેબિન દીઠ તે વેપારીઓ પાસેથી દર મહિને 8,000 રૂપિયા વસૂલતો હતો, જ્યારે મોટી અને પાકી દુકાનોનું ભાડું 13,000 રૂપિયા રાખવામાં આવ્યું હતું.

# LCBએ 2.37 લાખનો વિદેશી દારૂ અને એક આરોપીની ધરપકડ કરી

### અમદાવાદ ગ્રામ્ય LCBએ બગોદરા બસ સ્ટેન્ડ નજીકથી એક ST બસમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય LCBએ બગોદરા બસ સ્ટેન્ડ નજીકથી એક ST બસમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે 2.37 લાખ રૂપિયાની કિંમતની 950 બોટલ દારૂ સાથે એક આરોપીની ધરપકડ કરી છે.આ કાર્યવાહી બગોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરવામાં આવી હતી. ST બસ નંબર GJ18Z9407 માંથી મુસાફર નગીનભાઈ દુરજીભાઈ રાઠવા (રહે. ચટ્ટાવાડા, છોટા ઉદેપુર)ના કબજામાંથી આ દારૂ મળી આવ્યો હતો. દારૂ આઠ પ્લાસ્ટિકના કોથળા અને ચાર સ્કૂલ બેગમાં છુપાવવામાં આવ્યો હતો.

પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટની સૂચના હેઠળ જિલ્લામાં દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.



આ ઓપરેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.એન. કરમટીયા, LCBના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ચુડાસમા અને પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ પરમારને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ સફળતા મળી હતી.

# ભરૂચની સાયખા GIDCની કંપનીમાં બ્લાસ્ટથી 4 કર્મી દાઝ્યાં



• ભરૂચ

ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકાની સાયખા GIDCમાં આવેલી આલ્કેમી ફાઈનકેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એક ભયાનક ઔદ્યોગિક અકસ્માત સર્જાયો હતો. બોઈલર વિભાગમાં રિપેરિંગ કામગીરી દરમિયાન અચાનક ગરમ એશ (રાખ) પડતા 4 મિકેનિકલ કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કંપનીના બોઈલર વિભાગમાં બટરફલાય વાલ્વ અને વાઈબ્રેટરના બોલ્ટ ઢીલા થઈ જવાથી તે ડિસ-લોકેટ થયા હતા. આ ખામી સુધારવા માટે મિકેનિકલ ટીમની રાત્રે આશરે 1:10 કલાકે કામગીરી કરી રહી હતી. આ ટીમમાં નિરંજન યાદવ, દિગ્વિજયસિંહ રાણા, અમિત સિંહ અને રાહિલ મોહમ્મદ સૈયદનો સમાવેશ થતો હતો.

### AMTSએ સ્કૂલ વાનને ટક્કર મારી

# પૂરપાટ ઝડપે આવેલી બસે ત્રણ વાહનને ટક્કર મારી, પોલીસ ઘટનાસ્થળે પહોંચી

• અમદાવાદ

અમદાવાદના ગોતા વિસ્તારમાં AMTS બસ દ્વારા અકસ્માત કરવામાં આવ્યો છે. AMTS બસ દ્વારા એક સ્કૂલવાન, ટેમ્પો અને રીક્ષા એમ ત્રણ વાહનોને અડફેટે લીધા છે. આ અકસ્માતમાં બે લોકોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સ્કૂલ વાનમાં કોઈપણ બાળક બેસેલું નહોતું. જેથી સદનસીબે જાનહાની ટળી છે.

આ ઘટનાની જાણ થતા એ ડિવિઝન ટ્રાફિક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. અકસ્માત અંગેનું કારણ હજી સુધી જાણવા મળ્યું નથી. સમગ્ર મામલે હાલ ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.




મળતી માહિતી મુજબ શહેરના ગોતા વિસ્તારમાં ચાંદની હોમ ડેકોરેટરની સામે ત્રણ રસ્તા નજીક પૂરપાટ ઝડપે AMTS બસ આવી હતી અને સ્કૂલવાન સહિત 3 વાહનોને અડફેટે લીધા હતા. સ્કૂલવાન ચાલક એક ગાડી નીકળતી હતી જેના કારણે ત્યાં રોડ ઉપર ઉભો હતો. ટેમ્પો ચાલક સામેથી આવી રહ્યો હતો અને ત્યાં ઊભેલી રીક્ષા તેમજ સ્કૂલમાં નજીકથી નીકળી રહ્યો હતો ત્યારે અચાનક જ બસ આવી હતી અને સૌથી પહેલા સ્કૂલવાનને ટક્કર મારી અને ટેમ્પો ચાલક સહિત ત્રણે વાહનો જોરદાર ટકરાયા હતા. સ્કૂલવાન ચાલક અને રીક્ષા ચાલક સહિત બે લોકોને ગંભીર ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ઘટના અંગેની જાણ એ ડિવિઝન ટ્રાફિક પોલીસને થતા ટ્રાફિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. લોકોના ટોળેટોળા ઘટના સ્થળ ઉપર ભેગા થઈ ગયા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા હાલમાં એએમટીએસ બસ ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અકસ્માત કયા કારણોસર થયો તે અંગે તપાસ થઈ રહી છે.

લેખક:દીપક જગતાપ

નર્મદા નદી ઉલટી દિશામાં કેમ વહે છે?

# નર્મદા નદી એક એવી નદી છે જે પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે એટલે કે વિરુદ્ધ દિશામાં વહે છે

• લેખક:દીપક જગતાપ

ભારતની મુખ્ય નદીઓમાંની એક નર્મદા નદીનુંવિશેષ ધાર્મિક મહત્વ છે. નર્મદા નદીને ગંગા જેટલી જ પવિત્ર માનવામાં આવે છે. નર્મદા નદી એક એવી નદી છે જે પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે એટલે કે વિરુદ્ધ દિશામાં વહે છે. પણ શું તમે જાણો છો કે નર્મદા નદી ઉલટી દિશામાં કેમ વહે છે? નર્મદા જયંતિ નિમિત્તે આજે નર્મદા નદીના ઉલટી દિશામાં વહેવાનું કારણ જાણીએ ભારતમાં, લોકોની ધાર્મિક માન્યતાઓ નદીઓ સાથે જોડાયેલી છે. આપણા દેશમાં લગભગ 400 નદીઓ વહે છે. અને આમાંથી કેટલીક નદીઓને દેવી સમાન પવિત્ર માનવામાં આવે છે. આ પવિત્ર નદીઓની પૂજા પણ યોગ્ય વિધિઓ સાથે કરવામાં આવે છે. ગંગા, યમુના અને સરસ્વતીની જેમ, નર્મદા નદી પણ લોકો માટે આસ્થાનું કેન્દ્ર માનવામાં આવે છે. મોટાભાગની નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે, જ્યારે નર્મદા એક એવી નદી છે જે પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે અને અરબી સમુદ્રમાં ભળી જાય છે.

સરળ શબ્દોમાં કહીએ તો, નર્મદા નદી વિરુદ્ધ દિશામાં વહે છે. નર્મદા નદીને 'આકાશની પુત્રી' પણ કહેવામાં આવે છે. દંતકથા અનુસાર, એક વખત ભગવાન ભોલેનાથ મૈકલ પર્વત પર તપસ્યામાં વ્યસ્ત હતા. આ સમયગાળા દરમિયાન દેવતાઓએ તેમની પૂજા કરી અને તેમને પ્રસન્ન કર્યા. ભગવાન શિવની તપસ્યા દરમિયાન, તેમના શરીરમાંથી પરસેવાના કેટલાક ટીપાં પડ્યા, જેના કારણે એક તળાવ બન્યું. આ જ તળાવમાંથી એક અજોડ સુંદર છોકરી દેખાઈ. આ છોકરીની સુંદરતા જોઈને દેવતાઓએ તેનું નામ 'નર્મદા' રાખ્યું. ત્યારથી તે છોકરી નર્મદા તરીકે જાણીતી થઈ.

નર્મદા નદી ઉલટી દિશામાં કેમ વહે છે? તેનું કારણ શું છે:? નર્મદા કેમ ઊંધી દિશામાં વહે છે તે અંગે એક પૌરાણિક વાર્તા છે. આ દંતકથા અનુસાર, નર્મદા રાજા મેકલની પુત્રી હતી. જ્યારે નર્મદા લગ્નયોગ્ય બની, ત્યારે રાજા મેકલે જાહેરાત કરી કે જે કોઈ ગુલબકૌલીનું ફૂલ લાવશે તે તેમની પુત્રી નર્મદા સાથે લગ્ન કરશે. આ પડકાર રાજકુમાર સોનભદ્ર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો અને ત્યારબાદ નર્મદા અને સોનભદ્રના લગ્ન નક્કી થયા.એક દિવસ નર્મદાએ રાજકુમારને જોવાની ઈચ્છા વ્યક્ત કરી અને આ માટે તેણે પોતાની મિત્ર જોહિલાને સંદેશ સાથે સોનભદ્ર મોકલી. જ્યારે સોનભદ્રે જોહિલાને જોઈ, ત્યારે તેણે તેને નર્મદા સમજી લીધી અને તેની સમક્ષ પ્રેમનો પ્રસ્તાવ મૂક્યો. જોહિલા આ પ્રસ્તાવનો ઈનકાર કરી શકી નહીં અને સોનભદ્રના પ્રેમમાં પડી ગઈ.

જ્યારે નર્મદાને આ વાતની ખબર પડી, ત્યારે તે ખૂબ ગુસ્સે થઈ ગઈ અને તેણે જીવનભર કુંવારી રહેવાની પ્રતિજ્ઞા લીધી. તે સમયથી, નર્મદા ગુસ્સે થઈ ગઈ અને વિરુદ્ધ દિશામાં વહેવા લાગી અને અરબી સમુદ્રમાં ભળી ગઈ. ત્યારથી નર્મદા નદીને કુંવારી નદી તરીકે પૂજવામાં આવે છે. નર્મદા નદીના દરેક કાંકરાને નરવદેશ્વર શિવલિંગ પણ કહેવામાં આવે છે.



આજકાલ

લેખક :દીપક જગતાપ

નર્મદા ઉલટી દિશામાં વહેવાનું વૈજ્ઞાનિક કારણ:જોકે, વિરુદ્ધ દિશામાં વહેતી નર્મદા નદી અંગે, વૈજ્ઞાનિકો માને છે કે રિફ્ટ વેલીને કારણે નર્મદા નદી વિરુદ્ધ દિશામાં વહે છે, એટલે કે, નદીના પ્રવાહ માટે રચાયેલ ઢાળ વિરુદ્ધ દિશામાં છે. આવી સ્થિતિમાં, નદી જે દિશામાં ઢાળ છે તે દિશામાં વહે છે.

નર્મદા નદીની વિરુદ્ધ દિશામાં વહેવાનું વૈજ્ઞાનિક કારણ: નર્મદા નદી ભારતમાં પૂર્વથી પશ્ચિમ તરફ (ઉલટી દિશામાં) વહેતી છે, જ્યારે મોટા ભાગની ભારતીય નદીઓ પશ્ચિમથી પૂર્વ (અથવા ઉત્તરથી દક્ષિણ) તરફ વહે છે. આને 'ઉલટી દિશા' કહેવામાં આવે છે કારણ કે તે હિમાલયની નદીઓની વિરુદ્ધ દિશામાં વહે છે. તેને 'એકમાત્ર' કહેવામાં આવે છે કારણ કે તે ભારતમાં પૂર્વથી પશ્તિમ તરફ વહેતી મુખ્ય નદી છે (જોકે, કેટલીક નાની નદીઓ જેમ કે મહી અથવા તાપી પણ આવી જ દિશામાં વહે છે, પરંતુ નર્મદા સૌથી મહત્વપૂર્ણ છે). આનું મુખ્ય વૈજ્ઞાનિક કારણ ભૂ-પ્રાકૃતિક અને ટેક્ટોનિક કારણો છે, જેમાં રિફ્ટ વેલી મુખ્ય ભૂમિકા ભજવે છે. ચાલો, આને વિગતે સમજીએ.

અમરકંટક પર્વત (મધ્ય પ્રદેશ) માં, જે મહાદેવ પર્વતમાં આવેલું છે. ઊંચાઈ આશરે 1,048 મીટર. તેની લંબાઈ 1,312 કિમી (ભારતની 7મી સૌથી લાંબી નદી)છે મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત પસાર થઈને અરબી સમુદ્રમાં મળે છે (ખંભાતની ખાડી). તે દક્ષિણ અને ઉત્તર ભારતને વિભાજિત કરતી 'પ્રાકૃતિક સીમા' તરીકે ઓળખાય છે. તેની ઘાટી (valley) ખૂબ જ ઊંડી અને સુંદર છે, જેમાં માર્બલ રોક્સ અને ધુપગઢ જેવા પ્રખ્યાત સ્થળો છે.

વિરુદ્ધ દિશામાં વહેવાનું વૈજ્ઞાનિક કારણ એ છે કે વૈજ્ઞાનિકો (જેમ કે ભારતીય ભૂ-પ્રાકૃતિક સર્વેક્ષણ, માને છે કે નર્મદા નદીની દિશા રિફ્ટ વેલીને કારણે છે

પહેલા રિફ્ટ વેલી શું છે?એ સમજીએ.રિફ્ટ વેલી એ પૃથ્વીની પપડી માં થતી ટેક્ટોનિક પ્રવૃત્તિ થી રચાયેલી ઊંડી ખીણ છે. જ્યારે પ્લેટ્સ અલગ થાય છે, ત્યારે તે વચ્ચેનો ભાગ ડૂબી જાય છે, જેને રિફ્ટ કહેવાય છે.ભારતમાં, નર્મદા નદી નર્મદા રિફ્ટ વેલીમાં વહે છે, જે વિશ્વની પ્રખ્યાત રિફ્ટ વેલીઓમાંની એક છે (જેમ કે આફ્રિકાની ગ્રેટ રિફ્ટ વેલી). આ વેલીની રચના ગોંડવાણા સુપરકોન્ટિનેન્ટના વિભાજન અને ઈન્ડિયન પ્લેટના હિલચાલ ને કારણે થઈ. આ પ્રક્રિયા કરોડો વર્ષો પહેલાં (મેઝોઝોઈક યુગમાં) શરૂ થઈ હતી.

આ કેવી રીતે નદીની દિશા પર અસર કરે છે?: અહીં ઢાળનું મહત્વ છે. નદીઓ હંમેશા ગુરુત્વાકર્ષણ અને ઢાળ અનુસાર વહે છે. નર્મદાના કિસ્સામાં, રિફ્ટ વેલીની કારણે ભૂપૃષ્ઠનો ઢાળ પૂર્વથી પશ્ચિમ તરફ બને છે.એટલે કે, અમરકંટક (પૂર્વ)થી ખંભાતની ખાડી (પશ્ચિમ) તરફ ઢાળ છે. તેથી, નદી તે જ દિશામાં વહે છે.વિરુદ્ધ દિશાનું કારણ એ છે કે મોટા ભાગની ભારતીય નદીઓ (જેમ કે ગંગા, યમુના) હિમાલય પર્વતમાંથી ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે કારણ કે હિમાલયનો ઢાળ તે દિશામાં છે. પરંતુ નર્મદાડેક્કન પ્લેટો ના ઉપરના ભાગમાંથી વહે છે, જ્યાં રિફ્ટ વેલીએ ભૂપૃષ્ઠને તોડી દીધું છે. આ વેલીની કારણે નદીનો પથ પશ્ચિમ તરફ વળ્યો છે, જે ભારતીય ઉપખંડની સામાન્ય પૂર્વમુખી દિશાના વિરુદ્ધ છે. બીજા અન્ય કારણો પણ છે. એ કારણો જોઈએ તોનર્મદા વિસ્તારમાં ભૂપૃષ્ઠનું ધીમું ઉત્થાન થયું છે, જે નદીને વિરુદ્ધ દિશામાં દબાણ આપે છે.બીજા ભૂગોળીય અવરોધો પણ જવાબદાર છે. સાતપુડા અને વિંધ્ય પર્વતો વચ્ચેની રિફ્ટ વેલી નદીને પશ્ચિમ તરફ માર્ગ આપે છે, જ્યારે પૂર્વ તરફના પર્વતો તેને અટકાવે છે. પ્રાચીન ભૂસ્તરો જોઈએ તો નર્મદા વેલીમાં પ્રાચીન બેસાલ્ટ રોક્સ છે, જે રિફ્ટિંગના પરિણામે રચાયા છે. આ રોક્સની કારણે વેલીની ઊંડાઈ વધી છે, જે ઢાળને પશ્ચિમ તરફ વળે છે. નર્મદા હિંદુ ધર્મમાં પવિત્ર છે અને તેને 'ઉલટી વહેતી' કહેવામાં આવે છે કારણ કે તે પૂર્વ (સૂર્યોદય)થી પશ્ચિમ (સૂર્યાસ્ત) તરફ વહે છે, જેને કેટલાક ધાર્મિક ગ્રંથોમાં 'શુભ' માનવામાં આવે છે. પરંતુ આ વૈજ્ઞાનિક નથી, પરંતુ ભૂગોળીય છે.

આ દિશા કારણે નર્મદા વેલીમાં ઘણા જળપ્રવાહ અને ડેમ (જેમ કે સરદાર સરોવર ડેમ)બન્યા છે, જે ગુજરાત અને મધ્ય પ્રદેશને પાણી આપે છે. ભારતમાં મોટી નદીઓ (ગંગા, બ્રહ્મપુત્રા) પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે કારણ કે તે હિમાલયના ઢાળ પર આધારિત છે. નર્મદા જેવી નદીઓ પેનિન્સ્યુલર ભારત (દક્ષિણ ભાગ)માંથી આવે છે અને રિફ્ટિંગને કારણે વિરુદ્ધ વહે છે.

એકતરફી પ્રેમમાં પાગલ શખસે પ્રેમિકાની માતા-ભાઈનું અપહરણ કર્યું

# રાજકોટ યુનિવર્સિટી પોલીસે ચારેય આરોપીની ત્રંબા પાસેથી ધરપકડ કરી

• રાજકોટ

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ ઉપરથી માતા અને પુત્રનું એકતરફી પ્રેમમાં પાગલ શખસે કારમાં અપહરણ કરી લેતા બનાવ અંગે યુનિવર્સિટી પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી ગણતરીની કલાકોમાં બંને માતા-પુત્રને ત્રંબા નજીકથી છોડાવી અપહરણ કરનાર ચાર શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, પોલીસ તપાસમાં આરોપી પ્રેમી બાબુ ઉર્ફે કૃણાલ મીઠારની પ્રેમિકાના લગ્ન પરિવારજનો દ્વારા બીજે નક્કી કરી દેવામાં આવતા રોષે ભરાયેલ પ્રેમીએ પ્રેમિકાની માતા અને તેના ભાઈનું કારમાં અપહરણ કરી લઈ ગયો હતો. જેમાં તેને તેના મિત્રોએ પણ સાથ આપ્યો હતો.હાલ પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી અપહરણની



ફરિયાદમાં પોલીસે તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન ભાવનગર રોડ પર ત્રંબા નજીકથી આર્ટીગા કાર મળી આવી હતી. જોકે, તેમાં આરોપી કે માતા-પુત્ર મળી આવ્યા ન હતા. દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપી કાર બદલાવી પરત રાજકોટ તરફ ભાગ્યાં છે ત્યારે ફરી પોલીસે તેનો પીછો કરતાં ભાવનગર રોડ પરથી આરોપીને આંતરી માતા-પુત્રને મુક્ત કરાવ્યાં હતા અને આરોપી બાબુ ઉર્ફે કૃણાલ માલા મિઠાર (ઉં.વ.29), ભરત જીવા કલોત્રા (ઉ.વ.30), અલ્પેશ ઠાકોર (ઉ.વ.20) અને જયદિપ લીંબાસીયા (ઉ.વ.24)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સાધુ વાસવાણી રોડ પર રહેતાં 55 વર્ષીય પ્રૌઢે યુનિવર્સિટી પોલીસમાં બાબુ ઉર્ફે કૃણાલ અને તેના મિત્રો વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. જેમા જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રીના 8 વાગ્યાની આસપાસ તેઓ ટીફીન લઈ કે.કે.વી હોલ પાસે આવેલ બ્લીંકીટના સ્ટોર ખાતે નોકરી પર જતા હતા ત્યારે અગાઉ પાડોશમાં રહેતો બાબુ ઉર્ફે કુણાલ જેને મારી દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. મારી દીકરીના અમદાવાદ લગ્ન કરાવી દીધા હતા. જેથી કુણાલ તથા તેનો મિત્ર ભરત કુણાલની સફેદ કલરની આર્ટીગા ગાડી લઈ તેમની પાછળ આવતા હતા, જેમાં કુણાલ ગાડી ચલાવતો હતો જેથી તેઓ સાધુવાસવાણી રોડ પર ગંગોત્રી ડેરી પાસે આવેલી મૈયાભાઈની ચાની હોટલે ઉભા રહી ગયા હતા.આરોપીઓ ફોવ્હીલર લઈ સામેની બાજુ ઉભા હતા જેથી પ્રૌઢે પત્નીને ફોન કર્યો હતો કે આપણો જુનો પાડોશી કુણાલ તથા તેનો મિત્ર ભરત બંને તેની કાર લઈ મારી પાછળ પાછળ આવે છે. બાદમાં પત્ની મૈયાભાઈની હોટેલ ખાતે આવ્યા હતા અને પાછળથી દીકરો પણ ત્યાં આવ્યો હતો. થોડીવાર પછી આરોપીઓ કાર લઈને જતા રહ્યા હતાં જેથી પત્ની તથા દીકરાને ઘરે મોકલી દીધા હતા અને પોતે ત્યાથી બ્લીંકીટના સ્ટોર નોકરી પર જતા રહ્યા હતા.બાદમાં 9.15 વાગ્યે પત્નીને ફોન કર્યો હતો પરંતુ પત્નીએ ફોન ઉપાડ્યો ન હતો જેથી તે ઘરે પહોંચી દીકરીને પૂછતાં તેને જણાવ્યું કે, મમ્મી તથા ભાઈ બંને ઘરે આવ્યા નથી જેથી આસપાસમાં તપાસ કરી હતી. જનકપુરીના ક્વાર્ટરની બાજુમાં આવેલ મહાદેવના મંદિર પાસે જતા એક અજાણ્યા વ્યક્તિને પુછતા જાણવા મળ્યું કે એક એર્ટીગા કારમાં એક બહેન તથા છોકરાને બળજબરીથી બે વ્યકિતઓ ગાડીમા બેસાડીને લઈ ગયા છે.ઉલ્લેખનીય છે કે, આરોપી કુણાલને ફરિયાદીની દીકરી સાથે લગ્ન કરવા હોય અને દીકરીના લગ્ન કરાવવા ન હોય અને તેણીના લગ્ન અમદાવાદ ખાતે કરાવતા કુણાલએ ઉશ્કેરાઈ માતા પુત્રને બળજબરીથી ગાડીમા બેસાડી અપહરણ કરી નાસી છૂટ્યો હતો. હાલ પોલીસે આરોપીઓ પાસેથી એક અર્ટિગા કાર અને એક ઓરા કાર કબ્જે કરી રિમાન્ડ મેળવવા તપાસ તજવીજ હાથ ધરી છે.

# સટ્ટો, ટોર્ચર ને અંતે આત્મહત્યા :પોલીસે મહિપાલસિંહ રાઠોડaની ધરપકડ કરી

## સસરાના ઓળખીતા સાથે લાખોની લેતીદેતી શંકાના ઘેરામાં, ગાંધીનગરના બિલ્ડર પુત્રના આપઘાતનું રહસ્ય ઘેરાયું

• ગાંધીનગર

ગત 28 જાન્યુઆરીએ કડી નર્મદા કેનાલમાંથી 25 વર્ષીય એક યુવકનો મૃતદેહ મળ્યો હતો. આ મૃતદેહ ગાંધીનગરના સુઘડ ખાતે શિખર બંગ્લોઝમાં રહેતા બિલ્ડરના પુત્ર ઋષભ પટેલની હતી. ઋષભ પટેલે લગ્નજીવનના 13 દિવસમાં જ નર્મદા કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી હતી.

ગાંધીનગરના બિલ્ડર પુત્રના આપઘાત કેસમાં હવે સટ્ટો અને ટોર્ચરિંગનો પણ ખુલાસો થયો છે. આ ઉપરાંત સસરાના ઓળખીતા સાથે લાખોની લેતીદેતી પણ શંકાના ઘેરમાં આવી છે. આ તમામ પાસાઓને લઈને હવે બિલ્ડર પુત્રના આપઘાતનું રહસ્ય વધુ ઘેરાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પુત્રના મોત મામલે પિતાએ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પૂર્વ કોર્પોરેટરના પુત્ર સહિત ચાર શખસો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે અને 2 ફેબ્રુઆરી સુધીના કોર્ટમાંથી રિમાન્ડ મેળવી ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલા 25 વર્ષીય ઋષભ પટેલની આત્મહત્યા કેસમાં ઈન્ફોસિટી પોલીસ સ્ટેશને મૃતકના પિતા પ્રવિણભાઈએ ચાર શખસોના નામજોગ આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે, આરોપીઓ મૃતક ઋષભના સસરાના ઓળખીતા છે.

પૈસાની લેવડ દેવડમાં બે ત્રણ મહિનાથી માનસિક અને શારીરિક હેરાનગતિ કરતા ઋષભે અંતિમ પગલું ભર્યું હતું. ચાર આરોપીઓમાંથી એક મનિષ ઉર્ફે સ્પ્લેન્ડર પૂર્વ કોર્પોરેટર તારાબેન પટેલનો દીકરો હોવાનું ખૂલ્યું છે. હાલ પોલીસે મહિપાલસિંહ નામના એક આરોપીની ધરપકડ કરી છે અને બાકીના આરોપીઓને ઝડપી પાડવાની કવાયત તેજ કરી છે.

આ અંગે ગુનો દાખલ થતા જ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ વી.આર. ખેર સહિતની ટીમે ઘનિષ્ઠ તપાસનો દોર શરૂ કરી તાબુંલ પાન પાર્લરના સંચાલક મહિપાલસિંહ રાઠોડની ધરપકડ કરી છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી 2 ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મેળવ્યા છે. મહિપાલસિંહની પ્રાથમિક પૂછપરછમાં ક્રિશાલ પટેલ અને ઋષભ બંને મિત્રો છે.

જ્યારે મનિષ ઉર્ફે સ્પ્લેન્ડર અને કલ્પેશ ઉર્ફે તલાટી ક્રિશાલના મિત્રો છે. આ ચારેય એકબીજાને ઓળખતા હોવાથી પાર્લર ઉપર બેસવા જતા હતા. ક્રિશાલને ઋષભ પાસે સાડા ત્રણથી ચાર લાખ લેવાના હતા. એજ રીતે મનિષ અને કલ્પેશ પણ ઋષભ પાસે પૈસા માગતા હતા. જેના લીધે નાના ચિલોડા પાસેના અન્ય એક પાર્લર ખાતે ઋષભને માર મારવામાં આવ્યો હતો.

બીજી તરફ સુસાઈડ નોટમાં પણ માનસિક ટોર્ચરના ચોક્કસ કારણનો ઉલ્લેખ નથી અને પરિવારજનો પણ કશું જાણતા નહીં હોવાનો દાવો કરી આ ચારેય શખસો 007થી ગેંગ ચલાવી રહ્યા હોવાનો દાવો કરી રહ્યા છે. જેના પગલે પોલીસે મહિપાલસિંહને સાથે રાખી ગુનાવાળી જગ્યા સહિતના સ્થળે લઈ જઈ તપાસ આગળ વધારી છે. તો પોલીસને સમગ્ર ઘટના સટ્ટા બેટિંગના પૈસાની લેતીદેતીમાં ઘટી હોવાની શંકા છે.કહેવાઈ રહ્યું છે કે, સટ્ટા બેટિંગના હારજીતના લાખો પૈસા એક ચોક્કસ આઈડીમાં જમા થયા હતા. જોકે, અન્ય ત્રણ આરોપીઓ પકડાયા પછી જ આપઘાતનું સાચુ કારણ બહાર આવી શકે છે.

# રસ્તા પર એક્શન ફિલ્મ જેવા દ્રશ્યો સર્જાયા, ડ્રાઈવરને કાબૂમાં લેવા ઈન્સપેક્ટરે રિવોલ્વર કાઢી

## નશામાં ધૂત થાર ચાલકે ઉત્પાત મચાવ્યો

• રાજકોટ

રાજકોટના ઉપલેટા તાલુકાના ભાયાવદરમાં શુક્રવારે (30 ફેબ્રુઆરી) સાંજે એક્શન ફિલ્મને ટક્કર મારે એવા દ્રશ્યો સર્જાયા હતા.બેફામ થાર ચાલકે નશાની હાલમાં રસ્તા પર રીતસરનો આતંક મચાવ્યો હતો. શેઠ વડાળા પંથકમાં ચારથી પાંચ વાહનનો અડફેટે લઈ ફરાર થયો હતો. જે બાદ ભાયાવદરના સરદાર ચોકમાં પણ તેનો પીછો કરતી પોલીસની વાનને ટક્કર મારી હતી. થાર ચાલકને કાબૂમાં લેવા માટે પોલીસ ઈન્સપેક્ટરે રિવોલ્વર કાઢી હોવાના વીડિયો પણ સામે આવ્યા છે.ઘટનાની વિગતો અનુસાર, જામનગરના મહેન્દ્રસિંહ જાડેજા (થાર ચાલક) દારૂના નશામાં બે-ફીકરાઈથી અને માણસોની જીંદગી જોખમાય તે રીતે તેના હવાલાવાળી થાર (GJ-10-EC-7215)લઈને નીકળ્યો હતો. જેણે શેઠ વડાળા પંથકમાં દારૂના નશામાં ચારથી પાંચ વાહનોને અડફેટે લઈ અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો. જેને લઈ શેઠ વડાળા પોલીસની '112' વાન તેનો પીછો કરી રહી હતી. આ અંગે માહિતી ભાયાવદર પોલીસને મળી હતી. જે બાદ PI વી.સી. પરમાર અને તેમની ટીમે અરણી રોડ અને સરદાર ચોક ખાતે નાકાબંધી કરી હતી.એટલું જ નહીં PI વી.સી પરમાર સહિતના પોલીસ કર્મચારીઓ ભાયાવદર ગામે અરણી રોડની ગોળાઈ પર રસ્તો રોકી ઉભા હતા. ત્યારે અચાનક બેફામ રીતે આવી રહેલા થાર ચાલકને કાબૂમાં લેવા એટલે કે અટકાવવાનો પ્રયાસ કર્યો. જો કે થાર ચાલકે ઉભા રહેવાને બદલે થારને પુરઝડપે ભગાવી અને બે-ફીકરાઈથી હંકારી મૂકી હતી. એ સાથે જ પોલીસની વાને થાર ચાલકનો પીછો કરી તેને અટકાવવાનો પ્રયાસ કર્યો. થારનો પીછો કરતા સમયે સરદાર ચોક ખાતે પહોંચ્યા ત્યારે પોલીસની વાનને પણ આ બેફામ થાર ચાલકે ટક્કર મારી હતી.

# બોટાદના ખેલાડીઓએ ટેકવોન્ડોમાં 5 મેડલ જીત્યા

• બોટાદ

બોટાદ જિલ્લાના ખેલાડીઓએ ખેલ મહાકુંભ-2025 રાજ્ય કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તાપી જિલ્લાના વ્યારા ખાતે 27 થી 28 જાન્યુઆરી દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં આદર્શ વિદ્યાલય, બોટાદના ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS)ના ખેલાડીઓએ કુલ પાંચ મેડલ જીતીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

આ સ્પર્ધામાં સાંકળિયા ખમ્માએ ગોલ્ડ મેડલ, ઝાપડિયા નેહલે સિલ્વર મેડલ અને ડાભી કૃપાલી, શિયાળ રિંકલ તથા સરવૈયા વનીતાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. આ સિદ્ધિ સાથે બોટાદના ખેલાડીઓએ રાજ્ય કક્ષાએ પોતાની દબદબાભરી હાજરી નોંધાવી હતી.

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ-2025 રાજ્યના યુવા ખેલાડીઓ માટે તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરું પાડે છે. આના માધ્યમથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં છુપાયેલી રમત પ્રતિભાઓને યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને સ્પર્ધાત્મક તકો મળે છે, જેના પરિણામે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગુજરાતના ખેલાડીઓ નામ રોશન કરી રહ્યા છે.ખેલાડીઓની આ સફળતા પાછળ ટેકવોન્ડો કોચ અજયભાઈ મૌર્ય અને ટેકવોન્ડો ટ્રેનર પટેલ હેપ્પીનું મહત્વપૂર્ણ માર્ગદર્શન અને મહેનત રહેલી છે. તેમના સતત પ્રયાસો અને યોગ્ય તાલીમના કારણે ખેલાડીઓ આ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે.આ શાનદાર સિદ્ધિ બદલ જિલ્લા રમત વિકાસ અધિકારી, બોટાદ, આદર્શ વિદ્યાલય, બોટાદ તેમજ સમગ્ર બોટાદ જિલ્લાનું ગૌરવ વધ્યું છે.

ઘરોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા ઉકેલવા જેકિંગ ટેક્નિકનો ઉપયોગ

# તોડફોડ વિના 2200 સ્ક્વેર ફૂટના બંગલાને 4 ફૂટ ઊંચો કરાયો

• ગીર સોમનાથ

શહેરમાં સતત ઊંચા આવતાં રોડ લેવલ અને તેના કારણે ચોમાસામાં ઘરોમાં ભરાતાં વરસાદી પાણીની સમસ્યા હવે સામાન્ય બની ગઈ છે. સામાન્ય રીતે લોકો આ સમસ્યાથી બચવા માટે મકાન તોડીને નવેસરથી બનાવતા હોય છે, પરંતુ વેરાવળના એક સિવિલ એન્જિનિયરે આનો 'જુગાડ' નહીં પણ 'ટેકનિકલ' ઉકેલ શોધી કાઢ્યો છે. તેમણે હાઈડ્રોલિક જેકિંગ ટેકનિકનો ઉપયોગ કરી પોતાના આખા બંગલાને જ જમીનથી 4 ફૂટ ઊંચો કરવાનું સાહસ ખેડ્યું છે.

વેરાવળમાં રહેતા સિવિલ એન્જિનિયર સાજીદ મન્સુરી છેલ્લા 7 વર્ષથી વરસાદી પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. દર વર્ષે સોસાયટીમાં પાણી ભરાતા અને ઘરનો કિંમતી સામાન બગડતો હતો. શરૂઆતમાં તેમણે મકાન તોડીને નવું બનાવવાનો વિચાર કર્યો હતો, પરંતુ આર્થિક અને સમયના વ્યયને ટાળવા તેમણે 'જેકિંગ ટેકનિક' પર પસંદગી ઉતારી.આ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સાજીદભાઈનો 4 BHK સુવિધા ધરાવતો અંદાજે 2200 સ્ક્વેર ફૂટનો વિશાળ બંગલો ઊંચો કરવામાં આવી રહ્યો છે. નિષ્ણાત ટીમ દ્વારા અંદાજે 150 જેટલા હાઈડ્રોલિક જેક મકાનના પાયામાં ગોઠવવામાં આવ્યા છે. હાલમાં આખું મકાન કોઈ પણ નુકસાન વગર સફળતાપૂર્વક 2 ફૂટ ઊંચું કરી દેવામાં આવ્યું છે, જ્યારે હજુ વધુ 2 ફૂટ ઊંચું કરવાની કામગીરી ચાલુ છે. મકાનમાં ક્યાંય તિરાડ ન પડે તે માટે અત્યંત સાવચેતીપૂર્વક દરેક જેકને એકસાથે સંચાલિત કરવામાં આવે છે.

સાજીદ મન્સુરીના જણાવ્યા અનુસાર, આ ટેકનિક મધ્યમ વર્ગ માટે વરદાન સમાન છે. તેમણે ઉમેર્યું કે, નવું મકાન બનાવવામાં જે ખર્ચ થાય, તેના માત્ર 20થી 25 ટકા ખર્ચમાં આ પદ્ધતિથી 1થી 5 ફૂટ સુધી મકાન ઊંચું લાવી શકાય છે. વધુમાં વધુ ચાર મહિનાની અંદર આ સમગ્ર પ્રકિયા પૂર્ણ થઈ જાય છે. આ ટેકનોલોજી અપનાવતા પહેલાં મેં ઘણા સ્થળોની રૂબરૂ મુલાકાત લઈને તેની સફળતાની ખાતરી કરી હતી. લોકો મકાન તોડવાને બદલે ઊંચું લાવવાની આ ટેકનિક તરફ વળે તેવી શક્યતા લોકો મકાન તોડવાને બદલે ઊંચું લાવવાની આ ટેકનિક તરફ વળે તેવી શક્યતા વેરાવળમાં આ પ્રકારનો પ્રથમ પ્રયોગ હોવાથી આસપાસના રહીશોમાં ભારે આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળી રહ્યું છે. પાડોશમાં રહેતા મહંમદભાઈ સોરઠીયા જણાવે છે કે, તેમના ઘણા સંબંધીઓએ પાણીની સમસ્યાને કારણે મકાનો તોડી નાખ્યા છે, પરંતુ સાજીદભાઈનો આ પ્રયોગ જોઈને હવે લોકો મકાન તોડવાને બદલે ઊંચું લાવવાની આ ટેકનિક તરફ વળે તેવી શક્યતા છે. આ પ્રયોગે સાબિત કર્યું છે કે, આધુનિક એન્જિનિયરિંગ ટેકનોલોજીની મદદથી જૂની અને જટિલ સમસ્યાઓનો ઓછા ખર્ચે ઉકેલ લાવી શકાય છે.આધુનિક એન્જિનિયરિંગ ટેકનોલોજીની મદદથી જૂની અને જટિલ સમસ્યાઓનો ઓછા ખર્ચે ઉકેલ લાવી શકાય ગોધરામાં પણ 320 જેકથી 1400 ટનનું બે માળનું ઘર ઊંચું કરાયું આજથી 10 મહિના પહેલાં ગોધરા શહેરમાં પણ આવી જ રીતે મકાન ઊંચુ લાવવાની અનોખી ઘટના સામે આવી હતી. દાહોદ રોડ પર આવેલી ગોધરા પાર્ક સોસાયટીમાં એક મકાનને જેક દ્વારા ઊંચું કરવામાં આવ્યું હતું. ચોમાસામાં પાણી ભરાવાના કારણે મકાન બેસી જતું હોવાથી આ પગલું લેવામાં આવ્યું હતું. 320 શક્તિશાળી જેકની મદદથી 1400 ટનના બે માળના મકાનને ઊંચું કરવામાં આવ્યું હતું. આ કામગીરી એક મહિના સુધી ચાલી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI



# ઐશ્વર્યા રાયની આંખોનો રંગ તેના મૂડ પ્રમાણે બદલાય છે, જેનાથી દિગ્દર્શક પણ દંગ રહી જાય છે

ભૂતપૂર્વ મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાયની સુંદરતાની તુલનામાં સૌથી પ્રખ્યાત નાયિકાઓ પણ ફિક્કી પડી ગઈ છે. જ્યારથી તેણીએ ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો છે, ત્યારથી તે માત્ર તેની અભિનય કુશળતાથી જ નહીં પરંતુ તેની સુંદરતાથી, ખાસ કરીને તેની મનમોહક આંખોથી પણ દિલ જીતી રહી છે.

ઐશ્વર્યા રાયની આંખો તેની સુંદરતામાં વધારો કરે છે. જ્યારે તે પહેલીવાર એક જાહેરાતમાં દેખાઈ હતી, ત્યારે લોકો તેની સુંદર આંખોથી મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પરંતુ શું તમે જાણો છો કે ઐશ્વર્યાની આંખોનો રંગ બદલાઈ જાય છે? ના, ખરું ને! ચાલો તમને તેના વિશે જણાવીએ. ઐશ્વર્યા રાયની આંખનો રંગ લીલો અને વાદળી રંગનું મિશ્રણ હોવાનું કહેવાય છે. જો કે, તમને ખબર નહીં હોય કે આ રંગ તેના મૂડના આધારે બદલાય છે. આ અમારો અભિપ્રાય નથી, પરંતુ એક દિગ્દર્શકનો અભિપ્રાય છે જેણે ઐશ્વર્યા રાય સાથે કામ કર્યું છે. આ દિગ્દર્શક પ્રહલાદ કક્કર છે.ઐશ્વર્યા રાયે ૧૯૯૩ માં પ્રહલાદ કક્કર સાથે પેપ્સીની જાહેરાત શૂટ કરી હતી. આ જાહેરાતે અભિનેત્રીને રાતોરાત સનસનાટી મચાવી દીધી હતી, અને દિગ્દર્શકને તેના વિશે પૂછતા ૫,૦૦૦ ફોન આવ્યા હતા. પ્રહલાદે એકવાર એક ઈન્ટરવ્યુમાં ઐશ્વર્યા વિશે આ હકીકત શેર કરી હતી.પ્રહલાદ કક્કરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તે ઐશ્વર્યા રાયની સુંદરતાથી મંત્રમુગ્ધ થઈ ગયો હતો. તે આ જાહેરાત માટે એવી છોકરી શોધી રહ્યો હતો જેની સુંદરતા આખી દુનિયાને થંભાવી દે, અને બરાબર એવું જ થયું. વાતચીતમાં તેણે કહ્યું, "હું કોઈથી સંતુષ્ટ નહોતો. તેમની પાસે એ ચમક નહોતી. ફક્ત ખાસ હોવું પૂરતું નહોતું. હું કોઈ ખાસ વ્યક્તિની શોધમાં હતો. એક એવો ચહેરો જે ચાર સેકન્ડમાં દુનિયાને રોકી શકે." અને પછી કેટલીક છોકરીઓ તેને મળી. તેના ખભા પર બેગ લટકાવેલી હતી, ફાટેલી જીન્સ પહેરેલી હતી, અને તેના વાળ વિખરાયેલા હતા. તે આર્કિટેક્ચર કોલેજમાં હતી.ઐશ્વર્યા રાય તેના કોલેજના દિવસોમાં સુંદર હતી, પરંતુ તેની આંખો વધુ આકર્ષક હતી, અને તે જ વાત પ્રહલાદ કક્કરને તેનામાં સૌથી ખાસ લાગી. તેણે કહ્યું, "તો મેં તેને જોઈને પૂછ્યું, 'શું તે તે છે?' તેણીએ કહ્યું, 'ચાલો તેનો મેકઅપ ટેસ્ટ લઈએ.' જે વસ્તુએ મને રોકી દીધી, જે વસ્તુએ મને ખરેખર વિચારવા માટે મજબૂર કરી, તે તેની આંખો હતી. જ્યારે મેં તેની આંખોમાં જોયું, ત્યારે મેં આખું બ્રહ્માંડ જોયું."

### એક્શન સિક્વન્સના શૂટ માટે દરરોજ ૫ કરોડનો ખર્ચ થયો

# 'કિંગ'માં એક એક્શન સીન માટે ૫૦ કરોડનો ખર્ચ થયો

સિદ્ધાર્થ આનંદ હિન્દી સિનેમાના સૌથી મોટા એક્શન ડિરેક્ટર્સમાંના એક છે. 'પઠાન', 'બેંગ બેંગ', 'વૉર' અને 'ફાઈટર' જેવી મેગા હિટ ફિલ્મો માટે જાણીતા સિદ્ધાર્થ આનંદ હાલ શાહરુખ સાથે 'કિંગ'ના શૂટિંગમાં વ્યસ્ત છે, જે ક્રિસમસ ૨૦૨૬ પર રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં શાહરુખ ખાન અને સુહાના ખાન મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન અને રાની મુખર્જી સહિતના કલાકારો પણ મહત્વનાં રોલમાં હશે.એવા અહેવાલો છે કે, સિદ્ધાર્થ આનંદ દર્શકો માટે આ ફિલ્મ એક ભવ્ય વિઝ્યુઅલ એક્સપિરીયન્સ બનાવવા કોઈ ખામી રાખવા માગતા નથી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સિદ્ધાર્થ આનંદે યુરોપના લોકેશન્સ પર એક ભવ્ય એક્શન સિક્વન્સ શૂટ કરી છે, જેના માટે પ્રોડક્શન ટીમે ૫૦ કરોડ જેવી મોટી રકમ ખર્ચી છે. એક સૂત્રે જણાવ્યું, "'કિંગ' ભારતીય સિનેમાની સૌથી મોંઘી એક્શન ફિલ્મોમાંની એક છે અને તે દર્શકોને વર્ષો સુધી યાદ રહે એવો થિયેટ્રિકલ અનુભવ



આપવા માટે કોઈ કમી રાખવા માગતા નથી. ફિલ્મના મુખ્ય એક્શન સીનમાંથી એક યુરોપમાં શૂટ કરવામાં આવ્યો છે અને ટીમે ૧૦ દિવસના એક્શનથી ભરપૂર શેડ્યૂલ માટે ૫૦ કરોડની રકમ ખર્ચી છે. આ એક્શન સિક્વન્સના શૂટ માટે દરરોજ ૫ કરોડનો ખર્ચ થયો છે."આ સિક્વન્સ યુરોપમાં શાહરુખ ખાન, અભિષેક બચ્ચન સાથે હાઈ-ઓક્ટેન સ્ટન્ટ્સ કરવા માટે ખાસ રાખવામાં આવેલી આખી ટીમની હાજરીમાં ફિલ્માવવામાં આવ્યો હતો.

### ફિલ્મનું શૂટ જૂન કે જુલાઈ ૨૦૨૬થી શરૂ થશે

# લોકેશ કનગરાજ અને અલ્લુ અર્જૂનની ફિલ્મમાં શ્રદ્ધા કપૂરની એન્ટ્રી થઈ શકે

અલ્લુ અર્જૂન હવે લોકેશ કનગરાજ સાથે ફિલ્મ કરી રહ્યો હોવાના અહેવાલ છે, જેને હાલ પૂરતું છછ૨૩ નામ આપવામાં આવ્યું છે. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર એક ટીઝર શેર કરીને આ અંગે જાહેરાત પણ કરવામાં આવી હતી. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂરને લીડ રોલ માટે પસંદ કરવામાં આવી છે. જ્યારથી આ ફિલ્મ જાહેર થઈ ત્યારથી દર્શકોને આ ફિલ્મ અંગે ઘણી આતુરતા છે, ત્યારે શ્રદ્ધા કપૂર આ ફિલ્મમાં જોડાવાની હોવાની વાતથી તે અંગેની ઉત્સુકતા વધી ગઈ છે. ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિ નિમિત્તે મૈથ્રી મુવીઝ દ્વારા છછ૨૩નું ટીઝર શેર કરાયુ હતું. જેનાથી અંદાજ આવ્યો કે આ ફિલ્મ વાય રવિ શંકર અને નવીન યર્નેનીએ પ્રોડ્યુસ કરી છે અને તેનું સંગીત અનિરુદ્ધે આપ્યું છે. તેમાં અલ્લુ અર્જૂનની ઘોડા સાથેની ઝલક પણ જોવા મળી હતી. ત્યાર પછી ડિરેક્ટર લોકેશ કનગરાજની સિંગ જેવી ગર્જની પણ સાંભળવા મળે છે. આ ફિલ્મને એલકે૦૭ પણ કહેવાય છે અને તેનું પ્રોડક્શન ૨૦૨૬ના પાછળના ભાગમાં શરૂ થશે. આ ક્લિપ શેર કરતા અલ્લુ અર્જૂને લખ્યું હતું, "હું કહું છું ૨૩. દોડધામમાં જઈ રહ્યા છે. લોકેશે મનમાં તો નક્કી કરી જ લીધું છે એ ગેરંટી છે. લોકેશ ગરુ સાથેની નવી સફર માટે ઉત્સુક છું. આ ફિલ્મ માટે રાહ નથી જોવાતી."એવી ચર્ચા છે કે આ ફિલ્મનું શૂટ જૂન કે જુલાઈ ૨૦૨૬થી શરૂ થશે, હાલ તેનું પ્રી પ્રોડક્શનનું કામ ચાલુ છે. આ ફિલ્મ માટે લોકેશ કનગરાજને ૭૫ કરોડ જેવી મોટી ફી મળી હોવાની પણ ચર્ચા છે. જ્યારે શ્રદ્ધા કપૂરની વાત કરવામાં આવે તો છેલ્લે તે સ્ત્રી ૨માં જોવા મળી હતી, જો સાઉથની ફિલ્મની વાત કરવામાં આવે તો તેણે ૨૦૧૯માં સાહો ફિલ્મમાં પ્રભાસ સાથે કામ કર્યું હતું. મેકર્સ દ્વારા સોશિયલ મીડિયા પર એક ટીઝર શેર કરીને આ અંગે જાહેરાત પણ કરવામાં આવી હતી. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મમાં શ્રદ્ધા કપૂરને લીડ રોલ માટે પસંદ કરવામાં આવી છે. જ્યારથી આ ફિલ્મ જાહેર થઈ ત્યારથી દર્શકોને આ ફિલ્મ અંગે ઘણી આતુરતા છે, ત્યારે શ્રદ્ધા કપૂર આ ફિલ્મમાં જોડાવાની હોવાની વાતથી તે અંગેની ઉત્સુકતા વધી ગઈ છે.



### એઆર રહેમાને ઉદ્યોગમાં સાંપ્રદાયિકતાના વધતા પ્રભાવ વિશે વાત કરીને ઉદ્યોગમાં એક નવી ચર્ચા જગાવ

# ઉદ્યોગમાં ધર્મના આધારે કોઈ ભેદભાવ નથી,' રાની મુખર્જીએ એઆર રહેમાનના નિવેદન પર પ્રતિક્રિયા આપી

પીઢ સંગીતકાર એઆર રહેમાને ઉદ્યોગમાં સાંપ્રદાયિકતાના વધતા પ્રભાવ વિશે વાત કરીને ઉદ્યોગમાં એક નવી ચર્ચા જગાવી છે. આ પછી, ઉદ્યોગ વિભાજિત થયો હોય તેવું લાગ્યું. જ્યારે ઘણી હસ્તીઓએ રહેમાનને ટેકો આપ્યો, ત્યારે અન્ય લોકોએ તેમની ટીકા કરી, તેમના નિવેદનને ખોટું ગણાવ્યું. હવે, અભિનેત્રી રાની મુખર્જીએ પણ એઆર રહેમાનના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે.ડીડી ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં, રાની મુખર્જીએ બોલિવૂડમાં એઆર રહેમાનના સાંપ્રદાયિક પ્રભાવ અને તેના કામ પર તેની અસર વિશે વાત કરી. રાનીએ કહ્યું, "બોલીવુડ સૌથી ધર્મનિરપેક્ષ સ્થળ છે, અને હું તેમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું. અહીં જાતિ કે ધર્મના આધારે કોઈ ભેદભાવ નથી. ઉદ્યોગમાં મારા ૩૦ વર્ષમાં, મેં ક્યારેય આવું કંઈ અનુભવ્યું નથી. મને આ ઉદ્યોગ ગમે છે. તેણે મને આજે જે છું તે બનાવ્યો છે. હું આ હૃદયથી કહું છું; અહીં યોગ્યતા મહત્વની છે. તમારું કામ તમારી ઓળખ છે, અને આખરે, જે વ્યક્તિ સાથે પ્રેક્ષકો જોડાય છે તે જ ટકી રહે છે અને સફળ થાય છે. મારા માટે, બોલીવુડ સૌથી ધર્મનિરપેક્ષ અને સૌથી અદ્ભુત સ્થળોમાંનું એક છે."બીબીસી એશિયન નેટવર્ક સાથેની એક મુલાકાત દરમિયાન, એ.આર. રહેમાને કહ્યું,



"આજકાલ, જે લોકો સર્જનાત્મક નથી તેમની પાસે નિર્ણય લેવાની શક્તિ છે. આ એક સાંપ્રદાયિક મુદ્દો હોઈ શકે છે, પરંતુ મારી સામે નહીં. મેં કાનાફૂસી દ્વારા સાંભળ્યું કે તેમણે તમને બુક કર્યા છે, પરંતુ સંગીત કંપનીએ આગળ વધીને પોતાના પાંચ સંગીતકારોને રાખ્યા. મેં કહ્યું, 'વાહ, તે ખૂબ સરસ છે! હવે મારી પાસે આરામ કરવાનો અને મારા પરિવાર સાથે સમય વિતાવવાનો સમય છે.'" રહેમાને "ચાવા" ને એક વિભાજનકારી ફિલ્મ પણ કહી.રાની મુખર્જીની ફિલ્મ "મર્દાની ૩" (૩૦ જાન્યુઆરી) સિનેમાઘરોમાં રિલીઝ થઈ. રાની મુખર્જી ઉપરાંત, આ ફિલ્મમાં મલ્લિકા પ્રસાદ, પ્રજેશ કશ્યપ, જાનકી બોડીવાલા, મિખાઈલ યાવલકર, દિગ્વિજય શ્રીકાંત રોહિદાસ, જિમ્પા સંગપો ભૂટિયા અને ઈન્દ્રનીલ ભટ્ટાચાર્ય મુખ્ય ભૂમિકામાં છે.

## બોલીવુડ ગોસીપ

### સની દેઓલએ ચાહકોને તેની ફિલ્મ "બોર્ડર ૨" ને પ્રેમ કરવા બદલ આભાર માન્યો

"બોર્ડર ૨," સની દેઓલની ફિલ્મ "બોર્ડર" ની સિક્વલ, સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. ફિલ્મ રિલીઝ થયાને સાત દિવસ થઈ ગયા છે. આ સાત દિવસમાં, 'બોર્ડર ૨' એ કુલ ?૨૧૬.૬ કરોડથી વધુની કમાણી કરી છે, જે સતત વધી રહી છે. સની દેઓલે



આજે સોશિયલ મીડિયા પર ફિલ્મ 'બોર્ડર ૨' ને મળેલા પ્રેમ બદલ તેના ચાહકોનો આભાર માન્યો.સની દેઓલે આજે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક ખાસ વીડિયો શેર કર્યો. આ વીડિયોમાં, તે એક ઠંડી જગ્યાએ જોવા મળે છે, તેની પાછળ બરફ દેખાય છે. આ વીડિયોમાં, સનીએ કહ્યું, "અવાજ ક્યાં સુધી પહોંચ્યો, તમારા હૃદય સુધી." સનીએ આગળ કહ્યું, "તમને બધાને મારી ફિલ્મ 'બોર્ડર' ખૂબ ગમી, તેના માટે ખૂબ ખૂબ આભાર. તમને બધાને પ્રેમ."

### અરિજિતસિંઘ પ. બંગાળની ચૂંટણીમાં ઝંપલાવશે!

હાલમાં જ બોલીવૂડમાં પાર્શ્વગાયનમાંથી નિવૃત્તિ જાહેર કરનાર અરિજીતસિંઘના ભવિષ્યના આયોજન અંગે એક રસપ્રદ અહેવાલમાં આ ગાયક હવે પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ઝંપલાવે તેવા સંકેત છે અને



ટૂંક સમયમાં જ તે પોતાનો અલગ રાજકીયપક્ષ રચીને એપ્રિલ માસમાં જ યોજાનારી ચૂંટણીને નવો વળાંક આપે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે.દેશમાં બોલીવૂડ સહિતના ફિલ્મ ઉદ્યોગમાં પાર્શ્વગાયનમાં અત્યંત લોકપ્રિય થયેલા અરિજીતસિંઘ એ હાલ જ પોતે હવે સિંગર તરીકે કારકિર્દીને છોડીને સંગીત અને ફિલ્મ નિર્માણ વગેરેમાં જોડાઈ રહ્યો છે તેવા સંકેત આપ્યા હતા.તે વચ્ચે એનડીટીવીના એક રીપોર્ટ મુજબ અરિજિતસિંઘ એક રાજકીય પક્ષ રચવા ગંભીરતાથી વિચારી રહ્યો છે. બંગાળી ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલા એક સુત્રોના જણાવ્યા મુજબ અરિજિતસિંઘ પહેલા ગ્રાસરૂટ લેવલ પર ચૂંટણી લડવા અને બાદમાં પોતાનો રાજકીય પક્ષ રચવા વિચારે છે.

### અભિનેતા જોન અબ્રાહમની ચોંકાવનારી તસવીર વાઈરલ

અભિનેતા જોન અબ્રાહમ હંમેશા તેની ફિટનેસ માટે ચર્ચામાં રહે છે. જોન અબ્રાહમના કેટલાક નવા ફોટા વાઈરલ થઈ રહ્યા છે. આ ફોટામાં જોનનો લુક સંપૂર્ણપણે અલગ દેખાય છે. જે જોઈને ચાહકો તેને ઓળખી પણ શકતા નથી.



ફોટામાં જોન ટીમના એક મેમ્બર સાથે પોઝ આપતો જોવા મળે છે. જેમાં તેણે ક્લીન-શેવ અને ભૂરા વાળમાં દેખાય છે. જોને કાળું ટી-શર્ટ પહેરેલું હોય છે અને પોઝ આપતી વખતે હસતો જોવા મળે છે. આ પોસ્ટ પર ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, "શું જોને તેના વાળ પર કલર કર્યો છે?" બીજાએ લખ્યું કે, "કેવો લાગતો હતો માણસ અને આજે તે કેવો બની ગયો છે? ધૂમ ૧ માં તે ખૂબ સારો દેખાતો હતો." કેટલાક યુઝર્સે પૂછ્યું કે, "શું જોન બીમાર છે." ચાહકો પણ તેના સ્વાસ્થ્ય વિશે ચિંતિત દેખાતા હતા. કેટલાકે તો એવું પણ લખ્યું કે, "એવું લાગે છે કે જોનનું વજન ઘટી ગયું છે.

### બોલીવુડ અભિનેત્રી ભૂમિ પેડનેકર હાલમાં તેની વેબ સિરીઝ 'દલદલ' માટે સમાચારમાં છે

# 'દલદલ' ના રિલીઝના દિવસે ભૂમિએ સુવર્ણ મંદિરની મુલાકાત લીધી અને એક ભાવનાત્મક નોંધ લખી

બોલીવુડ અભિનેત્રી ભૂમિ પેડનેકર હાલમાં તેની વેબ સિરીઝ 'દલદલ' માટે સમાચારમાં છે. આ શ્રેણીનું સ્ટ્રીમિંગ આજે એમેઝોન પ્રાઈમ વિડીયો પર શરૂ થયું. શ્રેણીની રિલીઝના પહેલા દિવસે, ભૂમિએ અમૃતસરના સુવર્ણ મંદિરની મુલાકાત લીધી અને એક ભાવનાત્મક નોંધ પણ શેર કરી.

ભૂમિ પેડણેકરે ઈન્સ્ટાગ્રામ પર પોતાના ઘણા અદભુત ફોટા શેર કર્યા છે. પહેલા ફોટામાં, ભૂમિ અમૃતસરના સુવર્ણ મંદિરની મુલાકાત લેતી જોવા મળે છે. બીજા ફોટામાં, ભૂમિ લેપટોપ પર તેની શ્રેણી 'દલદલ' જોતી વખતે હસતી અને પોઝ આપતી જોવા મળે છે. ત્રીજા ફોટામાં, તે શ્રેણી 'દલદલ' ના તેના બધા સહ કલાકારો સાથે જોવા મળે છે. ભૂમિએ આગળ લખ્યું, "સેટ પર લાંબા દિવસો, સેટની બહાર નાજુક ક્ષણો, બ્રહ્માંડને પ્રાર્થના અને મારા કામમાં અતૂટ શ્રદ્ધા દ્વારા, હું આગળ વધતી રહી. ચોથા ફોટામાં, ભૂમિ શ્રેણીના ક્લેપબોર્ડથી પોતાનો ચહેરો છુપાવતી જોવા મળે છે.પાંચમા ફોટામાં એક કમ્પ્યુટર બતાવવામાં આવ્યું છે જેના પર 'દલદલ' ની સ્ક્રિપ્ટ સ્ક્રોલ થઈ રહી છે. છઠ્ઠા ફોટામાં, ભૂમિ 'દલદલ' ના એક દ્રશ્યમાં ગંભીર મૂડમાં જોવા મળે છે. અને તેની સામેના ટેબલ પર, એક નેમપ્લેટ લખેલું છે "રીટા ફેરેરા આઈપીએસ " સાતમા ફોટામાં ભૂમિનો કાળો અને સફેદ ફોટો છે, જેમાં તેના કાનના કાન તેજસ્વી રીતે ચમકી રહ્યા છે. આઠમા ફોટામાં "દલદલ" શ્રેણીના ૬૫મા સૂટની હાર્ડ કોપી છે. નવમા ફોટામાં અમૃતસરમાં ચમકતા સુવર્ણ મંદિરનો વીડિયો છે.ભૂમિએ આજે ઈન્સ્ટાગ્રામ પર આઠ ફોટા અને એક વીડિયો શેર કર્યો. તેમની સાથે, ભૂમિએ કેપ્શનમાં લખ્યું, "ગયા વર્ષે, ધીરજ અને કૃતજ્ઞતાએ મને મારી જાતને મળવા કહ્યું. શંકા સાથે, મૌન સાથે, અને એવા પ્રશ્નો સાથે જેનાં જવાબો મારી પાસે હજુ સુધી નહોતા. તેણે મને ડર ભૂલીને ધીમે ધીમે, નરમાશથી, ફરીથી મારી જાતને પ્રેમ કરવાનું શીખવ્યું."

ભૂમિએ આગળ લખ્યું, "સેટ પર લાંબા દિવસો, સેટની બહાર નાજુક ક્ષણો, બ્રહ્માંડને પ્રાર્થના અને મારા કામમાં અતૂટ શ્રદ્ધા દ્વારા, હું આગળ વધતી રહી. એટલા માટે નહીં કે હું નિર્ભય હતી, પરંતુ એટલા માટે કે મારી શ્રદ્ધા હજુ પણ ત્યાં હતી. 'દલદલ'નો જન્મ તે જગ્યાએથી થયો હતો. નબળાઈમાંથી. વિશ્વાસમાંથી. આગળ વધવાનું પસંદ કરવાથી, અનિશ્ચિત માર્ગ પર પણ. આજે, હું આ કાર્ય તમારી સમક્ષ કૃતજ્ઞતા, નમ્રતા અને ખુલ્લા હૃદયથી રજૂ કરું છું."

કઠોર સ્વભાવની અને નિર્ભય રીટા (ભૂમિ પેડનેકર) ને શહેરમાં શ્રેણીબદ્ધ હત્યાના ભયાનક કેસને ઉકેલવાનું કામ સોંપવામાં આવ્યું છે, અને તે પોતે તેમાં ઊંડે સુધી ફસાઈ જાય છે. બાળપણના ઊંડા આઘાતનો બોજ વહન કરતી, રીટા અંદરથી તૂટી ગઈ છે અને તેનો સામનો કરવા માટે ડ્રગ્સના વ્યસન સામે પણ લડી રહી છે.



### ગોવિંદાએ સ્કૂલ ઈવેન્ટમાં આપી હાજરી

# લક્ઝરી કારમાં ફરનારા ગોવિંદાનો નવો વીડિયો જોઈને યુઝર્સ ચોંક્યા

લક્ઝરી કારમાં ફરનારા બોલિવૂડ એક્ટર ગોવિંદાનો નવો વીડિયો જોઈને યુઝર્સ ચોંકી ઉઠ્યા છે. એક સમયે મોટા પડદા પર અને મોંઘી ગાડીઓમાં ફરતો ગોવિંદા હવે નાના સ્ટેજ શૉ, ઓર્કેસ્ટ્રા, લગ્ન અને જન્મદિવસના કાર્યક્રમોમાં નાચતો દેખાયો છે. એક સમયે હતો ત્યારે ગોવિંદા મોટા બજેટની ફિલ્મો અને શૉમાં જોવા મળતો હતો. ગોવિંદાની લગ્ઝરી લાઈફ-સ્ટાઈલની ઘણી ચર્ચા થતી હતી. તેમના માટે મર્સડીઝ-BMW જેવી કારમાં ફરવું સામાન્ય હતું. પરંતુ હવે સ્થિત બદલાઈ હોય તેવું લાગી રહ્યું છે. સોશિયલ મીડિયામાં તાજેતરમાં એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં ગોવિંદા ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં એક સ્કૂલ ઈવેન્ટમાં હાજરી આપી હતી. વીડિયોમાં ગોવિંદા રિસીવ કરવા



માટે આવેલી હ્યુન્ડાઈ ઓરા કારમાં જતો જોવા મળ્યો હતો. ઘણા યુઝર્સ આ દ્રશ્ય જોઈને ચોંકી ગયા હતા અને તેને મોટો પતન ગણાવી રહ્યા છે. યુઝર્સ કહી રહ્યા છે કે, એક સમય હતો જ્યારે ગોવિંદા લક્ઝરી કારમાંથી નીચે ઉતરતા નહોતા, અને હવે તેમના માટે એક સામાન્ય કાર મોકલવામાં આવી છે. આ ઉપરાંત. વધુ એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં ગોવિંદા સ્કૂલના બાળકો અને દર્શકો સામે ડાન્સ કરતાં જોવા મળે છે. ગોવિંદાનો આ અંદાજ તેના ચાહકો માટે થોડી વિચિત્ર અને આઘાતજનક હતો, કારણ કે એક સમય હતો જ્યારે ગોવિંદા ફક્ત ચમકદાર ફિલ્મી દુનિયામાં જ જોવા મળતો હતો.ગોવિંદાના આ વીડિયો સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ થઈ રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, "કેટલી મોટી પડતી! આ વીડિયો જોઈને મને આઘાત લાગ્યો." અન્ય લોકોએ પણ આઘાત વ્યક્ત કરતા કહ્યું કે, એક સમયે મોટા સ્ટાર રહેલા ગોવિંદા હવે નાના સ્ટેજ પર અને સસ્તી કારમાં જોવા મળે છે. ઘણા લોકોએ તેને મોટો પતન ગણાવ્યો. ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર રહેવા છતાં, ગોવિંદા તેના અંગત જીવનને કારણે ચર્ચામાં રહે છે. ક્યારેક તેની પત્ની સુનિતા આહુજા નિવેદન આપે છે, તો ક્યારેક ગોવિંદા પ્રતિક્રિયા આપે છે. ગોવિંદાના ચાહકો લાંબા સમયથી મોટા પડદા પર તેના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા છે. જોકે, હાલમાં ગોવિંદા નાના કાર્યક્રમોમાં જોવા મળી રહ્યો છે.

### મોનાએ બળાપો ઠાલવ્યો

# પુરુષ કલાકારો ૬૦ વર્ષે ય રોમેન્ટિક રોલ કરે અને મહિલા કલાકારોની એક્સ્પાયરી ડેટ

મોના સિંહ ઓટીટી પર એક પછી એક સફળ રોલ કરી રહી છે, ટૂંક સમયમાં તે કોહરાની બીજી સીઝનમાં એક પોલિસ ઓફિસરના રોલમાં જોવા મળશે. જેમાં તે અંગત સમસ્યાઓ સાથે એક મહિલાની હત્યાના કેસની તપાસ કરતી જોવા મળશે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં મોનાએ ઈન્ડસ્ટ્રીમાં મહિલા અને પુરુષ કલાકારો માટેના બેવડાં ધોરણો અંગે વાત કરી હતી.પીટીઆઈ સાથે કરેલી વાતચીતમાં મોનાએ ૪૦ વર્ષની ઉંમરમાં પણ ૫૦ કે ૬૦ વર્ષની ઉંમરના પાત્રો ભજવવા વિશે વાત કરી હતી. મોનાએ જણાવ્યું, "મેં મારી ઓનસ્ક્રીન ઉંમર વિશે ક્યારેય ચિંતા કરી નથી. મેં એ વિશે ક્યારેય નથી વિચાર્યું કારણ કે મને મારામાં આત્મવિશ્વાસ છે અને હું જાણું છું કે હું કોણ છું. હું કોઈની સામે કંઈ જ સાબિત કરવા માગતી નથી તેથી હું જોખમ લીધાં કરું છું. લોકો મને



ઘણી વખત પુછે છે, "તું સ્ક્રીન પર આટલી ઘરડી કેમ દેખાય છે?" હું કહું છું, શું ફેર પડે છે. એ માત્ર એક પાત્ર છે અને એમાં મને મજા આવે છે."મોનાએ ઈન્ડસ્ટ્રીમાં સ્ત્રીઓ અને પુરુષોની ઉમર સાથે અલગ વર્તન વ્યવહાર વિશે પણ વાત કરી હતી. તેણે જણાવ્યું, "ઈન્ડસ્ટ્રીમાં માત્ર મહિલાઓ જ એક્સ્પાયરી ડેટ્સ સાથે આવે છે અને એ ઘણી દુ:ખની વાત છે. જ્યારે પુરુષ કલાકારો તો ૬૦એ પહોંચીને પણ રોમેન્ટિક રોલ કરતા જોવા મળે છે, પણ મહિલાઓને એવું કામ નથી મળતું.

બાબર આઝમનું ફોર્મ પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે એક મોટો માથાનો દુખાવો છે

# બાબર આઝમ હાલમાં મુશ્કેલીમાં છે : તે રન બનાવી રહ્યો નથી, અને હવે તે ટોચના ત્રણમાં બેટિંગ કરી શકશે નહીં



બાબર આઝમનું ફોર્મ પાકિસ્તાન ક્રિકેટ ટીમ માટે એક મોટો માથાનો દુખાવો છે. માત્ર બીબીએલમાં તેનું બેટ નિષ્ફળ ગયું એટલું જ નહીં, પરંતુ હવે, જ્યારે પાકિસ્તાની ટીમ ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી રમી રહી છે, ત્યારે બાબર તેમાં પણ ઘણા રન બનાવી શક્યો નથી. દરમિયાન, પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન સલમાન અલી આગાએ એક મોટી જાહેરાત કરી છે, જે બાબર માટે વધુ એક આંચકો બની શકે છે.

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા, પાકિસ્તાન ક્રિકેટ ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી રમી રહી છે. ઓછા સ્કોર હોવા છતાં, પાકિસ્તાને પ્રથમ મેચ ૨૨ રનથી જીતી હતી. પાકિસ્તાની કેપ્ટન સલમાન અલી આગા ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. જ્યારે તેણે વધારે રન બનાવ્યા ન હતા, ત્યારે તેણે ચોક્કસપણે આક્રમક બેટિંગ કરી હતી. સલમાન અલીએ ૨૭ બોલનો સામનો કર્યો અને ૩૯ રન બનાવ્યા. આ ઈનિંગ દરમિયાન, આગાએ ચાર છગ્ગા અને એક ચોગ્ગા ફટકાર્યા. તે ટીમ માટે બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો. ફક્ત સેમ અયુબ, ૪૦ સાથે, તેમને પાછળ છોડી શક્યો.

આ દરમિયાન, બાબર આઝમ માટે થયેલા ઝટકા અંગે, કેપ્ટન સલમાન અલી આગાએ જણાવ્યું છે કે તે આગામી મેચોમાં ત્રીજા નંબર પર બેટિંગ કરવાનું ચાલુ રાખશે. હાલમાં ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણી ચાલી રહી છે, જેમાં બે મેચ બાકી છે. આ પછી, જ્યારે ૭ ફેબ્રુઆરીથી ટી ૨૦ વર્લ્ડ કપ શરૂ થશે, ત્યારે સલમાન ત્રીજા નંબર પર બેટિંગ કરશે. એકંદરે, એ સ્પષ્ટ થઈ ગયું છે કે બાબર આઝમે ટોચના ક્રમમાં નહીં, પણ મધ્યમ ક્રમમાં બેટિંગ કરવી પડશે.

હાલમાં, સૈમ અયુબ અને સાહિબજાદા ફરહાન પાકિસ્તાન માટે ઈનિંગની શરૂઆત કરી રહ્યા છે, ત્યારબાદ સલમાન અલી ત્રીજા નંબર પર છે. આનો અર્થ એ છે કે બાબરને ટોચના ત્રણમાં સ્થાન મળે તેવી શક્યતા ઓછી છે. ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ૨૦ મેચમાં, બાબર આઝમ ચોથા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. તેણે ૨૦ બોલમાં ૨૪ રન બનાવ્યા હતા, જેમાં એક ચોગ્ગો અને એક છગ્ગો સામેલ હતો. જો બાબર ટીમમાં હશે, તો તે પ્લેઈંગ ઈલેવનનો ભાગ હશે, પરંતુ તે નીચે ક્રમમાં રમશે. જો કે, જો આપણે બાબરની ટી ૨૦ કારકિર્દી પર નજર કરીએ, તો આપણને ખબર પડશે કે તેણે મોટાભાગે ટોચના ત્રણમાં બેટિંગ કરી છે.

પાકિસ્તાન ટીમઃ સાહિબજાદા ફરહાન, સૈમ અયુબ, બાબર આઝમ, સલમાન આગા (કેપ્ટન), ફખર ઝમાન, ઉસ્માન ખાન (વિકેટકીપર), શાદાબ ખાન, મોહમ્મદ નવાઝ, ફહીમ અશરફ, મોહમ્મદ વસીમ જુનિયર, શાહીન આફ્રિદી, સલમાન મિર્ઝા, અબરાર અહેમદ, ઉસ્માન તારિક, ખ્વાજા નાફે, નસીમ શાહ.

# આઇસીસીએ આગામી વર્લ્ડ કપ માટે ગીત રજૂ કર્યું, ગીત સંગીતકાર અને ગાયક અનિરુદ્ધ રવિચંદરે કંપોઝ અને ગાયું છે



ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાનિત આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી શરૂ થશે. અગાઉ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે આગામી વર્લ્ડ કપ માટે ગીત રજૂ કર્યું. 'ફીલ ધ થ્રિલ' નામનું આ ગીત પ્રખ્યાત ભારતીય સંગીતકાર અને ગાયક અનિરુદ્ધ રવિચંદરે રચ્યું અને ગાયું હતું.

આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ કહ્યું, "આઈસીસીની મુખ્ય ટુર્નામેન્ટ ફક્ત રમતગમતની ઘટનાઓ જ નહીં, પરંતુ વૈશ્વિક સાંસ્કૃતિક ઉજવણીઓ પણ છે. ટી૨૦ વર્લ્ડ કપ ખૂબ જ સ્પર્ધાત્મક અને રોમાંચક છે, જ્યાં દરેક ક્ષણ ખેલાડીઓ અને ચાહકો માટે યાદગાર હોય છે. આ સત્તાવાર ગીત સંગીત દ્વારા દુનિયાને તે ભાવના પહોંચાડવાનો પ્રયાસ છે." ગીતકાર અનિરુદ્ધ રવિચંદરે કહ્યું, "ક્રિકેટ માત્ર એક રમત નથી, તે એક લાગણી છે. દરેક ઉલ્લાસ, દરેક મૌન અને દરેક હૃદયના ધબકારા એક સૂરમાં એક થાય છે. 'ફીલ ધ થ્રિલ' સાથે, અમે મેદાન પરની હરીફાઈઓને પાર કરીને વિશ્વભરના ચાહકોને એક કરવાનો પ્રયાસ કર્યો છે."

ભારતીય ટીમના ઓપનર સંજુ સેમસન ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યા છે

# બેટિંગ કોચ કોટક સંજુ સેમસનના ખરાબ ફોર્મથી ચિંતિત નથી, તેના ફોર્મમાં પાછા ફરવાનો વિશ્વાસ વ્યક્ત કરે છે



ભારતીય ટીમના ઓપનર સંજુ સેમસન ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યા છે, પરંતુ બેટિંગ કોચ સિતાંશુ કોટક ચિંતિત નથી. કોટકે સેમસનના ફોર્મમાં પાછા ફરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને પુનરોચ્ચાર કર્યો છે કે વિકેટકીપર-બેટ્સમેનને ટીમ મેનેજમેન્ટનો સંપૂર્ણ ટેકો છે.ટી ૨૦ વર્લ્ડ કપ નજીક આવી રહ્યો છે, સેમસન પાસે ફોર્મમાં પાછા ફરવા માટે વધુ સમય નથી. જોકે, કોટકે કહ્યું કે તેને સેમસનની ક્ષમતા પર કોઈ શંકા નથી. સેમસન ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી પાંચ મેચની ટી ૨૦ શ્રેણીમાં સારું પ્રદર્શન કરી શક્યો નથી, તેણે ચાર મેચમાં ૧૦ ની સરેરાશથી માત્ર ૪૦ રન બનાવ્યા છે.કોટકએ કહ્યું, "સંજુ એક સિનિયર ખેલાડી છે. તેણે બધાને ગમે તેટલા રન ન બનાવ્યા હોય, પરંતુ તે ક્રિકેટ કારકિર્દીનો એક ભાગ છે. ક્યારેક તમે સતત પાંચ ઈનિંગમાં ઘણા રન બનાવો છો, અને ક્યારેક તમે મુશ્કેલ સમયમાંથી પસાર થાઓ છો. તે બધું તેના પર નિર્ભર કરે છે કે વ્યક્તિ પોતાનું મન કેવી રીતે મજબૂત રાખે છે, અને અમારું કામ ચોક્કસપણે તેમને સકારાત્મક માનસિકતામાં રાખવાનું છે." તે પ્રેક્ટિસ કરી રહ્યો છે અને સખત મહેનત કરી રહ્યો છે, તેથી આપણે બધા જાણીએ છીએ કે સંજુ શું કરી શકે છે. મને નથી લાગતું કે સંજુ વિશે વધુ કંઈ કહેવાની જરૂર છે કારણ કે તે ખરેખર સારું રમી રહ્યો છે.સેમસન તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ સ્ટેડિયમમાં લગભગ ૩૦ મિનિટ સુધી નેટમાં પરસેવો પાડતો જોવા મળ્યો હતો. જમણા હાથના બેટ્સમેન, અન્ય બોલરો સાથે, ડાબા હાથના સ્પિનર અક્ષર પટેલ સામે થોડા શોટ મારતા જોવા મળ્યા હતા. તે મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને બોલિંગ કોચ મોર્ને મોર્કેલ સાથે વાત કરતો જોવા મળ્યો હતો. જો સેમસન શનિવારની મેચમાં રમે છે, તો તે તેના હોમ ગ્રાઉન્ડ પર તેની પહેલી આંતરરાષ્ટ્રીય મેચ હશે.કોટકે કહ્યું કે ન્યુઝીલેન્ડ સામે ચાલી રહેલી શ્રેણી અને તે પહેલાં દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી, ભારત માટે ટી ૨૦ વર્લ્ડ કપની તૈયારી માટે એક શ્રેષ્ઠ તક રહી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે આજની મેચ વધુ મહત્વપૂર્ણ બને છે

# પાકિસ્તાન સામેની મેચ પહેલા સચિન તેંડુલકરે ભારતીય અંડર-૧૯ ટીમ સાથે વાતચીત કરી



ભારતીય ટીમના દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરે પાકિસ્તાન સામેની મહત્વપૂર્ણ સુપર સિક્સ મેચ પહેલા અંડર-૧૯ વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે વર્ચ્યુઅલી વાતચીત કરી હતી. શુક્રવારે ન્યૂઝીલેન્ડને હરાવીને ઈંગ્લેન્ડે સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું. આનાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારની મેચ વધુ મહત્વપૂર્ણ બને છે. સુપર સિક્સ ગ્રુપ બીમાંથી ફક્ત એક જ ટીમ નોકઆઉટ સ્ટેજ માટે ક્વોલિફાય થશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે એક્સ પર વર્ચ્યુઅલ મીટિંગના ફોટા સાથેની પોસ્ટમાં જણાવ્યું હતું કે, "આ અનુભવ અતિ મૂલ્યવાન હતો, જે આગામી પેઢીને સફળતા અને સતત બદલાતી રમતમાં લાંબી કારકિર્દી માટે મૂલ્યવાન આંતરદૃષ્ટિ અને દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે. તે ફક્ત ટેકનિકલ કૌશલ્ય અને ફિટનેસ વિશે જ નહોતું, પરંતુ સફળતા છતાં એકાગ્રતા, શિસ્ત, નમ્રતા અને સ્થિર રહેવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો."

ભારત અને પાકિસ્તાન રવિવારે વર્લ્ડ કપમાં ટકરાશે. ભારતીય અંડર-૧૯ ટીમ અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપરાજિત છે, જેણે યુનાઈટેડ સ્ટેટ્સ, બાંગ્લાદેશ, ન્યુઝીલેન્ડ અને ઝિમ્બાબ્વેને હરાવી છે. સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે ભારતને કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવવાની જરૂર પડશે.

સચિન તેંડુલકરના નામે સૌથી વધુ આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપમાં ભાગ લેવાનો રેકોર્ડ છે, તેમણે ૧૯૯૨ થી ૨૦૧૧ દરમિયાન ૪૫ મેચ રમી હતી. તેમણે ૪૫ મેચમાં ૨,૨૭૮ રન બનાવીને સૌથી વધુ કુલ રન બનાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. તે એકમાત્ર ખેલાડી છે જેણે છ વર્લ્ડ કપ ટુર્નામેન્ટ રમી છે અને ૨૦૧૧નો વર્લ્ડ કપ જીતીને પોતાની શાનદાર કારકિર્દીનો અંત કર્યો છે.

મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સ સામે તેમની અંતિમ લીગ મેચ રમી હતી

# મુંબઈ ઈન્ડિયન્સની હાર દિલ્હી અને યુપી માટે જીવનદાન આપે છે, જેનાથી એલિમિનેટર માટે ક્વોલિફાય થવાની તક ખુલી



વિમેન્સ પ્રીમિયર લીગની ચોથી સીઝનની અંતિમ લીગ મેચ ૧ ફેબ્રુઆરીએ દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે રમાશે, એક એવી મેચ જે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી સૌથી વધુ રસ આકર્ષિત કરશે. ૩૦ જાન્યુઆરીએ, મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સ સામે તેમની અંતિમ લીગ મેચ રમી હતી, જેમાં ૧૧ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. એલિમિનેટરમાં સ્થાન મેળવશે કે નહીં તે દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ સામેની તેમની મેચોના પરિણામ પર નિર્ભર રહેશે. આ મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સ આશા રાખશે કે યુપી વોરિયર્સ જીતશે, પરંતુ માર્જિન ખૂબ મોટું નથી, જેથી તેઓ એલિમિનેટરમાં સ્થાન મેળવી શકે.

હરમનપ્રીત કૌરની કેપ્ટનશીપ હેઠળ મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત જાયન્ટ્સ સામે ૧૬૮ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ લક્ષ્યનો પીછો કરતા, તેઓ ૨૦ ઓવરમાં માત્ર ૧૫૬ રન જ બનાવી શક્યા, જેમાં ૧૧ રનથી હારનો સામનો કરવો પડ્યો. કેપ્ટન હરમનપ્રીત કૌરે મુંબઈ ઈન્ડિયન્સને વિજય તરફ દોરી જવા માટે ખૂબ પ્રયાસ કર્યો, જેમાં ૪૮ બોલમાં અણનમ ૮૨ રનનો સમાવેશ થાય છે, પરંતુ અંતે, તેણી નિરાશ થઈ. આ મેચ હારવા છતાં, મુંબઈ ઈન્ડિયન્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે, ૮ મેચમાંથી ૬ પોઈન્ટ અને ૦.૦૫૯ ના નેટ રન રેટ સાથે.

મુંબઈ ઈન્ડિયન્સની હારથી હવે દિલ્હી કેપિટલ્સ અને યુપી વોરિયર્સ બંને માટે એલિમિનેટર માટે ક્વોલિફાય થવાનો દરવાજો ખુલ્લો છે. દિલ્હી કેપિટલ્સ થોડી મજબૂત સ્થિતિમાં હોય તેવું લાગે છે, યુપી વોરિયર્સ સામે માત્ર એક જીત સાથે એલિમિનેટરમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધું છે. જો કે, જો યુપી વોરિયર્સ જીતે છે, તો તેમના નબળા નેટ રન રેટને કારણે તેમને નોંધપાત્ર માર્જિનથી જીત મેળવવી પડશે. દિલ્હી કેપિટલ્સ પાસે હાલમાં ૭ મેચમાંથી ૬ પોઈન્ટ છે, જેનો નેટ રન રેટ -૦.૧૬૪ છે. યુપી વોરિયર્સ પાસે ૭ મેચમાંથી ફક્ત ૪ પોઈન્ટ છે અને તેનો નેટ રન રેટ -૧.૧૪૬ છે.

બેલ્જિયમ અને ચીની જોડીએ અન્ના ડેનિલિના અને એલેક્ઝાન્ડ્રાને ફાઇનલમાં હરાવી

# એલિસ મર્ટેન્સ અને ઝાંગ શુઆઈએ મહિલા ડબલ્સનો ઓસ્ટ્રિલયા ઓપન ખિતાબ જીત્યો



એલિસ મર્ટેન્સ અને ઝાંગ શુઆઈએ શાનદાર પ્રદર્શન સાથે ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૬ માં મહિલા ડબલ્સનો ખિતાબ જીત્યો. અનુભવી બેલ્જિયમ અને ચીની જોડીએ ૭-૬(૪), ૬-૪ થી નજીકની લડાઈની ફાઈનલમાં અન્ના ડેનિલિના અને એલેક્ઝાન્ડ્રા ક્રુનિકને હરાવ્યા. ફાઈનલમાં, ચોથી ક્રમાંકિત મેર્ટેન્સ-ઝાંગ જોડીએ પ્રથમ સેટમાં ૪-૧ થી પાછળ રહીને ટાઈબ્રેકમાં સેટ જીત્યો. તેઓએ બીજા સેટમાં ૫-૦ થી લીડ મેળવી. જોકે સાતમી ક્રમાંકિત ડેનિલિના-ક્રુનિક જોડીએ પુનરાગમન કરવાનો પ્રયાસ કર્યો અને ૫-૨ ના સ્કોર પર બે ચેમ્પિયનશિપ પોઈન્ટ બચાવ્યા, મેર્ટેન્સ અને ઝાંગ આખરે જીત્યા. મેર્ટેન્સ અને ઝાંગે છેલ્લે ૨૦૨૨ માં વિમ્બલ્ડનમાં સાથે ગ્રાન્ડ સ્લેમ રમ્યો હતો. લાંબા વિરામ પછી ઓસ્ટ્રેલિયન ઓપનમાં ફરી એક થયા, આ જોડીએ ઉત્તમ સંકલન દર્શાવ્યું અને ટાઈટલ જીત્યું.આ જીત સાથે, મર્ટેન્સના ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટાઈટલ છ પર પહોંચી ગયા, જેમાંથી ત્રણ ઓસ્ટ્રેલિયામાં જીત્યા હતા. ઝાંગ શુઆઈ પાસે હવે ત્રણ ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટ્રોફી છે. અગાઉ, ઝાંગે ૨૦૧૯ ઓસ્ટ્રેલિયન ઓપન અને ૨૦૨૧ યુએસ ઓપનમાં સમન્થા સ્ટોસુર સાથે મહિલા ડબલ્સ ટાઈટલ જીત્યું હતું.મર્ટન્સ અને ઝાંગે છેલ્લે ૨૦૨૨ માં વિમ્બલ્ડનમાં સાથે ગ્રાન્ડ સ્લેમ રમ્યો હતો. લાંબા વિરામ પછી ઓસ્ટ્રેલિયન ઓપનમાં ફરી એક થયા પછી, આ જોડીએ ઉત્તમ સંકલન દર્શાવ્યું અને ટાઈટલ જીત્યું. હોમટાઉન વાઈલ્ડકાર્ડ્સ જેસન કુબલર અને માર્ક પોલમેન્સ પુરુષોના ડબલ્સમાં ફાઈનલમાં પહોંચવા માટે તૈયાર છે. મિક્સ ડબલ્સમાં, ઓસ્ટ્રેલિયન જોડી ઓલિવિયા ગેડેકી અને જોન પીઅર્સે સતત બીજું ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો.

૬૩મા ક્રમાંકિત દેવિકાએ વિશ્વની ૧૬મા ક્રમાંકિત ખેલાડી સુપાનિદા કાટેથોંગને સીધી રમતોમાં

# થાઇલેન્ડ માસ્ટર્સ ૨૦૨૬ બેડમિન્ટનઃ દેવિકા સિહાગે ટોપ સીડને હરાવીને સેમિફાઇનલમાં



ભારતની દેવિકા સિહાગે પટુમવાનમાં થાઈલેન્ડ માસ્ટર્સ ૨૦૨૬ મહિલા સિંગલ્સ બેડમિન્ટન ઈવેન્ટના ક્વાર્ટર ફાઈનલમાં ટોચની ક્રમાંકિત અને સ્થાનિક સ્ટાર સુપાનિદા કાટેથોંગને હરાવીને તેના કારકિર્દીની સૌથી મોટી જીત મેળવી. મહિલા સિંગલ્સ બેડમિન્ટન રેંક્રિંગમાં ૬૩મા ક્રમે રહેલી દેવિકા સિહાગે વિશ્વની ૧૬મા ક્રમની થાઈ શટલરને ૪૦ મિનિટમાં ૨૧-૧૯, ૨૧-૧૮થી હરાવી. આ વિજયથી દેવિકાને BWF સુપર ૩૦૦ કે તેથી વધુની ટુર્નામેન્ટમાં તેનો પ્રથમ સેમિફાઈનલ દેખાવ મળ્યો.૨૦૨૪ ની ભારતીય મહિલા સિંગલ્સ રાષ્ટ્રીય ચેમ્પિયન દેવિકા, શરૂઆતની રમતમાં ધીમી શરૂઆતથી સ્વસ્થ થઈ ગઈ. તે ૫-૦ થી પાછળ પડી ગઈ પરંતુ ગતિ બનાવતા પહેલા ૯-૯ થી બરાબરી પર પાછી ફરી. જોકે કેટેથોંગ - જેણે BWF વર્લ્ડ ટૂરમાં પીવી સિંધુને ચાર વખત હરાવી છે અને એશિયન ગેમ્સની મહિલા ટીમની બ્રોન્ઝ મેડલ વિજેતા છે - તેણે ૧૯-૧૯ થી જીત મેળવી હતી, દેવિકાએ બે સીધા પોઈન્ટ સાથે રમતનો અંત કર્યો. બીજી ગેમમાં પણ આવી જ રીત અપનાવવામાં આવી. ૫-૩થી પાછળ રહેલી દેવિકાએ જોરદાર પ્રતિક્રિયા આપી, સ્કોર ૬-૬ પર બરાબર કર્યો અને પછી ૧૦-૬ થી આગળ વધી ગઈ. કેટેથોંગે બીજી રિકવરી કરીને સ્કોર ૧૩-૧૩ અને પછી ૧૭-૧૭ કર્યો, પરંતુ દેવિકાના ત્રણ પોઈન્ટના વિસ્ફોટથી સ્કોર ૨૦-૧૭ થયો અને અંતે વિજય થયો.ભારતીય બેડમિન્ટન ખેલાડી ફાઈનલમાં સ્થાન મેળવવા માટે પાંચમા ક્રમાંકિત ચાઈનીઝ તાઈપેઈના હુઆંગ યુ-હુસુનનો સામનો કરશે. દેવિકાએ ગયા વર્ષે ઓગસ્ટમાં મલેશિયા ઈન્ટરનેશનલ ચેલેન્જ - તેનો પહેલો ઈન્ટરનેશનલ ચેલેન્જ ટાઈટલ - જીત્યો હતો. તેણે ૨૦૨૪ માં સ્વીડિશ ઓપન અને પોર્ટુગલ ઈન્ટરનેશનલ ક્રાઉન પણ જીત્યા હતા.દિવસની શરૂઆતમાં, ઈશારાની બરુઆએ મલેશિયાની વોંગ લિંગ ચિંગ સામે એક કલાકથી વધુ સમય સુધી મુકાબલો કર્યો અને પછી ૧૮-૨૧, ૨૧-૧૬, ૨૧-૧૩થી હારી ગઈ. ઈશારાની પહેલી ગેમમાં ૧૨-૬થી પાછળ હતી પરંતુ ત્રણ પોઈન્ટના રન સાથે રમત સમાપ્ત કરતા પહેલા ૧૮-૧૮થી બરાબરી પર આવી ગઈ. જોકે, મલેશિયન ખેલાડીએ આગામી બે રમતોના મુખ્ય પાસાઓનું નિર્દેશન કર્યું - બીજામાં ૫-૫ થી ૮-૫ સુધી, અને નિર્ણાયક ગેમમાં આઠ પોઈન્ટના ઉછાળા સાથે ૧૨-૧૨ના મડાગાંઠને તોડીને - જીત પૂર્ણ કરી.

વર્લ્ડ એથ્લેટિક્સ બ્રોન્ઝ મીટ, ડીલોસ ડોડ્સ ઇન્વિટેશનલમાં ૨.૨૬ મીટરના શ્રેષ્ઠ હાઇ

# તેજસ્વિન શંકરે ઓલિમ્પિક મેડલિસ્ટ શેલ્બી મેકઇવેનને તેના ઘરઆંગણે હરાવીને હાઈ જમ્પનો ખિતાબ જીત્યો



કેન્સાસ (યુએસએ) ના મેનહટનમાં વર્લ્ડ એથ્લેટિક્સ બ્રોન્ઝ મીટ, ડેલોસ ડોડ્સ ઈન્વિટેશનલ, તેજસ્વિન શંકરે પેરિસ ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા શેલ્બી મેકઈવેનને હરાવીને જીત મેળવી. શંકરે શાનદાર પ્રદર્શન કર્યું, તેણે ૨.૨૬ મીટર સુધીના પહેલા પ્રયાસમાં બધા જ ગુણ પાર કર્યા, અને પોતાના મનપસંદ શેલ્બીને પાછળ છોડી દીધો, જે ૨.૨૬ મીટરના ત્રણેય પ્રયાસોમાં નિષ્ફળ રહ્યા બાદ ૨.૨૨ મીટરના અંતરે બીજા સ્થાને રહ્યો. ફેબ્રુઆરી ૨૦૨૩ પછી શંકરનો આ શ્રેષ્ઠ પ્રયાસ હતો, જ્યારે તેણે બોસ્ટનમાં ૨.૨૬ મીટરના સમાન ચિહ્ન સાથે બીજો ઈન્ડોર હાઈ જમ્પ ટાઈટલ જીત્યો હતો. તેણે ૨.૨૯ મીટરના પોતાના હાઈ જમ્પ રાષ્ટ્રીય રેકોર્ડને સુધારવાનો પ્રયાસ કર્યો, પરંતુ ૨.૩૦ મીટરના તેના ત્રણ પ્રયાસોને રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગયો, જેના કારણે તેણે ઈવેન્ટમાં પોતાનો ગોલ્ડ મેડલ નિશ્ચિત કર્યો. આ બહુવિધ રાષ્ટ્રીય રેકોર્ડ ધારક માટે ઊંચા કૂદમાં વર્ષની પ્રથમ ટુર્નામેન્ટ હતી.